એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૭ ● અંક : ૫

જૂન' ૧૨ - જુલાઈ'૧૨

**મુખ્ય તંત્રી**

હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯

કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**વ્યવસ્થાપક સમિતિ**

***ચેરમેન***

મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

***માનદ્ સંયોજક***

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

***મુદ્રણ આયોજન***

સૂર્યકાંત સોની ૯૬૮૭૦ ૭૫૬૩૩

***વેબસાઈટ***

ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

***નાણાકીય આયોજન***

કનુભાઈ બીજલાણી ૯૨૭૬૮ ૪૦૯૧૩

(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)

**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**

● **અમદાવાદ**

ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩

● **ભુજ**

ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫

વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪

(રૂલપ્રેસવાળા)

● **અંજાર**

અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**

પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫

(ઉદય સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**

હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

**માનદ્ સંયોજક (ભુજ)**

શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩

સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**

અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** રાજેન્દ્ર સોની

ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮

**વેબ સાઈટ :** www.gnyatisetu.com

**ઈ-મેલ :** editor@gnyatisetu.com

છુટક કિંમત રૂા. ૨૦/-

ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી

હાલે ભારતની અડધો અડધ વસ્તી યુવાનીને ઉંબરે ઉભી છે. એમાંની અડધાથી વધુ વસ્તી પાસે વિવિધ ક્ષેત્રોનું આધુનિક ઉચ્ચ શિક્ષણ પણ છે. અને બાકીની અડધી વસ્તીના મોટા ભાગનો યુવાન વર્ગ કોઈને કોઈ સ્તરે નાની મોટી તાલીમ મેળવેલો છે. છેલ્લી અડધી સદી દરમ્યાન ભારતમાં, કૃષિ ઉદ્યોગ તેમજ અન્ય ક્ષેત્રે હરણફાળ પ્રગતિ થઈ છે. કચ્છને પણ, ખાસ કરીને ૨૦૦૧ના ભૂકંપ બાદ આ વિકાસનો મહત્તમ લાભ મળ્યો છે.

ઈ.સ. ૨૦૦૭ માં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં જાહેર થયા મુજબ કચ્છમાં, સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન, પેટ્રોકેમીકલ્સ ઓટો અને સેરામીક્સ, એગ્રો અને ફૂડ પ્રોસેસીંગ, બાયો ટેકનોલોજી ઓઈલ અને ગેસ, પાવર, બંદર અને રસ્તા વિકાસ તેમજ પ્રવાસન ક્ષેત્રો મળીને ૯૩ કરોડથી વધુના મુડી રોકાણના કરારો થયેલા છે. આજે કચ્છની ધરતી નાના મોટા સેંકડો ઉધમોથી ધમધમે છે. બહુ મોટા ઉદ્યોગો ઉપરાંત છ હજારથી વધુ લઘુ એકમો પણ કચ્છમાં કાર્યરત થયા છે. આ ઉદ્યોગોમાં નોકરી ઉપરાંત એન્સીલીયરી ઉદ્યોગો અને સંદર્ભિત સેવાઓ માટે પણ વિપુલ તકો છે. કચ્છમાં પણ વિભિન્ન સ્તરે તાલીમ બદ્ધ યુવા વસ્તી છે. પરંતુ, એમાંના આપણી જ્ઞાતિના કેટલાને આ ઉદ્યોગોમાં યોગ્ય સ્થાન મળ્યું છે ? વિગતો નથી.

સામાન્ય અનુમાન એવું છે કે અહીં સ્થપાયેલા ઉદ્યોગોને ઓછા વેતને ભારતના અન્ય સ્થળોએથી આવતા ડીગ્રી મોટે ભાગે ડિપ્લોમા સર્ટીફિકેટ હોલ્ડર્સ મળી રહે છે. વધુમાં તેઓ દિવસમાં એક કરતાં વધુ શિફ્ટ કામ પણ કરે છે. એટલે કચ્છનો તાલીમબદ્ધ યુવાવર્ગ આ ઉદ્યોગોમાં નોકરી કરવાનું બહુ ઓછું પસંદ કરે છે.

અમેરિકામાં 'ઈન્ટેલ ફાઉન્ડેશન ફોર યંગ સાયંટીસ્ટ' નામની સંસ્થા છે, જે વિજ્ઞાનની મદદથી કોઈ નાના ઉદ્યોગ માટે યોગ્ય આલેખ તૈયાર કરે તેને એક લાખ ડોલરનું ઈનામ આપે છે. આપણે ત્યાં આવું પ્રોત્સાહક વાતાવરણ નથી. પરંતુ એવું વાતાવરણ તો ભારતમાં ક્યારેય નહોતું અને છતાંય **હુન્નર, હિકમત અને હિંમતવાળા લોકોએ** અનેકાનેક ઉદ્યમો વિકસાવ્યા છે. દેશી રજવાળાના એક નાનકડા નોકરીયાત રણછોડલાલ છોટાલાલે ૧૮૫૨માં શોષણખોર બ્રિટીશ સત્તાની ગુલામીમાં મીલ ઉદ્યોગનો પાયો નાખ્યો. ત્યારે એની પાસે વિત્ત ન હતું. છતાં માત્ર 'વિઝન' અને એને પામવા માટેનું મિશન હતું. આજના યુવા વર્ગ માટે કચ્છમાં વિકસતા ઉદ્યોગોમાં નોકરી શોધવા કરતાં, એ ઉદ્યોગોને અનુલક્ષીને કોઈ ઉદ્યમ વિષે વિચારવું અને એને મૂર્ત સ્વરૂપ આપવા, ધીરજપૂર્વક સતત સંઘર્ષ કરવો જરૂરી છે. ઈન્ડસ્ટ્રીયલ એક્સ્ટેન્સન બ્યુરો, ગાંધીનગર, વેબસાઈટ www.indehtb.com પરથી માહિતી અને માર્ગદર્શન મેળવી શકાય છે. આપણી ગળથૂથીમાં છે જરૂર છે. આ માટે માત્ર 'હામ'ની. મને વિશ્વાસ છે કે આજનો 'કમ્પ્યુટર સેવી' યુવાવર્ગ આ બાબતથી પૂરેપૂરો વાકેફ છે અને એ દીશામાં જ પ્રવૃત્ત છે.

**હંસરાજ કંસારા**

**મુખ્ય તંત્રી**

# ઈચ્છાઓનો અંત નથી....

**લતા કે હેડાઉ - નાગલપર**

આપણે બધાય સુખને ઝંખીએ છીએ પણ એ સુખ ક્યાં છે એની જાણ આજ સુધી કોઈ કહેતાં કોઇને મળી નથી. સૌને એમ છે કે જે પૈસાદાર છે તે સુખી છે જેને ત્યાં હીરા માણેક મોતી, રત્ન, સોનુ, રૂપું છે એ સુખીમાં સુખી છે પણ સુખ વિશેની આ માન્યતામાં સાચું સુખ નથી.

એક વેળાની વાત છે રાજા માનધાતા ને ત્યાં સાત દિવસ સુધી રત્નોનો વરસાદ વરસ્યો. એની સમૃદ્ધિનો તો કોઇ પાર ન રહ્યો. વળી એ તો મોટા દેશનો રાજા હતો પણ કોણ જાણે એના મનમાં શું હતું કે એને સુખ ક્યાંય સાંપડે નહિં.

એટલે એક વખત એણે દેવોના સ્વામિને પૂછ્યું, ''હે, મહારાજ ! મારી સમૃદ્ધિ ને રાજ ભૂમિનો પાર નથી પણ કોણ જાણે શું છે મનમાં હજી સુખ નથી તો તમારા ધ્યાનમાં કોઈ એવો દેશ છે જ્યાં જઈને હું રહું અને મને સુખ મળે.''

દેવતાઓના સ્વામિનું નામ 'દિવૌક્સ' હતું. તેણે કહ્યું, ''મહારાજ, એક આવો દેશ છે. એની એક ખૂબી છે ત્યાં શિયાળા ઉનાળાનું નામ નથી. જ્યારે જુઓ ત્યારે ધરતીમાં વસંતઋતુ જ હોય, હવામાં સુગંધ પ્રસરેલી હોય. નદીઓ ભરપૂર વહેતી હોય. જે વનસ્પતિ વાવો તે ઉગે. પણ એ સ્થળ અહીંથી ચારસો કોશ દૂર છે. તમારે ત્યાં જવું પડે.''

'ખરેખર ?' માનધાતા રાજાને આશ્ચર્ય થયું.

''હા, ખરેખર. તમે ત્યાં જઈને ખાત્રી કરી લ્યો.'' દિવૌક્સે કહ્યું.

રાજા માનધાતા એના રથમાં બેસીને ત્યાં જવા નીકળ્યો. સાથે સૈન્ય અને સુવર્ણ પણ લઈ ગયો. એ પોતે ઘણો બળવાન હતો. તેથી કોઈ તેની સામે થયું નહિ. એ ત્યાંનો રાજા બની ગયો. થોડા વર્ષો તો એને ત્યાં ખૂબ મજા પડી. ત્યાંની ધરતી ઘણી ફળદ્રુપ હતી. ચોમેર હરિયાળી વનરાજી, સુંદર મજાના રંગબેરંગી ફૂલ રસદાર ફળ અને ઘટાદાર વૃક્ષો હતાં, શિયાળાની ઠંડી ન લાગે, ઉનાળાનો તાપ ન લાગે, ચોમાસામાં કાદવ ન નડે. પણ રોજનું રોજ એવું ને એવું દૃશ્ય જોઈ રાજા કંટાળી ગયો. ફરી એ દેવતાઓના રાજા દિવૌક્સ પાસે ગયો અને કહેવા લાગ્યો.

''તમે કહી એ જમીન તો મેં જીતી લીધી. બહુ સરસ છે. ત્યાં હંમેશા વસંતઋતુ છે. પરંતુ, રોજનું રોજ એનું એજ દૃશ્ય જોઈ મને હવે ત્યાં ગમતું નથી. બીજી કોઈ એવી ધરતી બતાવો જ્યાં મારું મન ધરાઈને કાયમી સુખ અનુભવે.''

દેવતાઓના રાજા દિવૌક્સે હસીને કહ્યું, ''એવી ધરતી પણ છે. કેમ ન હોય ! અહીંથી સો કોશ દૂર એવું એક સ્થળ છે. ત્યાં તમને માત્ર એક જ ઋતુનો કંટાળો નહિ આવે વધુમાં ત્યાં તો બારેમાસ સુગંધીદાર ચાંદની રેલાય છે.

માનધાતા રાજા તો ત્યાં જવા તૈયાર થયો. સાથે સૈન્યને લીધું. હાથી, ઘોડા બધું લઈને જવા નીકળ્યો. એ ભૂમિ જોઈને તો એ ખૂબ રાજી થયો. મન ઈચ્છે એવા સુખ ત્યાં ઢગલાબંધ મળે. ઋતુઓમાં પણ એક દિવસમાં ત્રણ બદલાય. રાત્રે આછી ચાંદની આવે. અંધારિયાનું નામ નિશાન ન મળે. ધાર્યા ફળ-ફળાદિના ઢગલા થાય. રાજા તો ખુશ ખુશ થઈ ગયો. થોડા વર્ષો તો ક્યા ગયા તેની એને ખબર ન પડી.

પણ વળી એને કંટાળો આવ્યો. મનમાં થયું કે આ ભૂમિ આમ તો ઘણી સારી છે. પણ એથી વધારે સુખ સગવડ હોય એવી ભૂમિ શું ક્યાંય નહિં હોય ? પાછો રાજા દિવૌક્સ પાસે આવ્યો એણે કહ્યું, ''તમે જે ભૂમિ મને બતાવી હતી તેમાં તો ઘણી મજા છે. પણ એનાથીયે હું ધરાઈ ગયો છું.''

દિવૌક્સ તો રાજાની પરીક્ષા લઈ રહ્યો હતો. એણે રાજાને કહ્યું ''અરે હોય કાંઈ, મહારાજ ! એનાથીયે સરસ ભૂમિ એક ઠેકાણે છે. એ ભૂમિનું નામ છે. 'કલ્પભૂમિ'.''

કલ્પભૂમિ ? એ વળી શું ? માનધાતા રાજાએ પૂછ્યું, દિવૌક્સે કહ્યું કે બીજી બધી ભૂમિમાં તો ફળફળાદિ મળતા હતા. ઋતુઓના આનંદ હતા. પણ આ કલ્પભૂમિમાં તો કલ્પતરુઓ થાય છે. એની એક ખૂબીએ છે કે તમે એ વૃક્ષ નીચે બેસીને મનમાં જે ઈચ્છો તે થાય. ઈચ્છો કે તડકો આવે તો તડકો આવે, તમે ઈચ્છો કે ઠંડી થાય તો થાય. તમે ઈચ્છો કે વરસાદ આવે તો વરસાદ આવે. તમે જે કંઈ ઈચ્છો તમને તે તરત મળે.

ત્યારે માનધાતા રાજાએ કહ્યું, આવા કલ્પવૃક્ષો હશે, ત્યાં તો ચોક્કસ મને સારું લાગશે.''

''આ સીધા પૂર્વ દિશામાં પચાસ જોજન જઈને ઊભા રહેશો કે તરત જ કલ્પભૂમિ તમારી સમક્ષ થશે.'' દિવૌક્સે કહ્યું.

રાજા માનધાતા તો એકદમ ખુશ ખુશ થઈ ગયો એને થયું કે બસ, હવે એ દેશમાંથી બીજે ક્યાંય જવું નહિ પડે એ તો સીધો કલ્પભૂમિમાં પહોંચી ગયો. આ સ્થળે તો એને માત્ર વસ્તુને મનમાં ઈચ્છવી રહી. દરેકે દરેક વસ્તુ હાજર. રાજા તો આ ચમત્કારથી રાજી રાજી થઈ ગયો. એના થોડા વર્ષો તો આનંદમાં વીતી ગયા. પણ પછી એને થયું, ''આ તે કેવી ભૂમિ ! બધુ મળે ! અરે. ન હાથ હલાવવા પડે, ન પગ. ન કોઈ ને હુકમ કરવો પડે. બસ ઈચ્છવું... અને

જે ઈચ્છો તે હાજર. એમાં શું મજા ?''

રાજા આવી હાલતથી કંટાળી ગયો એ તો પાછો ઉપડ્યો દેવતા દિવૌક્સ પાસે.

''કેમ છો મહારાજ ! હવે વળી શું કામ પડ્યું ? હવે તો મને થયું કે તમે તો બહુ ખુશ હશો. તમને તો જે વસ્તુ ઈચ્છો છો તે બધુ મળે છે !''

માનધાતા એ કહ્યું, ''એ જ તો દુઃખ છે, મહારાજ. હવે તો મને એવું કંઈક બતાવો કે મારું મન ઈચ્છા કરતું બંધ થાય ?''

ત્યારે દિવૌક્સ દેવતા એ કહ્યું, ''હવે તમે સાચું સમજ્યા. જે ઈચ્છો તે તમને મળે એનું નામ સુખ નથી. અને એમાં સુખ છે પણ નહિં. સુખ તો ત્યારે મળે જ્યારે તમારી પાસે એવું મન હોય જે મન કંઈ ઈચ્છે જ નહિ. જગતમાં કાંઈ પણ મળે તોય રાજી અને ન મળે તોય રાજી રહેવું એનું નામ જ સાચું સુખ.''

દિવૌક્સની વાત સાંભળીને રાજા માનધાતા સમજી ગયો કે માનવોની ઈચ્છા તો અનંત છે. એની પાછળ દોડનારાઓને પાર કોઈ દિ નહિ એના. ઈચ્છાઓને પાછળ મૂકી દેનારો જ સુખ મેળવી શકે છે.

કોઈ કવિ એ સાચું જ કહ્યું છે કે,

ઈચ્છાઓ છે અનંતની,<br>
પૂરી નથી થવાની<br>
દેખાય છે આ દુનિયા માંહે દુઃખી થવાની.<br>
જેમ ઈશ્વર રાખે તેમ રહેવામાં જ આનંદ છે.

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

જય માતાજી સાથે જણાવવાનું કે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ દ્વારા આયોજીત ૨૭માં સમૂહ લગ્ન તા. ૧૦-૧૨-૨૦૧૨, સોમવાર, કારતક વદ-૧૨ના શુભ દિવસે યોજવામાં આવશે. પ્રવેશ ફોર્મ તા. ૧૬-૧૦-૨૦૧૨, પ્રથમ નોરતાથી, જ્ઞાતિ ટ્રસ્ટની ઓફિસેથી આપવામાં આવશે. જે તા. ૫-૧૧-૨૦૧૨ સુધી સ્વીકારવામાં આવશે. ત્યારપછી કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં.

'સમૂહ લગ્ન કાયમી ફંડ' સધ્ધર બનાવવા માટે છેલ્લા બે વર્ષથી એક સ્કીમ અમલમાં મુકવામાં આવી છે. જેને દેશભરમાંથી સારો એવો પ્રતિસાદ મળી રહ્યો છે. આ વર્ષે થોડા સુધારા વધારા સાથે નીચે મુજબની સ્કીમ રજુ કરવામાં આવી છે. જેની 'સેતુ'ના માધ્યમથી દેશભરના જ્ઞાતિજનોને અપીલ કરવામાં આવે છે કે આપના તરફથી 'સમૂહ લગ્ન કાયમી ફંડ'ને સધ્ધર બનાવવા આર્થિક સહયોગ આપો. આશા છે કે દેશભરના જ્ઞાતિજનો તરફથી પુરતો સહકાર મળી રહેશે.

**સ્કીમ :**

૧. સંપૂર્ણ ખર્ચ આપનાર દાતાશ્રીનું યોગ્ય ઈલકાબ સાથે સન્માન અને મુમેન્ટો. (અંદાજીત ખર્ચ ૭ થી ૮ લાખ)

૨. ભોજન ખર્ચ આપનાર દાતાશ્રીનું યોગ્ય ઈલકાબ સાથે સન્માન અને મુમેન્ટો. (અંદાજીત ખર્ચ ૩॥ થી ૪ લાખ)

૩. મંડપ ખર્ચ આપનાર દાતાશ્રીનું જાહેર સન્માન તથા મુમેન્ટો. (અંદાજીત ખર્ચ ૧॥ લાખ)

૪. ધાર્મિક ખર્ચ આપનાર દાતાશ્રીનું જાહેર સન્માન અને મુમેન્ટો. (અંદાજીત ખર્ચ ૪૦ હજાર)

૫. જાહેરાત ખર્ચ આપનાર દાતાશ્રીનું જાહેર સન્માન મુમેન્ટો. (અંદાજીત ખર્ચ ૩૦ હજાર)

૬. કંકોત્રી ખર્ચ આપનાર દાતાશ્રીનું જાહેર સન્માન અને મુમેન્ટો. (અંદાજીત ખર્ચ ૩૦ હજાર)

૭. પ્રોગ્રામ ખર્ચ આપનાર દાતાશ્રીનું જાહેર સન્માન અને મુમેન્ટો. (અંદાજીત ખર્ચ ૫૦ હજાર)

૮. ભેટ સોગાદ, સન્માન ખર્ચ આપનાર દાતાશ્રીનું જાહેર સન્માન અને મુમેન્ટો. (અંદાજીત ખર્ચ ૫૦ હજાર)

૯. કંકોત્રીમાં ફોટા આપવાના રૂા. ૧૧,૦૦૦/-

૧૦. કંકોત્રીમાં નામ આપવાના રૂા. ૫,૦૦૦/-

૧૧. સ્થળ ઉપર સ્ટોલ રૂા. ૨,૫૦૦/- (૧૫' × ૧૫') જ્ઞાતિજનો માટે

૧૨. સ્થળ ઉપર સ્ટોલ રૂા. ૫,૦૦૦/- (૧૫' × ૧૫') ઈતર જ્ઞાતિજનો માટે

૧૩. લગ્ન સ્થળ ઉપર શુભેચ્છા જાહેરાતના બેનરના રૂા. ૧,૦૦૦/- (૨' × ૫')

૧૪. આપની ઈચ્છા અનુસાર 'સમૂહ લગ્ન કાયમી ફંડ' માં દાન આપી શકો છો.

# ચેતન અને અચેતન મન

હીરાલાલ સોની - ગાંધીધામ

આપણું અચેતન મનને Limit less છે. કલ્પનાએ વિચારની પુત્રી છે. કલ્પના ઉદ્‌ભવતી, વિસ્તરવી અને ચરિતાર્થ થવી એ એક પ્રક્રિયા છે અને તેના બીજ અચેતન મનમાં રોપાય છે, પાંગરે છે અને ત્યાંથી જ પ્રસરે છે. ચેતન મન સાક્ષીભાવે એને જુએ છે અને સંજોગો નિર્માણ કરી તેને કાર્યાન્વિત કરવા પ્રયત્ન કરે છે.

આ પ્રક્રિયા જ્યારે ચાલે છે ત્યારે ચેતન મન, અચેતન મને નિર્દેશ કરે છે, આ નિર્દેશનનો તબક્કો બહુ નાજુક હોય છે. ચેતન મન કલ્પનાને સાકાર સ્વરૂપ આપવા અચેતન મનને કેવા નિર્દેશ આપે છે તેજ વ્યક્તિને તેના કોઈપણ ક્ષેત્રમાં સફળ / નિષ્ફળ થવા માટે કારણભૂત બને છે.

ચેતન મનના નિર્દેશો જે હકારાત્મક (Positive) હશે તો કલ્પના સફળ રીતે કાર્યા વિના થશે અને ઝડપથી થશે. તે જ વખતે જોતે નકારાત્મક (Nagative) હશે તો અન્ય સંજોગોના સાથ હોવા છતાં જોઈએ તેટલી ઝડપે કાર્યાન્વિત નહીં થાય અથવા કાર્યાન્વિત થતાં જ રહી જશે. પાંગરશે જ નહિ.

દા.ત. હું બિમાર પડ્યો. સાજા થઈ જવાની મારી કલ્પનાને કાર્યાન્વિત કરવા મારા ચેતન મને અચેતન મનને 'you remove my illness' નિર્દેશ્યો. અહીં illness અચેતન મનની સપાટીએ incorporate થતો જ રહેશે. પરિણામે એ nagative થઈ, દવા, ડોક્ટર, પૌષ્ટિક (એટલે કે પથ્ય) આહારના સંજોગો સાનુકુળ હોવા છતાં ધારી ઝડપ થશે નહિં. પરંતુ તે જ વખતે જો ચેતન મન તેનો અભિગમ બદલી (અથવા શરૂથી જ) possitive attitude અપનાવે અને નિર્દેશે કે 'you provide me heath' તો અચેતન મન કે જે limitless છે તે ઝડપથી સારું પરિણામ લાવવા કાર્યાવિન્ત થશે.

યોગીઓ, તજજ્ઞો, ડોક્ટરો વિગેરે વિગેરે જે કોઈએ જે ક્ષેત્રમાં સિદ્ધિ હાંસલ કરી હશે તેની પાસે પોતાની કલ્પનાને ચરિતાર્થ કરવા કોઈ ચોક્કસ રસ્તો (way) હશે તેમ જન સમાજ માને છે જેને બુદ્ધિમાન તરીકે ગણીને જન સમાજે તેમને, તેમની સિદ્ધિઓને સ્વીકારી લીધી. પરંતુ માત્ર બુદ્ધિ જ ન હોતા તેઓએ કલ્પના પકર્યા પછી તેને વિસ્તારવા અને ચરિતાર્થ કરવા knowingly જ unknowingly (જાણતા કે અજાણતા) કલ્પનાના મૂળને, ઉદ્‌ગમસ્થાન અચેતન મનને positive approch કર્યો જ હોવો જોઈએ.

## પ્રતિભાવ

વિચારોનું મહત્વ ત્યારે જ છે જ્યારે તેનો અમલ થાય...

જ્ઞાતિસેતુ - એપ્રિલ-મે-૨૦૧૨નું તંત્રીસ્થાનેથી લખાયેલ લેખ જ્ઞાતિમંડળો માટે સામુહિક વિચાર માંગી લે છે. આ સંદર્ભમાં હાલમાં જ સમસ્ત કંસારા સમાજને ઉદ્દેશીને ફેઈસબુક ઉપર મુકેલ થોડી લાઈનો અહિં મોકલાવું છું.

સમસ્ત કંસારા સમાજ...

હાઈસ્કુલ અને કોલેજના વિદ્યાર્થી મિત્રો,

સમાજના મંડળો પોતાના ક્ષેત્રમાં વિચારી શકે અને વિદ્યાર્થીઓની પ્રોજેક્ટ ટીમ બનાવી આયોજન કરી શકે.

આપણા સમાજમાં ગરીબી રેખા નીચે આવતા લોકો કેટલા ? (ગરીબી રેખાથી ઉપર જવા માટે, સરકારી ધોરણે રોજની માથાદીઠ આવક રૂ. ૨૧.૬૦ (શહેરમાં) અને ૧૪.૩૦ થી વધારે (ગામડામાં) હોવી જોઈએ.) મતલબ પાંચ જણનું કુટુંબ હોય અને શહેરમાં રહેતું હોય તો તેના કુટુંબની માસિક આવક રૂ. ૩૨૪૦-૦૦ થી વધારે હોય તો તે ગરીબી રેખાથી ઉપર જીવે છે તેમ કહેવાય.

આવા પ્રોજેક્ટ મારફત મળેલ માહિતીનો ઉપયોગ કોઈપણ કારણસર પાછળ રહી ગયેલ કુટુંબો તરફ સહાનુભૂતિ નહિ પણ સમાનુભૂતિ દર્શાવી મંડળના માધ્યમ દ્વારા ઘટતું કરી શકા... કોઈ સહકારી ધોરણે ઉદ્યોગ ઉભો કરી શકાય, કે જરૂર જણાય તો આર્થિક મદદ પણ યોગ્યતાના ધોરણે કરી શકાય. આ માટે તાત્કાલિક નિર્ણય લઈ શકે તેવી સમિતી બનાવી શકાય. આવું કામ બહેનોના મંડળો - મહિલા મંડળો વધારે સારી રીતે કરી શકતા હોય છે. લિજ્જત પાપડ તેનો જીવતો જાગતો દાખલો છે.

આપના તંત્રીલેખના વિચારોથી પ્રેરાઈને ઘણા સમયથી અંતરમાં ધરબાયેલ 'વિચારોનું મહત્વ ત્યારે જ છે' વાક્ય અંદર ની ધરતી ફાડીને બહાર આવી ગયેલ છે...

— તુલસી કંસારા

(લ.તા.૧૫-૬-૧૨)

# મોંઘીદાટ ... મોઘવારી અને મધ્યમવર્ગ

મીતા સોલંકી - ભુજ

***તંત્રીસ્થાનેથી શ્રી હંસરાજભાઈ કંસારાનો લેખ વાંચીને આનંદ થયો કે સામાજીક લેવલનો આ મુદ્દો સૌ કોઈને સ્પર્શતી બાબત છે. આજનો મારો આ લેખ તેનો જ થોડો અંશ છે. વધુ આવતા અંકે.. મળીશું...***

આજે આપણે અમુક ચોક્કસ વર્ગને બાદ કરતાં સૌ કોઈને નડતી કનડતી મોંઘવારી સામે કેમ યુદ્ધે ચડવું એની ચર્ચા કરીશું ! એકબાજુ ઉપભોગ વાદ વકર્યો છે. તો બીજી બાજુ મધ્યમવર્ગ માટે ઘર ચલાવવું એ પડકાર બનીને સામે ઊભું રહ્યું છે. જીવનજરૂરી વસ્તુના ભાવવધારાએ આમ આદમીને આમ (આમ્) ખાવા જેવો નથી રાખ્યો.

ચંદ્રકાંત બક્ષીના એક આર્ટીકલમાં લખ્યું છે કે 'પૈસોએ તમારી છઠ્ઠી ઈન્દ્રિય છે' તેના વગર તમારી પાંચેય ઈન્દ્રિયો નબળી સાબિત થાય છે. આ વાત જેટલી ત્યારે સાચી હતી તેટલી જ અત્યારે પણ પણ સાચી લાગે છે ! લોકોને પેટ્રોલના ભાવવધારાની ચર્ચા કરવી, મોંઘવારીની ચર્ચા કરવી ખૂબ ગમે છે. પરંતુ આંકડા બતાવે છે કે ૨૦૦૨માં ભારતમાં ક્રુડ તેલના ભાવ કરતા અત્યારે આઠ ગણો ભાવ વધારો થયો છે. પરંતુ પેટ્રોલના વપરાશમાં ઉત્તરોત્તર વધારો જ થયો છે. તો શું લોકોને માત્ર મોંઘવારી વિશે બૂમાબૂમ કરવાની આદત પડી ગઈ છે, સીનેમા થીયેટર્સ, શોપીંગ - મોલ, સાયબર કાફે, હોટેલો, પર્યટન સ્થળોએ, ઉભરાતી ભીડ શું સૂચવે છે ? ક્યાંય મોંઘવારીની અસર દેખાતી નથી. બે-ત્રણ સીમકાર્ડ કે મોબાઈલ રાખવા તદ્દન સામાન્ય વસ્તુ થઈ ગઈ છે.

દુનિયાભરની બજારો તમારા ખીસ્સામાંથી પૈસા ખંખેરવા ખીચોખીચ ભરેલી છે. આકર્ષક ઓફરો, ડિસ્કાઉન્ટ, સેલ એક પર એક ફ્રી જેવી લલચામણી ઓફરો, તેમજ જાહેરાતોથી આવશ્યક ન હોય તો પણ જરૂરીયાત છે એમ સમજીને વસ્તુ ખરીદતી ગૃહિણીઓને જોઈને આશ્ચર્ય પણ થાય છે. આધુનિક માર્કેટીંગ ટેકનીક મહિલાઓની શોપિંગ સાઈકોલોજીનો લાભ લે છે. ખરીદી કરતાં પહેલાં બુધ્ધિ વાપરો પછી ખરીદો. આજકાલ ક્રેડિટ કાર્ડ પર શોપીંગ થતું જોવા મળે છે. પરિણામે અનેક બીનજરૂરી વસ્તુઓ ઘરમાં ઠલવાય છે. દેખાદેખી ખર્ચ કરવા કરતાં પછેડી તેટલી સોડ તાણવાની અથવા પછેડી મોટી કરવાની આવડત કેટલા પરિવારો કેળવી શકે છે ?

થોડાક મુદ્દાઓને ટૂંકમાં જણાવું છું.

સૌ પ્રથમ ઘરનું મંથલી બજેટ બનાવી એના મુજબ ખર્ચ હોવું જરૂરી છે. જેથી બીનજરૂરી ખર્ચ પ્રત્યે સતર્ક રહેવાય.

ઘણા લોકો પૈસા ખર્ચ કરવાની બાબતમાં બેદરકાર હોય છે. આવા લોકોની આર્થિક અર્થવ્યવસ્થામાં ગડબડ રહે છે.

આર્થિક બાબતે ઘરમાં ઝઘડા થાય તો ચેતવું. કાંઈક ગરબડ છે. પરિવારને આર્થિક બાબતો વિષે વાકેફ રાખવું જરૂરી છે.

મર્યાદીત આવક ધરાવતા પરિવારો આપણે નાની બચત કરી શકીએ, જે આગળ જતાં મોટી મૂડીના સ્વરૂપમાં કામ આવે.

ઘણા લોકોને બચત કરવા અંગે યોગ્ય માર્ગદર્શન ન મળતાં જ્યાં ત્યાં જેવી તેવી જગ્યાએ કે જે તે સ્કીમમાં ભાગ લઈને બચત કરવાનું વિચારે છે અથવા તેમાં કમાઈ લેશું એવી લાલચ હોય છે. પણ આખરે અને ખરે ટાણે એ રોકાણ વેલકમ ટુ પ્રોબ્લેમ્સ ! સાબિત થાય છે. ઘણા લોકોને થોડા પૈસા બચાવવામાં રસ નથી હોતો. 'નાની બચત' શબ્દ ગમતો નથી મોટી બચત કરવાની ત્રેવડ નથી હોતી પરિણામે બચત ના નામે મીંડુ.

ખરેખર તો એવું કાંઈક ફાઈનાન્સીયલ પ્લાનીંગની જરૂર હોય છે જે જીવનભર કામ આવે. મ્યુચ્યલ ફંડ, ઈન્સ્યોરન્સ વગેરેમાં બચતનું રોકાણ કરવું હિતાવહ છે. તેનાથી ભવિષ્ય માટે સુરક્ષાની હૂંફ રહે છે. પરિવારનું ભવિષ્ય પણ થોડે ઘણે અંશે સુરક્ષીત બને છે. તેમજ મુસીબત ના સમયમાં આવી બચત કે ઈન્સ્યોરન્સ કામ આવે છે.

મોંઘવારીનું રાજકારણ સમજવું સામાન્ય માણસ માટે સહેલું નથી. પણ સારું ગણિત એ જ કે સામાન્ય માણસના ખીસ્સા ખંખેરાય ત્યારે કેટલાકની તિજોરી ભરાય છે. માટે મોંઘવારીનો સામનો કરવા મધ્યમવર્ગના લોકોએ પોતાની આવકના સ્રોત વધારવા પડશે. અને જો આવકમાં વૃદ્ધિ સંભવ ન હોય તો ખર્ચમાં ઘટાડો કરવો પડશે. અને **એ માટે આવશ્યક અને અનાવશ્યક ખર્ચ વચ્ચેનો તફાવત સમજી અનાવશ્યક ખર્ચ પર નિયંત્રણ કરવું પડશે.** કારણકે મોંઘવારી ક્યારેય ન ઘટતી વસ્તુ છે. હંમેશા ફુલ્યા જ કરે છે. તો ...લેટ'સ મેઈક એ પ્લાન એન્ડ એન્જોય લાઈફ...

***સુશ્રી મીતાબેને આવશ્યક અને દેખાદેખી કે માર્કેટીંગ ગીમિક્સથી અંજાઈને થતા અનાવશ્યક ખર્ચ પર ચુસ્ત નજર રાખવા 'મન્થલી બજેટ' સૂચવ્યું છે. સાથે નાની બચતની પણ ઉપયોગીતા સમજાવી છે. આશા છે, અન્ય સુજ્ઞ વાંચકો, 'મોંઘવારી' અંગે એમના વિચારો - સૂચનો મોકલશે. — મુખ્યતંત્રી***

# દીકરી - અનમોલ રતન

ઈન્દુમતી અરૂણકુમાર કંસારા - કલોલ

દીકરી નાની હોય કે મોટી હોય કે.જી.માં ભણતી હોય કે કોલેજમાં, કુમારિકા હોય કે વિવાહીત, દીકરી સદાય દીકરી જ રહે છે. મા-બાપ માટે બાળપણમાં બિન્દાસ દીકરી ભલે બાપ સામે ચબચબ બોલતી હોય, માનું માન રાખતી ન હોય, ભાઈને ભાળ્યો મુકતી ન હોય, બહેનો હારે બથોબથ આવતી હોય અને શેરીમાં છીપરા ઉડાડતી હોય. પરંતુ યુવાનીને ઉંબરે પહોંચતા જ એ ગંભીરતા ધારણ કરી લે છે. લગ્ન વખતે પીઠી ચોળી આમ તેમ સહેલી સાથે મહાલતી આનંદ માણતી હોય, હજી પરણેતરની જાન આવવાને થોડી વાર હોય ત્યારે, જ્યારે ગામમાં કે શેરીમાં જાન આવે છે ત્યારે નાના ટાબરિયા આનંદમાં આવી જઈ બુમો પાડે કે એ ... જાન આવી ગઈ, જાન આવી ગઈ.. આ શબ્દો જ્યારે પીઠી ચોળેલ કન્યાના કાને પડે છે ત્યારે તમામ સહેલીનો સંગાથ આનંદ એક બાજુ મેલીને જ્યાં ગણેશ બેસાડ્યા છે, ત્યાં બેસી જાય છે.

હવે મારે આ ઘરનો માંડવો છોડવાનો સમય આવી ગયો. મારા પિતાની છત્ર છાયા જેવો આ વહાલનો વડલો છોડીને આજે પારકાને પોતાના કરવા જવાનો સમય થઈ ગયો. જે ઘરમાં ઢીંગલીથી રમતી હતી. સમય પસાર થઈ ગયો ?

આમ જાન પરણી ને પોતાના ગામ જાય છે. દીકરી પિયરીયાના છેલ્લા ઝાડવા જોઈ લે છે, મા-બાપ, ભાઈ-બહેન, સહેલી, કુટુંબ પરિવાર મુકીને સાસરે જાય છે.

શ્વસુર ગૃહે કન્યા એના પિયરીયાંના તમામ સંભારણાને પોતાના હૃદયમાં એક ખૂણામાં ધરબી દે છે. સાસરીયાવાળા કે ગામ વાળા પૂછે કે વહુ કરિયાવરમાં શું શું લાવ્યા ? કન્યાની લાગણીઓનો અહીંયા કોઈ જ વિચાર નથી કરતું. હકીકતમાં સાસરિયામાં આવતી દીકરી બાપને ઘરેથી શું શું લાવી એના કરતાં કેટલું બધું મૂકીને આવી છે. મા-બાપ ઘર બાર, પરિવાર, ગામ આ બધું મૂકીને આવી છે. આ વસ્તુનો જ્યારે સમાજ વિચાર કરશે ત્યારે જ પરિવારો સ્નેહની સુગંધે મહેકશે.

નવી વહુનું સાસરિયામાં આવવું એ નવા બાળકનો જન્મ થવા જેવું છે. બાળક જ્યાં સુધી માના ઉદરમાં હતું એને કોઈ કષ્ટ ન હતું. ખોરાક, હવા, પાણી વગેરે એની મા થકી જ એને મળતું હતું. કોઈ અવાજ ઘોંઘાટ નહીં, માના ઉદરમાં એને પૂર્ણ શાંતિ હતી. પરંતુ જ્યારે નવ મહિના બાદ એને બહાર આવવાનું થાય છે ત્યારે એને કષ્ટ થાય છે. હવે એને ખોરાક, હવા, પાણી જાતે લેતાં શીખવું પડશે. ચાલતાં - બોલતાં શીખવું પડશે. બસ આવું જ નવી આવેલી વહુ માટે છે જે અત્યાર સુધી પિતાના ઘરે હતી કોઈ ચિંતા ન હતી. હવે નવા ઘરમાં ચાલતા શીખવું પડે છે. સાસુ-સસરા કે પરિવારના સભ્યોને એનો ખ્યાલ રાખવાનોહોય છે. જેમ બાળકનો ઉછેર જે મહેનત જે પ્રેમ માંગી લે છે તેમ ઘરમાં આવેલી નવી વહુ આવો જ ઉછેર અને મહેનત માંગી લે છે.

દીકરીનો જન્મ થયા પછી પિતાને ત્રીજી અશ્રુભીની આંખ મળે છે જે એના દિલમાં હંમેશા છુપાયેલી રહે છે. પ્રકૃતિએ પુરુષ ને રડવા માટે આપેલી આ ત્રીજી આંખ જ્યારે રડે છે ત્યારે દીકરીને વિદાય આપતો ચોધાર આંસુડે રડતો બાપ રૂડો લાગે છે. ઘરમાં જુઓ તો પિતાનો ચહેરો સંતાનો માટે એક આધાર, એક વિશ્વાસ, એક આદેશ બની જાય છે. જ્યારે દિકરી માટે પિતાના ચહેરાની રેખાઓ એટલે લક્ષ્મણ રેખાઓ બની જાય છે. પિતાનો ચહેરો વાંચવામાં દીકરી જેટલી બીજી કોઈ વ્યક્તિ હોશિયાર નથી હોતી. દીકરી માટે પિતાના બોલ-શબ્દો વેદ બની જાય છે. પપ્પા શું બોલ્યા એ સમજ્યા પહેલાં જ દીકરીના હોઠમાંથી શબ્દો સરી પડે છે. હા, પપ્પા, એ આવી પપ્પા, આનું નામ દીકરી.

દીકરીના પિતાના હૃદયનો એક ધબકારો પોતાને જીવવા માટે છે જ્યારે બીજો ધબકારો દીકરીના કાયમી સુખ માટે ઝંખતો ધબકારો છે. દરેક દીકરી પોતાને પિતાની દિકરી, માને છે પપ્પાના હૈયાના સિંહાસન ઉપર પ્રેમનો અભિષેક જીલવા જીવનભર એક દીકરી પિતાની નજરે ઉચ્ચ જીવન જીવવા ઈચ્છે છે પપ્પાની નજરે ઊણી છે. એવું બતાવવા એ ક્યારેય નથી માંગતી.

તમે જોશો તો ખ્યાલ આવશે કે લગ્ન થયા પછી પોતાના સંતાનોના ઘેર હોય, ૮૦ વર્ષની ઉંમર હોય, શરીર ઘડપણની રેખાઓ હડિયા પાતું લેતી હોય, આવી માજીને કોઈ એકાએક પૂછે કે માજી તમે ફલાણાભાઈની દીકરી છો. તો તે ૮૦ વર્ષના માજી એટલા બધા રાજી રાજી થઈ જાય કે ના પૂછો વાત. કોઈ પણ દીકરીને પોતાના બાપને નામે ઓળખો તો તે રાજી રાજી થઈ જાય એનું નામ દીકરી. સાસરિયામાંથી અવારનવાર પિયરિયામાં આવતી દીકરી કંઈ લેવા નથી આવતી. પરંતુ પિતાની ખબર લેવા આવે છે. પપ્પાની શારીરિક આર્થિક સ્થિતિ જોવા આવે છે. એમને કંઈ તકલીફ તો નથી ને ? આમ અવારનવાર આવી પપ્પાની સ્થિતિ જોઈ ઘરના સભ્યોને સુચના પણ દેતી હોય છે કે, ''મમ્મી તું પપ્પાને હવે આદુવાળી ચા આપજે કફ રહે છે, એ ભાભી તમે પપ્પાને નહાવા માટે જરા માફકસરનું પાણી ગરમ આપજો. ભૈલા, તું પપ્પાની ખબર રાખજે હું તો અહિંયા નથી, તારા વિશ્વાસે જાઉં છું. જો જે એમને કોઈ વાતની ચિંતા ના કરાવતો.''

**અનુસંધાન પાના ૨૪ ઉપર**

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ અહેવાલ

**રોહીણી બી. બુદ્ધભટ્ટી (મંત્રી)**



ગત મે મહિનામાં બાળકો માટે સમરકેમ્પનું આયોજન કર્યું. જેમાં આશરે સાઠ (૬૦) બાળકોએ ભાગ લીધો હતો. દરરોજ બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ શીખવવામાં આવતી હતી. પ્રથમ દિવસે જ બાળકોને સેન્ડવીચ તેમજ લીંબુ શરબત જાતે બનાવવા આપવામાં આવ્યા હતા. બાળકોએ પોતાના માટે તેમજ મિત્રોને કઈ રીતે સ્વાગત કરવું વગેરે ટીપ્સ આપવામાં આવી હતી. બીજા દિવસે મકાઈના સૂકા પાંદડામાંથી ફૂલો બનાવતા શીખવવામાં આવ્યું હતું. ત્રીજે દિવસે બાળકોને 'પારલે-જી' કંપનીની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. ગ્રીટીંગ કાર્ડસ-કંકોત્રી વગેરેમાંથી બાળકોને મની કવર બનાવતા શીખવવામાં આવ્યું. તદ્ઉપરાંત ઈન્દિરાબેન યોગેશભાઈ સોલંકીએ એરોબિક્સ શીખવ્યું. રીંકુબેન બીજલાણી તેમજ અવની બુદ્ધભટ્ટીએ બાળકોને ક્રાફ્ટસમાં નિદર્શન આપ્યું હતું.

પ્રોજેક્ટ ચેરપર્સન તરીકે ખુશાલીબેન એસ. બુદ્ધભટ્ટી તેમજ ખ્યાતીબેન જે. બુદ્ધભટ્ટીએ સેવા આપી હતી.

સમરકેમ્પના સમાપને બાળકો એ સોલો ડાન્સ તેમજ ફેશન-શો રજૂ કરી પ્રેક્ષકોના મન મોહી લીધા હતા. જ્ઞાતિજનોએ પણ બહોળી સંખ્યામાં હાજર રહી બાળકો તેમજ મહિલામંડળના સભ્યોનો ઉત્સાહ વધાર્યો હતો.



સમગ્ર કાર્યક્રમ દરમ્યાન મહિલામંડળના સભ્યોએ જહેમત ઉઠાવી કાર્ય પાર પાડવામાં મદદરૂપ થયા હતા. દરરોજ બાળકોને મહિલામંડળના સભ્યો તેમજ મહિલા મંડળ તરફથી વિવિધ નાસ્તો ગીફ્ટસ આપવામાં આવ્યા હતા.

બાળકોમાં વિવિધ ક્ષેત્રે કાર્યશક્તિ ખીલે તેમજ તેમને પોતાની શક્તિ હોશિયારીના પ્રદર્શન માટે મંચ પુરુ પાડવું એજ મહિલામંડળનું ધ્યેય છે.

## મારું કંસારા સોની, સોલંકી (અંજારીયા) પરિવારના કુળદેવી વેરાઈમાનો પાટોત્સવ

શ્રી મારું કંસારા સોની સોલંકી અંજારિયા કુટુંબના (ભુજ) કુળદેવી શ્રી વારાહી માતાજી (વેરાઈ) માનો પાટોત્સવ તા. ૨૦-૪-૨૦૧૨ ચૈત્ર વદ ચૌદશના રોજ ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવેલ.




સવારે ૯-૩૦ કલાકે ધાર્મિક વિધિ હવનનું કાર્ય શ્રી સુમનભાઈ વ્યાસે પ્રારંભ કરાવેલ અને ૧-૦૦ કલાકે શક્રાદય સ્તુતિ ગાન પછી નારિયેળ હોમિ હવનની પૂર્ણાહુતિ કરાવેલ. પાવન હવનના યજમાનનો લ્હાવો હંસાબેન કિશોરભાઈ સોલંકી, મમતાબેન ભરતભાઈ સોલંકી, સરોજબેન પ્રકાશભાઈ સોલંકી, હંસાબેન દયારામભાઈ સોલંકીને પ્રાપ્ત થયો હતો.

હવનની પૂર્ણાહુતી, સાથે માતાજીના નૈવેદ્ય પછી માતાજીની સ્તુતિ અને બહેનોના ગરબાથી વાતાવરણ ભક્તિમય બન્યું હતું નિયાણીના કુટુંબ સહિત સમસ્ત પરિવારોએ સમુહ પ્રસાદનો લાભ લીધો હતો.

બાળકો અને બહેનો માટે જુદી જુદી રમત ગમતની સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં બાળકો, બહેનો અને વડીલ બહેનોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિજેતાઓની યાદી નીચે મુજબ છે.

| રમત | વિજેતા |
|---|---|
| વેફર ખાવામાં | ભવ્ય હરેશભાઈ સોલંકી |
| માથામાં રબર બેન્ડ ભરાવવી | મિરાજ રાજેશભાઈ સોલંકી |
| સ્ટ્રોથી પીનટ ઉપાડવી | ભૂમિ જયભાઈ સોલંકી |
| બોલ બે પગ વચ્ચેની રેસ | મેઘા હિતેશભાઈ સોલંકી |
| પાસીંગ ધ બોલ | જેની હિતેશભાઈ સોલંકી |
| એક પગ પર ઊભવાનું | મિરાલી ભરતભાઈ સોલંકી |
| મ્યુઝીકલ ચેર | ભવ્ય જયભાઈ સોલંકી |



નિયાણી માટે ફુગ્ગા ફુલાવવાની રમતમાં કમળાબેન ભાઈલાલ વિજેતા બન્યા. વડીલ બહેનોના પાસીંગ ધ બોલમાં ત્રિવેણીબેન ઈશ્વરલાલ સોલંકીએ જીત મેળવી. તો સોલંકી કુટુંબની ગૃહિણીઓ માટે સ્ટ્રોથી પીનટ ઉપાડવામાં ઈન્દીરાબેન યોગેશભાઈ સોલંકી વિજેતા રહ્યા.

સર્વે વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું અને બાળકોને ઈનામ સાથે ઈન્દુભાઈ હરિરામ સોલંકી અને પાર્વતીબેન પ્રેમજીભાઈ સોલંકી તરફથી નાસ્તો આપવામાં આવ્યો અને ત્યાર બાદ ફરીથી બહેનોએ વેરાઈ માતાજીના ગરબા ગાયા અને ગરબે રમી માતાજીની જય બોલાવી. કાર્યક્રમને વિરામ આપવામાં આવ્યો અને આવતા વર્ષે આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું.

આ સમસ્ત આયોજન એટલે કે માતશ્રી વેરાઈની આરાધના હવન, પ્રસાદ અને રમતગમતની સંપૂર્ણ જવાબદારી બહેનોએ સ્વીકારી અને સફળતાપૂર્વક પાર પાડી હતી. વડીલોએ બહેનો આ આયોજનની પ્રશંસા કરી એમને પ્રોત્સાહન આપ્યું હતું. હેતલબેન હર્ષાભાઈ સોલંકી, મમતાબેન ભરતભાઈ, બીનાબેન વૃજલાલ સોલંકી, લત્તાબેન રાજેશભાઈ સોલંકીએ વ્યવસ્થા સંભાળી હતી. જ્યારે જ્યોતિબેન સુરેશભાઈ સોલંકી અને લત્તાબેન આઈ. સોલંકીએ માર્ગદર્શન આપ્યું હતું.



શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ આયોજીત 'ફેન્સી કુશન' બનાવવાના વર્ગો તા. ૨૮-૫-૨૦૧૨ થી તા. ૧-૬-૨૦૧૨ સુધી શીતલબેન બુદ્ધભટ્ટીના નિદર્શન હેઠળ ચલાવવામાં આવ્યા હતા. જેમાં સમાજની ૨૫ બહેનો તદ્‌પરાંત અન્ય જ્ઞાતિની બહેનો મળીને કુલ ૩૫ બહેનોએ આ વર્ગોનો લાભ લીધો હતો.

વિવિધ આકારમાં જેવા કે ગોળ, ચોરસ, લંબચોરસ, તેમજ હાર્ટશેપના કુશન બનાવવામાં આવ્યા જે ખૂબ જ સુંદર તેમજ નયનરમ્ય લાગતા હતા.

આજે મોંઘવારીના સમયમાં ઘરસુશોભન પણ ખૂબ જ મોંઘુ થઈ ગયું છે. ત્યારે આવા વર્ગોમાં શિક્ષણ પામી બહેનો પોતાના ઘરમાં બેસી આવી પ્રવૃત્તિ કરી ઘરમાં પોતાનું આર્થિક યોગદાન આપી શકે છે.

મહિલામંડળ ભુજના આવા વિવિધ વર્ગો ચલાવવા પાછળનો હેતુ હંમેશા એવો રહ્યો છે કે બહેનો તાલીમ મેળવી આર્થિક ઉપાર્જનમાં મદદરૂપ થઈ શકે.

સમાપન દિવસે બધી જ બહેનોએ બનાવેલ વિવિધ કુશનનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું જેને પ્રેક્ષકોએ ખૂબજ વખાણ્યું હતું.

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ આયોજીત 'ચાર્ટર-ડે'ની ઉજવણી તા. ૭-૭-૨૦૧૨ના રોજ લતાબેન સોલંકીના પ્રમુખપદે થઈ. જેમાં અતિથીવિશેષ તરીકે શ્રી પી. જી. દાસ, શારદાબેન પોમલ, દયાબેન સોલંકી, શાન્તાબેન બારમેડા પધાર્યા હતા. આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે ફક્ત ૧ જ દિકરી હોય સંતાનમાં તેવી માતાઓ તેમજ એવી વરિષ્ઠ મહિલાઓ કે જેમણે સમાજોપયોગી કાર્યોમાં પોતાનું યોગદાન આપ્યું હોય તેવી સમાજની મહિલાઓનું વિશેષ સન્માન અતિથિવિશેષ તેમજ હોદ્દેદારોના હસ્તે કરવામાં આવ્યું



હતું. ૧ જ દિકરીની માતાઓનું તેમજ દિકરીઓ સાથે હાજર રહી તેમનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે ટેલીફોનિક શુભેચ્છાઓ શ્રી પ્રભુદાસભાઈ સોનીએ પાઠવી હતી.



વિશેષમાં આ પ્રસંગે બે એડવોકેટ બહેનો હિનાબેન ઠક્કર તેમજ સમાજના જ બહેન શીલ્પાબેન ગુજરાતીના પણ વક્તવ્ય ગોઠવવામાં આવ્યા હતા. જેમાં હિનાબેન ઠક્કરે 'ગ્રાહક સુરક્ષા' અંગેની માહિતી પુરી પાડી હતી. તદ્ઉપરાંત સમાજમાં હાલમાં પ્રવર્તતા રહેલા દૂષણ 'છૂટાછેડા' અંગે પણ ખ્યાલ આપ્યો હતો. આંતરજ્ઞાતિય લગ્ન અંગે તેમજ વારસાઈ હક્કો અંગે પણ પ્રશ્નોત્તરીરૂપે જવાબ આપ્યા હતા.

કાર્યક્રમના ચેરપર્સન્સ તરીકે શીતલબેન બુદ્ધભટ્ટી તેમજ જયશ્રીબેન છત્રાળાએ વ્યવસ્થા સંભાળી હતી.

મહેમાનોનું સ્વાગત પુષ્પગુચ્છ તેમજ નાનકડી ભેટથી હોદ્દેદારો તેમજ કારોબારીના સભ્યોના હસ્તે કરવામાં આવ્યું હતું.

અલ્પાહાર બાદ કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

આભારવિધિ જયશ્રીબેન એ. છત્રાળાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં મહિલામંડળના બહેનોએ જહેમત ઉઠાવી હતી.



શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ આયોજીત બાળક માટેનો રમતોત્સવ તા. ૨-૬-૨૦૧૨ના રોજ ચનાણી પાર્ટી પ્લોટ મધ્યે યોજવામાં આવ્યો હતો. જેમાં ૩ વર્ષથી ૧૪ વર્ષ સુધીના બાળકોએ કુલ ૫૦ સંખ્યામાં ભાગ લીધો હતો.

ત્રણ વિભાગમાં આ સ્પર્ધા યોજવામાં આવી હતી. વિવિધ રમતો જેવી કે 'રેપીડ સ્પીડ'માં બોલવું. રિવર્સ દોડ, મ્યુઝિકલ ચેર વગેરે.

આ કાર્યક્રમના ચેર પર્સન્સ તરીકે નીલાબેન પોમલ અને ઈન્દિરાબેન સોલંકી એ વ્યવસ્થા સંભાળી હતી.



બાળકોને વિવિધ રમતોમાં વિજેતા જાહેર કર્યા બાદ હળવો નાસ્તો તેમજ ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

રમતગમતમાં ભાગ લેનાર દરેક બાળકોને પ્રોત્સાહન ઈનામો આપવામાં આવ્યા હતા. વિવિધ રમતોના વિજેતા બાળકોના નામ નીચે મુજબ છે.

રશેસ બારમેડા, ભવ્ય બુદ્ધભટ્ટી, દીયા બુદ્ધભટ્ટી, દીશા બારમેડા, દીતી ગુજરાતી, સ્નેહા પરમાર, યશ્વી પોમલ

કાર્યક્રમનું સંચાલન નીલાબેન પોમલે સંભાળ્યું હતું. બાળકોને વિવિધ રમતો રમાડવામાં સુધાબેન બુદ્ધભટ્ટી, લતાબેન સોલંકી, શીતલબેન બુદ્ધભટ્ટી, પ્રીતીબેન બગ્ગા, ખુશાલીબેન બુદ્ધભટ્ટી, રોહિણી બુદ્ધભટ્ટી વગેરેએ જહેમત ઉઠાવી હતી.

## નખત્રાણા મહિલા મંડળ દ્વારા મહિલા દિનની ઉજવણી



શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી સોની સમાજવાડી મધ્યે કરવામાં આવી હતી.

તા. ૮ માર્ચના રોજ મહિલા મંડળના પ્રમુખ સોની રસિલાબેન જી. બુદ્ધભટ્ટીના અધ્યક્ષ સ્થાનેથી મહિલાદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેનું દિપ-પ્રાગટ્ય કંસારા ભચીબેન મોહનલાલ ગુજરાતીના હસ્તે કરવામાં આવેલ. તે જ દિવસે ધૂળેટી પર્વ હોવાથી મહિલા મંડળ દ્વારા તમામ મહિલાઓ સાથે તિલક હોળીનો કાર્યક્રમ યોજવામાં આવેલ. પ્રાસંગિક પ્રવચન આપતા સોની રસીલાબેન બુદ્ધભટ્ટીએ જણાવ્યું કે હવે મહિલાઓ પણ પુરુષ સમોવડી બની દરેક ક્ષેત્રમાં આગળ આવે તેના પર ભાર મુક્યો હતો. તે ઉપરાંત ઉપપ્રમુખ કંસારા ભાવનાબેન આર. ગુજરાતી એ પણ મહિલાઓમાં જાગૃતિ લાવવા તથા દરેક ક્ષેત્રમાં આગળ આવવા પર અનુરોધ કર્યો હતો.

તે દિવસે રાસગરબાનો કાર્યક્રમ રાખેલ જેમાં બહોળી સંખ્યામાં મહિલાઓએ ભાગ લીધેલ સાથે અલ્પાહારની વ્યવસ્થા પણ રાખવામાં આવેલ સમગ્ર કાર્યક્રમની ગોઠવણી અને વ્યવસ્થામાં સહમંત્રી સોની નિર્મળાબેન જે. સોલંકી, હેતલબેન બી. પોમલ, રંજનબેન આર. સકરીયા, હેમલત્તાબેન બુદ્ધભટ્ટી, પ્રજ્ઞાબેન પી. ગુજરાતી, હીરાબેન બુદ્ધભટ્ટી, કૌશલ્યાબેન સોની, રસીલાબેન ડી. કટ્ટા, ક્રિષ્નાબેન સોલંકી વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

**– રસીલાબેન બુદ્ધભટ્ટી (પ્રમુખ)**

## શ્રધ્ધાંજલી



**સ્વ. તા. ૧૮-૫-૨૦૧૨**

**હેડાઉ સોની કાન્તાબેન મુળજીભાઈ (અંજારવાળા)**

જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે, કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે.. ધર્મ કદી ભૂલ્યા નહી, વ્યવહાર કદી ચૂક્યા નહી, સુખ-દુઃખમાં સદા હસતાને હસાવતા રહ્યા...

આપના સ્નેહ ભર્યા સ્વભાવની મીઠી સુવાસ તથા આદર્શો અને સિદ્ધાંત અમારા હૈયે રહેશે. ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ આપે એવી પ્રભુ પાસે પ્રાર્થના...

મહેશભાઈ મુળજીભાઈ સોની

જેન્તીભાઈ મુળજીભાઈ સોની

અરવિંદભાઈ મુળજીભાઈ સોની

ભરતભાઈ મુળજીભાઈ સોની

**સ્વ. હેડાઉ સોની મુળજીભાઈ ચત્રભુજ સહપરિવાર - અંજાર**

સમજણના સૂર

# દિકરી વહાલનો દરિયો

હિના નિલેશ કોટડીયા - ઘાટકોપર (મુંબઈ)

ગુજરાતીમાં એક કહેવત છે ‘દિકરી વહાલનો દરિયો’ મા-બાપ માટે દિકરી ખરેખર સ્નેહનો મહાસાગર છે પરંતુ યુવાનીમાં પ્રવેશ કરતાની સાથે આ સ્નેહ એક ચિંતામાં પરિવર્તિત થાય છે એક એવી ચિંતા કે જેને આટલા વર્ષો આટલો પ્રેમ આપ્યો એને હજુ આગળ પણ એવી જ પ્રેમભરી જિંદગી મળે. ‘સમજણના સૂર’ કોલમ મારફ્તે હું મારા મંતવ્યો રજૂ કરવા માગું છું. જે શાયદ આપણા સમાજને આ અભિયાનમાં થોડા ઘણા અંશે ઉપયોગી નિવડશે તો મને આનંદની લાગણી થાશે.

મારા મત મુજબ સૌ પ્રથમ આપણા સમાજનું વાતાવરણ બદલવાની જરૂરત છે. આપણા સમાજમાં દિકરી યુવાની થતાંની સાથે જ માતા-પિતા ચિંતા કરવા લાગે છે શા કારણે ? એનું મુખ્ય કારણ સમાજ છે. યોગ્ય ઉંમરે યોગ્ય જીવનસાથી ન મળતા અગર લગ્નમાં થોડો પણ વિલંબ થાય તો સમાજ તરફથી દિકરીના માતા-પિતાને મહેણા-ટોણા મારવામાં આવે છે. અને આ બધામાંથી બચવા ઘણીવાર આબરૂની ચિંતામાં માતા-પિતા ઉતાવળમાં ખોટા નિર્ણયો લઈ લે છે. અને આમ જોવા જઈએ તો એમાં એમનો કોઈ દોષ નથી પરિસ્થિતિ એમને એવું કરાવે છે તો શા માટે આપણે એને જ જડમૂળમાંથી દૂર ના કરીએ ? આવો, આજે એવા એક સમાજની રચના કરીએ જ્યાં દિકરી હોય કે દિકરો બંનેને સમાન અધિકાર અને મુક્તપણે નિર્ણયો લેવાની આઝાદી મળે.

દિકરી હોય કે દિકરો બંને જ્યારે યુવાઅવસ્થામાં પ્રવેશ કરે ત્યારે બંનેને લગ્ન જેવા પવિત્ર સંબંધનું મહત્વ સમજાવવું ખૂબ જરૂરી છે અને બંને પોતાની મરજીથી ખુશીથી જીવનસાથીની પસંદગી કરી શકે છે એવી ખાતરી આપવી જરૂરી બની જાય છે. અગર દરેક યુવાન લગ્નનાં મહત્વને સમજશે તો નાની-નાની વાતે લગ્નવિચ્છેદ થાય છે તે ટાળી શકાશે. જ્યારે પણ યુવક-યુવતીનો લગ્નસંબંધ કરાવવા માટે પરિચય કરાવવામાં આવે છે ત્યારે એમને પુરતો અને યોગ્ય સમય આપીને એટલી મોકળાશ આપો કે બંને એકબીજાને સમજી શકે. આમ, આ વાતને સહજ રીતે લઈને સમાજ તરફથી યોગ્ય પ્રતિસાદ મળ્યો તો પણ પાછળથી થાતી સમસ્યાઓને નિવારવામાં મદદરૂપ થાશે.

સમાજમાં કોઈ યુવતી પોતાના સપનાને સાકાર કરવા માંગે છે. તો એના એ નિર્ણયને વધાવી લો. સમાજ અથવા માતા-પિતા પાસેથી લગ્ન માટે દબાણ કરીને એની જિંદગી મુશ્કેલીમાં મૂકવી ન જોઈએ.

હમણા હમણા આપણી સમાજમાં એવા પણ કિસ્સા બન્યા છે કે લગ્ન બાદ દિકરીને સાસરીયા તરફથી માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવે છે અથવા તો રૂપિયાની પણ માંગ કરવામાં આવે છે. આવી પરિસ્થિતિને નિવારવા એક સમિતિની રચના કરો જ્યાં કોઈપણ આવી વ્યકતા પોતાની વાત રજૂ કરી શકે અને આ સમિતિ દ્વારા તેની યોગ્ય તપાસ કરવામાં આવે અને ગુનેગાર સામે યોગ્ય પગલા લેવામાં આવે આથી આવા કિસ્સાઓનો મહદ્અંશે ઘટાડો થાય. સમાજમાં જ્યારે આ વિષયને લઈને કોઈ એક પરિવારમાં સમસ્યાઓ ઉભી થાય છે ત્યારે સમાજને એક પરિવાર થઈ એ સમસ્યાને સમજી અને એ પરિવારને સાથ આપવાની કોશિશ કરવી જોઈએ જેથી એ તેનાથી જલ્દી બહાર નીકળી શકે.

આપણા સમાજમાં યુવક અને યુવતી વચ્ચે શિક્ષણ બાબતે પણ ઘણી અસમાનતા છે જેને દૂર કરવાથી પણ આ સમસ્યા નિવારી શકાય. શિક્ષણ એક એવી વસ્તુ છે જે સારી સમજણ આપે છે.

જ્યારે એક યુગલ લગ્ન સંબંધમાં બંધાય છે ત્યારે યુવતીને એવી સમજણ આપો કે તે સાસરિયાં પક્ષને પોતાનું પિયર ગણીને એમાં સમાય જાય અને યુવક અને એના ઘરનાં ઓને એવી સમજણ આપો કે જે તમારા ઘરમાં વહુ બનીને આવે છે એ પોતાના માતા-પિતા તેમજ ઘર છોડીને તમારા પરિવારની સભ્ય બને છે તો એને યોગ્ય વાતાવરણ ઉભુ કરી આપવી એ આપણી ફરજ છે.

સમાજ એક પરિવાર છે એની સમસ્યા એ આપણી સમસ્યા છે. આથી દરેક યુવક-યુવતીને નિવેદન છે કે આ સમસ્યાના નિવારણ માટે યોગ્ય યોગદાન આપે. જ્યારે દરેક યુવક-યુવતી મનથી દ્દઢ નિશ્ચય કરશે ત્યારે જ આપણા સમાજમાં આ ‘સમજણના સૂર’ ઈન્દ્રધનુષના રંગોની જેમ પ્રકાશશે અને ત્યારે જ બનશે આપણો સ્વચ્છ સમાજ.

---

## ચેક ઈન... ચેક આઉટ...

અમેરિકામાં અડધા લગ્નો ‘છૂટા છેડા’માં પરિણમે છે. નેધરલેન્ડના એક ચબરાક ઉદ્યમીએ આ તક ઝડપી ‘ડાઈનોર્સ હોટેલ’ નો ઉદ્યમ સ્થાપ્યો છે. સંતપ્ત દંપતિ શુક્રવારે હોટલમાં ‘ચેક ઈન’ કરે. અલગ રૂમમાં રહે. શનિવાર ઉદ્યમીની મધ્યસ્થીથી ‘છૂટા છેડા’ સંમતિ સમજૂતી થાય. રવિવારે કોર્ટને આપવાના સંમતિ ડોક્યુમેન્ટ સાથે દંપતિ હોટેલમાંથી ‘ચેક આઉટ’ કરે.

# લગ્ન સંબંધ વિચ્છેદ સમસ્યા અંગેના મંતવ્યો

**- રોહિણી બી. બુદ્ધભટ્ટી - ભુજ**

સૌ પ્રથમ તો લગ્ન સંબંધ શા માટે બંધાય છે ? જ્યારે બે પક્ષો વચ્ચે આત્મીયતા, પ્રેમ, લાગણી અને સમજ તથા વિશ્વાસ ઉત્પન્ન થાય છે ત્યારે જ બંને પક્ષો એકબીજા સાથે જોડાવાનો નિર્ણય કરે છે. પોતાનો દિકરો કે દિકરી સાસરીયા સાથે તાલમેલ મેળવી શકશે કે કેમ ? દિકરા કરતા પણ દિકરીના માવતર આ બાબતે વધુ ચિંતિત હોય છે કારણકે દિકરીને સાસરિયામાં ગોઠવાઈ જવાનું હોય છે. સાસરિયામાં સાસુ-સસરા, જેઠીયા-દેરીયા સાથે, નણંદો સાથે કે કુટુંબ જો સંયુક્ત હોય તો કાકાઈ, પિત્રાઈ, ફોઈ વગેરે સાથે દિકરીને ફાવશે કે કેમ આ બધા મુદ્દાઓ સાથે માવતર ચિંતિત રહે છે.

હવે રહી મુદ્દાની વાત, લગ્ન સંબંધ બંધાયા પછી દિકરી જે હવે સાસરિયામાં વહુ બનીને આવી તેણે કઈ રીતે રહેવું કે જેથી કુટુંબમાં બધાયને સાથે તાલમેલ જાળવી શકાય. બને ત્યાં સુધી વહુએ લગ્ન પહેલા સાસરિયાની બધી જ વ્યક્તિઓ વિશે માહિતી મેળવી લેવી જરૂરી છે. સાસરિયાના સ્વભાવ, ગમા-અણગમા, પસંદ-ના પસંદ, ઘરના રિતી-રિવાજ, આર્થિક પરિસ્થિતિ વગેરે અંગેની માહિતી લગ્ન અગાઉ મેળવી લેવી.

પોતાના જીવનસાથી ના વિચારો આ અંગે મેળવવા ખાસ જરૂરી છે. કારણકે સપ્તપદી વખતે ના વચનો પાળવા પતિ કેટલો સક્ષમ છે એ જાણવું પણ જરૂરી છે. આજની દિકરી સુશિક્ષીત બની છે તેથી પોતાના જીવનનો અમુલ્ય નિર્ણય પોતે સમજી વિચારીને લઈ શકે છે. તેથી ઉપરોક્ત મુદ્દાઓ અંગે પોતે પોતાના માતા-પિતા સાથે ચર્ચા કરીને જ નિર્ણય લે તે હિતાવહ છે.

**લગ્ન વિચ્છેદ થવાના કારણો :**

★ બંને પક્ષે સમજશક્તિ, સહનશક્તિનો અભાવ. ★ સાસરપક્ષનો વહુ પ્રત્યેનો જુનવાણી અભિગમ જે આજની આધુનિક ભણેલી-ગણેલી વહુને માન્ય ન હોતા લગ્ન વિચ્છેદમાં પરિણમે છે. ★ ઘણા કુટુંબોમાં પુરુષના કર્તૃત્વ અને સ્ત્રીના સમર્પણભાવને અન્ય કુટુંબીજનો સમજી ન શકતા ઉભયપક્ષે હતાશા ઉદ્‌ભવતા પણ આ પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે. ★ દિકરીનો અવતાર એટલે માતા, પત્ની, બહેન, ભાભી વગેરે રોલ ભજવવાના હોય છે. આ બધા રોલમાં સ્ત્રી બરાબર ગોઠવાય તો જ તેણી સફળ થઈ ગણાય. પરંતુ, આ માટે તેણીમાં જતું કરવાની વૃત્તિ ખાસ દેખાય છે. જે તેણીના અહમને ઘાવ આવે છે.

ઘણા ઘરો કુટુંબોમાં ઘરની દિકરીઓનું ચલણ વધુ હોય છે. જ્યારે દિકરા-વહુઓનું કંઈ ઉપજતું નથી હોતું. દિકરી-જમાઈ જ કર્તાહર્તાની જગ્યાએ ગોઠવાઈ જતા દિકરા-વહુમાં પણ આપણને શું દિકરી-જમાઈ બધુ કરશે એવી એક માન્યતા મનમાં ગોઠવાઈ જતા ઘરનું વાતાવરણ ડહોળાય છે.

પુરુષ દિકરો અને પતિ બંને પાત્રોની વચ્ચે પીસાય છે. માતા-પિતાનું સાંભળનાર 'માવડિયો' અને પત્નીનું સાંભળનાર 'બાયલો' આવા ઉપનામ મળી જતા પણ 'લગ્ન વિચ્છેદ' માં પરિણમે છે. દરેકે દરેક સમાજમાં દિકરીને લગ્ન સમયે માતા-પિતા તરફથી સંપત્તિના ભાગરૂપે તેમજ કુટુંબમાં પ્રસંગોચિત આર્થિક વ્યવહારો રૂપે ભાગ મળતો જ હોય છે. પરંતુ દિકરી ભાઈઓના થતા સંપત્તિના ભાગમાં પોતે પણ હકદાર છે એવો દાવો કરીને પોતાનું ઘરસંસાર બગાડીને લગ્ન વિચ્છેદ કરે તો તે અવિચારી પગલું ગણી શકાય.

લગ્નનો અર્થ ન સમજનાર વ્યક્તિએ જાનવરથી પણ બદતર ગણી શકાય કારણકે જાનવર પણ નર-માદાની જોડી તેમજ પોતાના સંતાનો સાથે ફરતા આપણે જોઈએ છીએ. લગ્ન સંપૂર્ણ રીતે એકમેક પ્રત્યે વિશ્વાસ, લાગણી અને સંસ્કૃતિને સમર્પિત થનાર યુગલના જ સફળ થઈ શકે છે. છેલ્લે સમાજના લગ્ન વિચ્છેદના આરે ઉભેલા યુગલોને અપીલ કે લગ્ન એ બે આત્માઓનું જમીન પર મિલન છે. તેને કોઈપણ સંજોગોમાં વિખૂટા પાડવા એ મહાપાપનું કામ છે.

**આ પ્રસંગે થોડા સૂચનો :**

★ આ ચર્ચા અંગે શિબિરનું આયોજન કરવું જેમાં આ અંગેના જાણકારો, તજજ્ઞો, વગેરેના વક્તવ્યો ગોઠવવા. ★ બંને પક્ષોના વડીલોને પણ આ શિબિરમાં આમંત્રિત કરીને તેમના મંતવ્યો જાણવા. ★ બને ત્યાં સુધી બંને પાત્રોને અંગત રીતે મળીને એટલે કે અલગ અલગ મળીને તેમના પ્રશ્નો પ્રોબ્લેમ જાણવા જેથી નિરાકરણમાં બધા જ મુદ્દા ઉપયોગી થઈ શકે. ★ બને ત્યાં સુધી સમાધાન માટે ન્યાય પ્રક્રિયાથી દૂર રહેવું કારણકે અહીં ઘણી વખતે વકીલો પોતાનું ગજવું જ ગરમ કરવા માટે લગ્ન વિચ્છેદ કરાવતા હોય છે.

મા-બાપ ઘણી વખત દિકરીને પરણાવીને દિકરી દ્વારા થતી આવક જે તેણી નોકરી દ્વારા કે બીજા કોઈ જોબ દ્વારા મેળવતી હોય તે ગુમાવવા ન માગતા હોય ત્યારે પણ લગ્ન વિચ્છેદનો પ્રશ્ન ઉદ્‌ભવતો હોય છે ત્યારે દિકરીની અંગતજિંદગીમાં ચંચૂપાત ન કરતા તેને તેની રીતે જીવવા દેવી જોઈએ. જેથી સાસરિયામાં શાંતિ રહે.

દાંપત્યજીવનની પતંગ ખુલ્લા આકાશમાં રંગેચંગે ઉડતી રહે એવી શુભેચ્છાઓ સહ..

# લગ્ન વિચ્છેદ સમસ્યા અને સમાધાન

મહેશકુમાર તુલસીદાસ છત્રાળા - અંજાર (કચ્છ)

લગ્ન એ માનવજીવનની એક એવી નિશ્ચિત ક્રિયા બની ગઈ છે કે લગ્નનો અર્થ ન સમજનાર મનુષ્યના પણ લગ્ન તો થઈ જ જાય છે. લગ્નમાં એ લોકો આંતર સંસ્કારો કરતા બહિરંગને વધુ મહત્વ આપતા હોય છે આવા લગ્નોમાં મોહ, પ્રેમનો અંચળો ઓઢીને ફરતો દેખાય છે. દિલ કરતા દૃષ્ટિને અહી વધારે પ્રાધાન્ય હોય છે. લગ્ન કરવા તે જ માણસ લાયક છે જેનામાં પ્રેમ કરવાની તાકાત છે. પ્રેમનું બીજુ નામ છે સહનશીલતા. એક બીજાના ગુણદોષોને સહી લેવાની વૃત્તિ જ સફળ લગ્નની સર્જક બને છે.

**યોગ્ય પાત્રને જ પરણાવો :** દરેક મા-બાપને એમ હોય છે મારા પુત્ર-પુત્રીને જીવનસાથી સારા મળે સારુ ઘર મળે. પણ જે છોકરો પોતાના પગભર ન હોય તેને પરણાવો ન જ જોઈએ. પિતા પૈસા આપે અને દિકરો ગાડીમાં પેટ્રોલ પુરાવે અને ફરે. ઘર-વ્યવહાર કેમ ચાલે છે તેની સમજ ન હોય. ઘરની જવાબદારી ન હોય. માત્રને માત્ર ભાઈબંધ સાથે હરેફરે દિવસમાં પચાસ રૂપિયા કમાય નહી પણ પાંચસો ખર્ચ કરે. આવા દિકરાને પરણાવો તો લગ્ન સમસ્યા થવાની જ છે. એમાં આપણે જ દોષી છીએ. તેમાં સમાજ શું કરી શકે ? કંઈ નહીં.

**યોગ્ય પાત્રની શોધમાં ઉતાવળ, પણ સંબંધ કરવામાં નહી. :** ઘણા લોકોના મોઢેથી સાંભળવા મળે છે કે સારો છોકરો, છોકરી બતાવો. પણ પોતે મહેનત જ કરતા નથી. કામમાં મશહુલ રહેવાના કારણે સંતાનોની ઉંમર મોટી થાય છે. યોગ્ય પાત્ર શોધવા માતા-પિતાને જ જવું પડે. કાલે જઈશું, કાલે જઈશું એમ કરતા કરતા જવાતું નથી. સમય નીકળી જાય છે. સારા પાત્રના સમાચાર મળે કે તરત જ સંપર્ક માટે જવું જોઈએ જેથી ઝડપથી નિર્ણય આવી શકે પણ સંબંધ કરવામાં ઉતાવળ ન જ કરવી. સો વખત વિચાર કરીને સંબંધ કરવા. જેથી પાછળથી મુશ્કેલી ઉભી ન થાય. ઉતાવળમાં લગ્ન થવાથી સમસ્યા ઉભી થાય છે.

**સંબંધ બાબતમાં સાચુ જણાવો :** આપણે સૌ જાણીએ છીએ હાલમાં સંબંધ કરવામાં ખૂબ જ મુશ્કેલી છે. સંબંધો જલ્દીથી થતા નથી તોય છોકરા- છોકરીની માહિતી આપવાની હોય ત્યારે સાચુ જ જણાવો. ક્યારેક છોકરો બીલકુલ કમાતો ન હોય પણ પિતા કહે મહિને ૧૫ હજાર. આ ખોટું સમર્થન લગ્ન જીવનમાં વિચ્છેદ માટે જવાબદાર થાય છે. કમાણી વગર ઘર ચાલતું નથી. વહુ મેળવવાની લાલચમાં ખોટું બોલાય છે. જે લગ્નની બાબતમાં ગંભીર છે. સંબંધ સમયે સંતાનોને ગુપ્ત રોગ હોય તો પણ જણાવો. જેથી પછીથી લગ્ન સમસ્યા ન થાય.

**લગ્ન જીવનની મજા માણો, પૈસાને પ્રાધાન્ય ઓછું આપો :** માત્ર શરીર સુખ માટે પરણવા માગતા લોકો લગ્ન પછી બદલાઈ જાય છે. લગ્ન જીવનની સાચી મોજ માણતા નથી. દરરોજ ઘરથી દુકાન, દુકાનથી ઘર. આપણા માટે પોતાના મા-બાપ, ભાઈ-બહેન બધાને છોડીને આવેલી પત્ની આપણા પર આશા તો રાખે જ. દરરોજ આપણા માટે રસોઈ, કપડા બધુ જ કામ કરતી પત્ની ક્યારેક કંટાળી જાય છે. જેથી હરવા-ફરવા જવું જોઈએ. બહાર નીકળવાથી મનને આનંદ મળે છે. માત્રને માત્ર ઘરમાં રહેતી પત્ની અકળાઈ જાય છે તેથી ક્યારેક લગ્ન જીવનમાં સમસ્યા ઉભી થાય છે. જેનું સમાધાન આપણા હાથમાં છે.

**વહુને દિકરી ગણો :** આપણા ઘરમાં પરણીને આવેલી નવોઢા પોતાના અરમાન લઈને આવે છે. કેટલાક ઘરોમાં દિકરીને છૂટ અને વહુને બંધન. દિકરી માટે બધુ વહુ માટે નહી. દિકરી બધી જગ્યાએ જાય પણ વહુને ઘરમાં રહેવાનું. દિકરી મોજ-શોખ કરે, વહુ નહી. આવો દરરોજનો અન્યાય વહુ સહન કરી શકતી નથી. જેથી લગ્ન જીવનમાં સમસ્યા થાય છે દિકરો કોને કહે ? શું કહે ? આવુ ન બને તે માટે વહુને દિકરી ગણી બધા જ હક આપવા જોઈએ એજ સાચુ છે.

**વ્યસન છોડો, ઘર જોડો :** એમ કહેવાય છે કે દારૂડિયો દારૂ પીતો નથી દારૂ જ દારૂડિયાને પી જાય છે. લગ્ન પછી દારૂ, જુગાર બંધ કરવા જોઈએ. આપણા સમાજમાં વ્યસનનું જોર ખૂબ જ વધ્યુ છે નશાની હાલતમાં ઘરે આવીને પત્નીને મારકૂટ કરવી, ઝઘડા કરવા, ઘરમાં પૈસા ન આપવા ઉલ્ટુ ઘરમાંથી લઈ જવું. વ્યસનની લતમાં બધુ જ ચાલ્યુ જાય છે અને છેલ્લે સુખ-દુઃખમાં સાથે રહેનારી ભાર્યા પણ જતી રહે છે. આ લગ્ન વિચ્છેદ સમસ્યા માટે કારણ ભૂત છે. સમાધાનના રૂપમાં સમજણ કામ આવી શકે કે વ્યસન છોડી અને ઘરને જોડવું જોઈએ.

**વ્યસનનું ગંભીરમાં ગંભીર પરિણામ :** વ્યસન કેવા કેવા દિવસો લાવે. અરે ! દિકરી એમ ન કહે આ મારા પિતા- પત્ની એમ ન કહે આ મારો પતિ. વ્યસનની લતમાં માણસ. આન, બાન અને શાન બધુ જ ખોઈ બેસે છે. જ્યારે વ્યસન પોતાની તાકાત બતાવે છે ત્યારે માણસને ટી.બી. કેન્સર જેવા રોગ થાય છે. અને દુનિયામાંથી ન જવાની ઉંમરે જવું પડે છે. પત્ની માટે લગ્ન જીવનની આ મોટામાં મોટી સમસ્યા છે. જેનું સમાધાન શું થઈ શકે ? કરે કોઈક, ભોગવે કોઈક. માટે માનવ જીવનનું શું મહત્વ સમજો.

**લગ્ન જીવનમાં સંતોષ મોટામાં મોટું સમાધાન :** મારે ટીવી. જોઈએ, મારે ફ્રોરવીલ જોઈએ, મારે સોનાનો હાર જોઈએ, મારે બંગલો જોઈએ, ઘણી પત્ની આવી માગણી ચાલુ રાખે છે. દરેક વખતે બધી માગણી પુરી થતી નથી. દેખાદેખી સમાજનું મોટામાં મોટું દુષણ છે. પડોશીએ મોટો બંગલો લીધો. મને કેમ નહી ? આવી ઈર્ષા લગ્ન જીવનમાં સમસ્યા પેદા કરે છે. ક્યારેક આવી સમસ્યા લગ્ન વિચ્છેદ સુધી પહોંચે છે. સમાધાન રૂપે જે ભાગમાં હતું તે મળ્યું એવો સંતોષ માનવો જોઈએ તેનાથી વધારે સુખ ક્યું હોઈ શકે.

**દંપતિ વચ્ચે ચારિત્રની શંકા ન જોઈએ :** સ્ત્રી હૃદય ભોળુ છે એના મનમાં સતત વિચાર આવ્યા જ કરે છે. મારો પતિ... ક્યારેક પતિ ને પણ એમ થાય કે મારી પત્ની... દંપતી થયા પછી ક્યારેક એકલા જવાનું થાય, રસ્તામાં વહેલું મોડુ થાય તો શંકા ન કરી નહિતર તેનું ગંભીર પરિણામ આવે. શંકાના દાયરામાં લગ્ન વિચ્છેદ થઈ જાય છે. જેનું પરિણામ દંપતિને જ ભોગવવું પડે છે કહેવાય છે કે શંકાનું સમાધાન નથી, વહેમની દવા નથી.

**સંતાન ન થાય તો લગ્ન સમસ્યા :** લગ્ન પછી સંતાન થવા એ માનવની વાત નથી. જન્મ આપવો કે નહી એ કુદરતના હાથમાં છે સંતાન ન થવાથી પત્નીને દોષી જણાય છે જે ખોટું છે. કંઈ સ્ત્રી મા બનવા ન ઈચ્છે ? સમાજ અને ઘરના લોકો તરફથી વારંવાર મેણા ટોણા સંભળાવવા આવે છે વળી પતિ તેમાં ઉશ્કેરાઈ જાય છે. ક્યારેક સંતાન ન થવાથી પતિ-પત્નીને લગ્ન વિચ્છેદ આપે છે. જે ખોટું છે અરે ! લગ્ન જીવનનું સુખ સંતાન જ નથી સમાધાન રૂપે સંતાન ન થાય તો દત્તક લઈ માતા-પિતા બનવું જોઈએ. જેથી લગ્ન વિચ્છેદ સમસ્યાનું સમાધાન થઈ શકે.

**લગ્ન વિચ્છેદમાં સ્ત્રીને સ્વતંત્ર આપો :** ક્યારેક એવું બને સાસુ મા ન બને, નણંદ હેરાન કરે, જેઠાણી જોર બતાવે. ત્યારે પત્ની આવી સમસ્યાથી કંટાળી જાય છે. પતિને ફરિયાદ કરે તો ? તે શું કરી શકે ? ઘર સ્ત્રીનો કહેવાય છે. માણસો કાયમ ઘરમાં હોતા નથી લગ્ન પછી આવી સમસ્યા થવાથી પત્ની પિયર જાય છે અને પાછી વળતી નથી તેને પતિ સાથે પ્રશ્ન નથી આવા સમયે પતિ-પત્નીને અલગ કરી શકાય. સ્ત્રીને સ્વતંત્ર ન મળવાથી જો લગ્ન વિચ્છેદ થાય તો સમાધાન રૂપે અલગ કરી આપો. એ જ સાચો સમયનો તકાજો છે. દિકરો-વહુ ઘરથી અલગ થાય છે. મનથી નહી એમ સમજવું.

**લગ્ન વિચ્છેદ સમસ્યામાં કોર્ટમાં ન જવું :** ઘર હોય ત્યાં કંકાશ હોય, ઘરના વાસણો અવાજ કરે, પણ આ અવાજ ઘરની બહાર ન જવો જોઈએ. પણ સમસ્યા ગંભીર બને છે ત્યારે પત્ની માવતરે ચાલી જાય છે. અમુક જીદી માતા પિતા કોર્ટે ચડે છે. ઘરમાં લોટ ન હોય પણ કોર્ટમાં જવું છે. પોતાના પૈસા બગડે, સામા પક્ષના પૈસા બગડે. આપણા સમાજનો પૈસો સરકારી તિજોરીમાં જાય. ન્યાય તો મળેજ નહી પણ સમયની પણ બરબાદી થાય. પૈસાના લાલચુ અમુક માવતર વળી ભરણપોષણ માગે. લાલચનો અંત નથી. લાલશાની દવા નથી.

**લગ્ન વિચ્છેદ સમસ્યામાં ધીરજ રાખો. :** જમાનો નહી માણસની વિચારસરણી બદલાઈ ગઈ છે. સહનશક્તિ છે જ નહી. એકની સામે ચાર બોલવાની તાકાત બધામાં છે. દિકરી રિસામણે બેઠી છે તો સમાધાનની રાહ જુઓ. સમાજ પાસે રજુઆત કરો. દિકરા-દિકરીને સમજાવો. આ પ્રશ્ન એક-બે દિવસનો નથી આપણે જ જેમને દંપતિ બનાવ્યા અને તેમને જ અલગ કરીએ. આવું ક્યા સુધી ચાલશે. એટલું યાદ રાખીએ એક પાત્ર છૂટાછેડા વાળુ હશે તો બીજા ભાઈબહેનનો ભવિષ્ય અંધકારમય બનશે જે ગાડી પાટા પરથી ઉતરી છે તે જ પાટા પર ચડી જશે. એવો વિશ્વાસ રાખવો જોઈએ.

અંતમાં પતિ-પત્નીના જીવનમાં મહાન ધ્યેય હોવું જોઈએ. એ ધ્યેય વૃક્ષને બંને જણાએ સાથે મળીને જીવનવારિનું સિંચન કરવું જોઈએ. પતિના તેજની સામે ઝૂકવામાં સ્ત્રીનો આનંદ અને પત્નીને કેવળ ભોગદાસી ન સમજતા તેનું સાચુ સન્માન કરવામાં પુરુષની પ્રસન્નતા હોવી જોઈએ. બ્રાહ્મણ, અગ્નિ અને મા-બાપની સાક્ષીએ વધુ વરને જીવન અર્પણ કરે છે. આ સમર્પણ શરીર પુરતુ મર્યાદિત ન રહેતા મન, બુદ્ધિ અને અંતે અહંકારના સમર્પણ સુધી આગળ હોવું જોઈએ આવું એકત્વ સંસારમાં સંગીતનું નિર્માણ કરે છે એવો ભાવ જો વધુના મનમાં પ્રગટે તો લગ્ન એક ઉલ્લાસ અને આનંદ બની રહે.

### ગૌરીવ્રત

બાળ ગંગાધર ટિળકને કોઈએ પૂછ્યું : શાસ્ત્રીજી ! આપણા શાસ્ત્રોમાં સારો વર મેળવવા માટે કન્યાઓને ગૌરીવ્રત રાખવાનું સૂચન કરવામાં આવ્યું છે. એવી રીતે પુરુષોમં માટે સારી પત્ની મેળવવા માટે શા માટે કોઈ વ્રતની ભલામણ કરવામાં આવી નથી ?

એટલા માટે કે બધી સ્ત્રીઓ જન્મજાત સારી હોય છે ! ટિળકે જવાબ આપ્યો અને ખડખડાટ હસી પડ્યા.

# લગ્ન વિચ્છેદ સમસ્યામાં મહદ્ અંશે ભાગ ભજવતું 'મોબાઈલ'

**મહેશકુમાર તુલસીદાસ સોની - અંજાર**

દિકરીના લગ્ન લેવાયા. મહેમાનો પોતાના ઘેર ગયા. ચીજવસ્તુ પોતાની જગ્યાએ પહોંચી. લગ્નનો થાક હળવો થયો. વિદાયની વેદના થોડી ઓછી થઈ. ઘર સૂનું-સૂનું લાગ્યું. કંઈક ખૂટે છે એવો ભાવ થયો. દિકરીના ભવિષ્યની ચિંતા થવા લાગી. દિવસ-રાત દિકરીના જ વિચાર. બસ પછી પૂછવું શું ?

સવારે આઠ વાગ્યા છે. ઘરના સૌ સાથે ચા-નાસ્તો કરે છે. ત્યાં જ ફોન આવ્યો 'દિકરી કેમ છે ? ઘરમાં બધું બરાબર છે ?' દિકરી કહે : હા, બપોરે સૌ જમવા બેઠા છે. વળી ફોન 'દિકરી બેટા જમી લીધું. ઘરમાં શાંતિ છે ? બધા મજામાં છે ? જવાબ મળ્યો હા. અડધો દિવસ શાંતિથી પસાર થયો.

દિકરી સાંજે ફરવા નીકળી. અરે ! વળી ફોન. દિવસ આખાની રકજકમાંથી પરિવાર રાત્રે ભેગો થયો. સૌ આનંદ-મંગલની વાતો કરતા હતા. ઘરમાં નવું પાત્ર આવવાથી ખુશીનો પાર નહતો. ચારે તરફ આનંદ આનંદ. મનથી બનાવેલા ભોજન પીરસાય છે. સૌ જમવા માટે તૈયાર. અચાનક વળી ફોન આવ્યો. 'ઘરમાં બધુ બરોબર છે ? સાસુ-સસરા તને કેમ રાખે છે ? નણંદ શું કહે છે ? દેરનું વર્તન કેવું છે ? તારો પતિ ? જવાબ મળ્યો. બધુ જ બરાબર છે.

પરણીને આવેલી નવોઢાએ હજુ તો ઘર પણ બરાબર જોયું નથી. ઘરના સભ્યોથી પરિચીત નથી ત્યાં જ ફોનના ભણકારાથી મુંઝવણમાં મૂકાય છે મન માવતરે દોડવા લાગે છે. માવતરની વધારે ચિંતા. જીવ સતત મોબાઈલમાં ચોટી જાય છે. હમણાં ફોન આવશે, હમણાં ફોન આવશે. આ સીલસીલો સતત બે મહિના ચાલે છે. દિકરીનું મન કામમાં લાગતું નથી. ફોન આવતા જ ઝડપથી દિકરી ઘરની બહાર. થઈને લગ્ન સમસ્યા ? સાસરાથી કંઈક છૂપી વાત કરવી છે, તેથી બહાર વાત થાય છે, જે સર્જે છે સમસ્યા.

દરરોજ દિકરી સાથે સતત મોબાઈલમાં વાતો થાય છે. બાળક જેમ ૧ થી ૧૦૦ સુધી આંક બોલે છે તેમ દિકરી ઘર કહાની જણાવે છે. સવારે આમ થયું, બપોરે મારા સાસુ વઢ્યા, સાંજે નણંદે અદેખાઈ કરી, રાત્રે હું જમી નહીં. બસ દિકરીના પિતાની ચિંતા વધી. વાતનું વતેસર થયું. વાત લાંબી કરીને કહેવાણી તો અહીં પાછી આવી જા. થઈને સમસ્યા ?

દિકરીને માથું દુઃખે છે માવતરે ફોન, નવા કપડાં ખરીદવા છે માવતરે ફોન, વ્યવહારમાં જવું છે, માવતરે ફોન... આ પ્રકારની આપણી વિચાર પ્રણાલી લગ્ન વિચ્છેદ સમસ્યામાં કારણભૂત થાય છે. વળી અમુક માવતર પણ દિકરીને સતત સલાહ આપે છે અને દિકરી પતિ કે સાસુને અનુસરવાને બદલે માવતરની સલાહથી ચાલે છે. લગભગ મોટા ભાગના ઘરોમાં આવું જ ચાલે છે જેથી લગ્ન સમસ્યા થયા જ કરે છે.

લગ્ન વિચ્છેદ સમસ્યામાં મારે એટલું જ કહેવું છે કે પરણ્યા પછી દિકરીને સાસરે રહેવાનું છે. જિંદગી ત્યાં જ પસાર કરવાની છે. બે ઘરની શોભા વધારવાની છે. સુખનો ગુણાકાર અને દુઃખનો ભાગાકાર કરી સ્ત્રી સંસારમાં જ સ્વર્ગ સર્જે છે. સ્ત્રી પતિના સુખે સુખી અને તેના દુઃખે દુઃખી થાય છે. દુઃખના પ્રસંગે તે પુરુષના અશ્રુ લુછે છે અને તેને ધૈર્ય આપે છે. એકાદ વાત મનગમતી ન થાય તો છૂટાછેડા લેવાનું વિચારતી આજની સ્ત્રીએ લગ્ન પ્રતિજ્ઞા પર મનન કરવા જેવું છે. છૂટા પડવા માટે લગ્ન થતા હોય તો લગ્નની જરૂર શી ?

ટૂંકમાં, મારી બુદ્ધિ પ્રમાણે લગ્ન વિચ્છેદ સમસ્યા મોબાઈલ ભાગ ભજવે તો તેને જાકારો આપો. દિકરીને સાસરામાં મન લગાવીને રહેવા દો. એના ઘરમાં સમસ્યા ઉભી ન કરો. દિકરી બધાને વહાલી હોય. ખાસ કરીને પિતાજીને દિકરીના વિદાય વખતે પિતાને ખૂબ જ દુઃખ થાય છે નાનેથી મોટી કરી અચાનક ઘર છોડી ચાલી જાય તો દુઃખ તો થાય છે પણ જે સંસારની પરંપરા છે તે નિભાવવાની છે. પરણ્યા પછી થોડો મોહ ઓછો કરી સમજદારી પૂર્વક વર્તવું જોઈએ. જેથી લગ્ન સમસ્યા ઊભી ન થાય.

મને ચોક્કસ ખ્યાલ છે કે આપણા સમાજના બધા વડીલો સમાજદાર છે એકાદ ઘરમાં આવું મોબાઈલ રાજ ચાલતુ હશે. લગ્ન સમસ્યામાં સમાધાનરૂપે દિકરી સાથે મોબાઈલમાં અતિશય વાત બંધ કરો. જરૂરી વાત કરો. જે વસ્તુ જે રીતે ઉપયોગી છે, તે પ્રમાણે વાપરો. આ લેખથી દિકરીના મા-બાપને ઠેસ પહોંચે તો ક્ષમા કરશો. પણ હાલની જે પરિસ્થિતી છે તેનું મારે ધ્યાન દોરવું છે. વાચક મિત્રો, આ અંગે આપના મંતવ્ય જણાવજો.

## સ્નેહબંધન

સોનુ અને મનિષનું કોલેજમાં છેલ્લું વર્ષ હતું. બંને એકબીજાને પસંદ કરતા હતા. લગ્ન વિશે પણ ચર્ચા કરી અને કોલેજ પુરી થતાં બંને છુટા પડ્યા પણ થયું એવું કે થોડાક દિવસોમાં મનીષનો એક્સીડન્ટ થઈ ગયો અને તે બંને પગે અપંગ થઈ ગયો સોનુ બાજુના ગામડે રહેતી હતી તેને આ જાણ થતા તે મનીષના ઘરે આવી અને તેણે મનીષના મમ્મી-પપ્પાને કહ્યું કે પોતે મનીષથી પ્યાર કરે છે અને લગ્ન કરવા માંગે છે મનીષની મમ્મી સોનુને સમજાવે છે કે મનીષના બંને પગ કાયમના માટે કામ કરતા બંધ થઈ ગયા છે તું તો હજી ખૂબ નાની છો આ રીતે જીંદગી કેવી રીતે નીકળશે ત્યારે સોનુ એ કહ્યું કે હું મનીષની સેવા ચાકરી કરીને મારા જીવનને ધન્ય માનીશ આ રીતે સોનુ મનીષના મમ્મી-પપ્પા પાસે હા પડાવી અને પોતાના મમ્મી-પપ્પાને કહ્યું અને તેમને પણ એ રીતે સમજાવ્યા અને મનીષ સાથે ખુશી ખુશી લગ્ન કર્યા તો નારીનું આ બીજું રૂપ જેને નારાયણી કહે છે.

**— બારમેડા શાન્તાબેન અમૃતલાલ-અંજાર**

## પાટીદાર સમાજના સામુહિક પ્રયાસનું એક ઉત્તમ ઉદાહરણ

બે દંપતિનો સંસાર તૂટતો બચ્યો તથા વિવાદ ભૂલી ફરી એક થયા.

આજના હાઈ-ફાઈ યુગના કુટુંબમાં સાથે રહેતી વ્યક્તિઓને ક્યારે અને કઈ બાબતે વાંધો પડે તે નક્કી ન કહી શકાય. પરંતુ **ઉમિયા સમાધાન પંચ-જૂનાગઢ**ની લીગલ એઈડ કમિટીના સભ્યોને આવા વિવાદ ઉકેલવાના મહારતથી જ તાજેતરમાં જુદા જુદા ગામના બે દંપતિઓનો આવો વિવાદ પંચના સભ્યોએ સલુકાઈથી ઉકેલી આપીને, બંને દંપતિઓને પરસ્પરની ભૂલનો અહેસાસ કરાવીને ફરી એવું નહિ થાય તેની ખાત્રી મેળવીને બંને દંપતિનો સંસારરથ પાટા પર ચડાવી દીધો છે. પત્ની તેના સાસરે જવા રાજી થઈ અને પતિ અને સ્વીકારવા રાજી થયા હતા. સમાધાન પંચના પ્રમુખ-મેનેજીંગ ટ્રસ્ટીશ્રી મોહનભાઈ પટેલે આ બંને દંપતિઓને ભાવિ સુખી જીવનની શુભેચ્છા પાઠવી છે. આ પંચના કાયમી દાતાશ્રી પરસોત્તમભાઈ દેલવાડિયાએ સ્વખર્ચે બધાને પેંડા ખવડાવીને મોં મીઠા કરાવ્યા અને પંચના સભ્યોએ સમાધાન પંચના કાર્યાલયેથી જ આ દંપતિને વિદાય આપીને શુભાશિષ પાઠવ્યા હતા.

**સંકલિત : ઉમિયા દર્પણ**

## લગ્ન, સમજણ અને છૂટાછેડા

એક ઘરમાં પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો. ઝઘડાનું કારણ હતું - પતિ રોજ ઘરે મોડો આવતો. પતિનો નવો ધંધો હતો. બિચારો પ્રયત્ન કરે તો ય વહેલા ઘરે આવી શકતો નથી. પત્નીની ઈચ્છાઓને માન આપવાનું એણે ઘણું મન થતું, પણ જો ધંધામાં ધ્યાન ન આપે તો નુકશાન જાય એમ હતું. પત્ની બરાબર ધુંધવાયેલી રહેતી. રોજ ટક-ટક થયા કરતી પણ એક દિવસ મોટો ઝઘડો થયો. પત્નીએ ઘણા દિવસથી ધરબી રાખેલો ગુસ્સો એ દિવસે ઠાલવી નાખ્યો. પતિ ખુલાસો કરે પણ પત્ની એ દિવસે કોઈ વાત સાંભળવાના મૂડમા નહોતી. પતિ એક વાક્ય બોલે ત્યાં પત્ની ધડાધડ દસ વાક્યો બોલી નાખતી. બે કલાક સુધી મહાભારત ચાલ્યું. અંતે અબોલા.

બંને વચ્ચે બોલ્યા વગર અઠવાડિયું પસાર થઈ ગયું. પતિથી ન રહેવાયું. એણે પત્નીને કાગળ લખી એક સૂચન લખ્યું. આપણે બંને બપોરે ડાયનિંગ ટેબલ પર બેસીએ અને એક બીજાના મનમાં જે કાંઈ ફરિયાદો હોય એ કાગળ પર લખીએ. ત્યારબાદ કાગળ એકબીજાને આપીએ. પત્ની ધૂંધવાયેલી હતી છતાંય પતિના પ્રસ્તાવ માટે તૈયાર થઈ. બીજા દિવસે બંને ડાયનિંગ ટેબલ પર બેઠાં. પત્નીએ તો અડધો કલાક સુધી ફ્લેકસ કાગળ પર ધડાધડ લખવા માંડ્યું. મહિનાઓથી મનમાં ધરબી રાખેલી બધી ફરિયાદો કાગળ ઉપર ઠાલવી નાખી. તમારું મને આ નથી ગમતું, તમારો સ્વભાવ આવો છે, તમે મને પેલું ના લઈ આપ્યું, ફરવા ન લઈ ગયા, રેસ્ટોરન્ટમાં જમવા ના લઈ ગયા, મારી મમ્મી આવી ત્યારે તમે સરખું બોલ્યા ન હતા, તમારે તમારી ફલાણી આદત સુધારવાની જરૂર છે. વગેરે વગેરે.... નક્કી થયા મુજબ બંનેએ એકબીજાના કાગળની આપલે કરી.

પત્નીએ પતિનો કાગળ જોયો. એમાં એક જ વાક્ય લખેલું હતું. વહાલી, હું અનહદ ચાહું છું. તારા વિના હું અધૂરો છું. આઈ લવ યુ. પત્ની કાગળ સામે જોઈ રહી. ચહેરો ગુલાબી થઈ ગયો. ઉભી થઈ. ઝડપથી પતિના હાથમાંથી પોતે લખેલો કાગળ ઝુંટવી લઈ ફાડીને ફેંકી દીધો. ભીની આંખે પતિનો સ્નેહથી હાથ પકડ્યો. બંનેની આંખોમાંથી પ્રેમ વરસી આવ્યો.

**સંકલિત : દિવ્ય ભાસ્કર**

## સગાઈ - સગપણ - સંબંધ તૂટતા અટકે આ અંગે મંતવ્ય

આપનો મારું કંસારા સોની સમાજ છે જેથી બંને પક્ષોએ સમાજની જ અંદર સંબંધો બંધાય તે છોકરો હોય કે છોકરી સમૂહ લગ્નમાં ન લેવાવા જોઈએ વર્તમાન સમયમાં આવું વધુ પડતુ બનવા પાચે છે. જેથી તેના પરચણ અંકુશ આવશે. આજે છોકરા-છોકરીની આપસમાં પસંદગી હોય તો જ સંબંધો થતા હોય છે. વડીલોના સલાહ સૂચન ધ્યાને લેવાતા નથી. એ પણ એક દુઃખદ બાબત છે. છોકરો હોય કે છોકરી ભલે પોતાનું ધાર્યું કરે પરંતુ મારી તેઓને નમ્ર વિનંતી છે કે તેમણે પોતાની હેસિયત સમજીને તે પ્રમાણે પસંદગી કરવી જોઈએ વર કે વધુ પક્ષે કોઈએ પણ વધુ પડતી અપેક્ષા ન રાખવી જોઈએ. બંનેઓએ એક બીજાના સ્વભાવ-સહનશક્તિને વધુ પસંદગી આપવી. ખોટા ખર્ચ કે દેખાદેખી ન કરવી આજના મોંઘવારીના સમયમાં ખોટાખર્ચથી બચી શકશે, તો જ સંબંધો તુટતા અટકશે. એવું મારું માનવું છે.

**સોની ચંદુલાલ દેવજી બગા-ભુજ**

## અવકાશીય ગ્રહોની અસર !

ભારતમાં પહેલાં યુવક-યુવતીની જન્મકુંડળીઓનું લગ્ન થાય છે. તેમનું લગ્ન તો તે પછી જ થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, વિવાહ કાગળના બે ટુકડાઓ વચ્ચે નક્કી થાય છે. વિવાહ બંધન માટે યુવક-યુવતીની કુંડળીઓ મેળવવામાં આવે છે. આ કુંડળીઓ મળે તો ઠીક, નહિતર પૂજા-પાઠ હોમ-હવન દ્વારા ફળજ્યોતિષીઓ જોડકાં મેળવી આપવામાં પાવરધા હોય છે. આમ છતાં, આ દુનિયામાં મોટા ભાગના લગ્નો કુંડળી મેળવ્યા વગર જ થતાં હોય છે અને તે લગ્નો પણ સફળ નીવડ્યા છે, જ્યારે કુંડળીઓ મેળવ્યા પછી ગોઠવાયેલા કેટલાય લગ્નો નિષ્ફળ ગયાં છે આવું કેમ બને છે ?

આયુર્વેદિક ગ્રંથમાં અને મનુસ્મૃતિમાં પણ ગ્રહ, નક્ષત્ર, રાશિ વગેરેને મેળવીને લગ્ન કરવાનું ક્યાંય લખ્યું નથી. એટલે જન્મકુંડળી મેળવીને વિવાહ યા લગ્નનો નિર્ણય કરવો તે અવૈજ્ઞાનિક ઉપરાંત અધાર્મિક તથા વરકન્યાના જીવનને અકારણ શંકાગ્રસ્ત અને છિન્ન ભિન્ન કરવા જેવું છે.

શું કુંડળીઓ મેળવીને કરવામાં આવેલા લગ્નથી પતિ-પત્ની જીવનભર સુખી રહે છે ? તેઓ વિધુર કે વિધવા નહિ થાય, એ વાતની ખાતરી મળી જાય છે ? દંપતી જીવનભર કલહ નહિ કરે કે તેમનામાં ક્યારેય છૂટાછેડા નહિ થાય કે તેઓ ક્યારેય અકસ્માતનો શિકાર નહી બને ? કેવી બેહૂદી ધારણા છે આ કુંડળી મેળવવાની !

કેપ્લરના નિયમની શોધ અને ન્યૂટનની, સૂર્યની આસપાસ ગ્રહોના ભ્રમણની સમજૂતી પછી પણ ફળજ્યોતિષિઓએ ફળજ્યોતિષની અર્થહીનતાનો સ્વીકા કર્યો નથી, એ કેટલું વિચિત્ર કહેવાય ! મહાન ખગોળશાસ્ત્રી ફ્લેમેરિયને બહુ સ્પષ્ટ ભાષામાં વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ રજુ કરતા કહ્યું છે કે, ‘નિરીક્ષણની કોઈપણ હકીકત ગ્રહો અને તારાઓની આપણા ભાગ્ય ઉપર કોઈ અસર થાય છે તેમ સાબિત કરતી નથી.’

આ અંગેનું તેમનું કમ્પ્યુટર આધારિત વિશ્લેષણ, સને ૧૯૮૩માં પ્રકાશિત કરવામાં આવ્યું હતું. જેમાં તેમણે ફળજ્યોતિષને રદિયો આપ્યો. તેમણે જણાવ્યું કે કુંડળી આધારિત ભવિષ્યકથનને સાબિત કરતો એક પણ પુરાવો તેમને મળ્યો નથી. ભલે પછી ફળ જ્યોતિષશાસ્ત્રીઓ તેનું સાચું વિજ્ઞાન પુરવાર કરવા મથતા હોય. એટલું તો હવે દિવા જેવું સ્પષ્ટ છે કે જન્મસમયના આકાશ સ્થિત ગ્રહો, તારા, નક્ષત્રોની મનુષ્યના ભાવિ ઉપર કોઈ અસર હોતી નથી, તેમજ તેનો કશો પ્રભાવ પણ હોતો નથી. વળી, મનુષ્યની વારસાઈ તેમજ વ્યક્તિત્વને પણ કોઈ અસર થતી નથી અને કોઈ ભાગ પણ ભજવતી નથી. *(રીડર્સ ડાયજેસ્ટ - બુક ઓફ ફેક્ટસમાંથી સાભાર)*

## મંગળ : યુવક-યુવતીઓનો દુશ્મન ?

મંગલ સંસ્કૃત શબ્દ છે. તેનો અર્થ છે શુભકર્તા, આવો શુભકર્તા ગ્રહ કોઈનું અમંગળ કે ખરાબ કરે જ નહિ. મંગળવાળી કુંડળી ખરાબ અને એ વગરની સારી, એવી માન્યતા માટે કશો જ આધાર નથી.

આ મંગળના અનુસંધાનમાં અનેક પ્રશ્નો સર્જાયા વિના રહેતા નથી. શું મુસ્લિમ કે ખ્રિસ્તી કન્યાના લગ્ન કુંડળી જોઈને કરવામાં આવે છે ? પારસી કે યહૂદી કોમમાં મંગળને આધારે લગ્ન લેવાય છે ? રશિયામાં, અમેરિકામાં કુંડળીઓ જોઈને લગ્ન થાય છે ? ફુટપાથ અને ઝુંપડપટ્ટીમાં વસતા લાખો ગરીબ લોકોના લગ્નની આડે મંગળ આવે છે ખરો ? જન્મકુંડળી જોઈને લગ્ન કરનારને ત્યાં પણ કલેશ તો થતો જ હોય છે. આપઘાત કે છૂટાછેડા સુધી પણ વાત પહોંચતી હોય છે. તો પછી મંગળને અનુલક્ષીને લગ્ન કરવામાં કે ન કરવામાં અંધશ્રદ્ધા જ નથી શું ? આવી અંધશ્રદ્ધાનું અનુસરણ વડીલો કરે અને તેનો ભોગ બને ગરીબ ગાય જેવી દીકરીઓ !

મંગળ અંગેની ચિત્રવિચિત્ર માન્યતાઓ શ્રમજીવી ગરીબ લોકોમાં જવલ્લે જ જોવા મળે છે. પરંતુ સાધન સંપન્ન લોકોમાં તે અંગે ઘણી શ્રદ્ધા દેખાય છે. આથી એવો નિષ્કર્ષ નીકળે છે કે મંગળની માન્યતા એ બેઠાખાઉ લોકો માટેનું સંદિગ્ઠ મનોરંજન છે.

એક ઉદાહરણ જોઈએ : સુધાકર નામના એક યુવાનનું એક મોટર અકસ્માતમાં પગનું હાડકું ભાગી ગયું. ઘરવાળાએ તુરત જ તેની પત્નીની કુંડળીની તપાસ શરૂ કરવી દીધી. તેમાંથી એવું શોધી કાઢવામાં આવ્યું કે, તેની પત્ની મંગળવાળી છે. તેના ભારે ગ્રહોને કારણે જ પતિ સુધાકર પર આપત્તિ આવી પડી હતી. પરિણામે તેની પત્નીને કુપિત ગ્રહોની શાંતિ માટે અનેકવિધ ઉપવાસ કરાવવામાં આવ્યા અને તેમાંથી આવેલી અશક્તિને કારણે તે માંદી પડી ગઈ. કુંટુબની મોટાભાગની વ્યક્તિઓ ગ્રહશાંતિ માટે ફળજ્યોતિષીઓને ઘરે ચક્કર લગાવતી રહી. પરિણામે સુધાકરની યોગ્ય સારસંભાળ ન થઈ શકી, અને તેને સેપ્ટિક થઈ ગયું, છેવટે તેનો પગ કપાવવો પડ્યો, નહીં તો જાન જોખમમાં આવી પડત.

જેનો જન્મ અને ઉછેર વિજ્ઞાનમાં આગળ વધેલા અમેરિકામાં થયો હોય જેની ગળથૂથીમાં જ વિજ્ઞાનનું પાન કરાવવામાં આવ્યું હોય તેવા ભારતીય યુવક-યુવતીઓ ભારતમાં લગ્ન કરવા આવે છે, ત્યારે સૌ પ્રથમ જન્માક્ષર માગે છે અને જન્માક્ષર મળે તો લગ્ન કરે છે, નહી તો લગ્ન કર્યા વગર જ પાછા ફરતા હોય છે ! ખરેખર, આ તો વિજ્ઞાનનું જ અપમાન કરવા બરાબર છે. આવા યુવક-યુવતીઓને શું કહેવું ?

**સૌજન્ય : ‘વહેમ અંધશ્રદ્ધા નિષેધ’ વિવાહ લગ્ન સંબંધમાં પુસ્તકમાં ડૉ. જેરામ જે. દેસાઈના લેખના કેટલાક અંશ**

# બ્લડ ગ્રુપ વિષે જાણવા જોગ

***હોસ્પિટલમાં દાખલ થયેલા દર્દી ખાસ કરીને એનું ઓપરેશન થવાનું હોય ત્યારે એના માટે રક્ત ચડાવવાનું જરૂરી થઈ જાય છે આવે વખતે ડોક્ટર એના બ્લડગ્રુપની જાંચ કરે છે આ બ્લડગ્રુપ એટલે શું એની સાધારણ જાણકારી અત્રે આપી છે.***

પુખ્તવયની વ્યક્તિના શરીરમાં કુલ ૫ લિટર જેટલું લોહી હોય છે. લોહી અનેક પ્રકારના કાર્યો કરે છે (૧) ફેફસામાંથી ઓક્સિજન મેળવીને તે શરીરના દરેક કોષને પહોંચાડે છે. (૨) પેશીઓમાં ઉત્પન્ન થતા કાર્બન ડાયોકસાઈડ તે ફેફસા સુધી લઈ જાય છે. જેથી તેને ઉચ્છ્વાસમાં બહાર કાઢી શકાય (૩) પાચનતંત્રમાંથી પચેલા દ્રવ્યોને કોષો સુધી પહોંચાડે છે. (૪) શરીરમાંના ઉત્સર્ગશીલ દ્રવ્યો (કચરો) ને મૂત્રપિંડ, ફેફસા અને પ્રસ્વેદગ્રંથિ સુધી પહોંચાડે છે. (૫) અંતઃસ્રાવી ગ્રંથિઓમાંથી અંતસ્રાવોને શરીરના કોષો સુધી પહોંચાડે છે. (૬) ચયાપચન (metabolism) માં ઉપયોગી ઉત્સેચકો (ehzymes)ને કોષો સુધી પહોંચાડે છે, વગેરે

લોહીના મુખ્ય ૨ ઘટક દ્રવ્યો છે. ઘન અને પ્રવાહી. લોહીના પ્રવાહી ભાગને રૂધિર પ્રરસ (Blood plasma) કે પ્રરસ કહે છે. જે આશરે ૫૫% જેટલું છે. જ્યારે બાકીનો ૪૫% ભાગ કોષો અને કોષમય સંરચનાઓનો બનેલો હોય છે. આ કોષોના મુખ્ય ત્રણ પ્રકાર છે. રક્તકણ (Red Blood Cells), શ્વેતકણ (Leucocytes), ત્રાકકણ (platelates) આ બધાને સંયુક્તરૂપે રૂધિરકોષો Blood Cells કહે છે. જે પૈકી રક્તકણ (Red Blood Cells) લોહીનો ખૂબ જ અગત્યનો ભાગ છે. લોહીનું એક ટીપું લાખોની સંખ્યામાં રક્તકણ ધરાવે છે, જે આપણા શરીરમાં સતત ફરતા રહી ઓક્સિજન પૂરો પાડે છે અને નકામા કચરાનું વહન કરે છે. હિમોગ્લોબીન નામના રાસાયણિક પ્રોટીનને કારણે આ રક્તકણો લાલ રંગના હોય છે. આ રક્તકણોનું આયુષ્ય ૧૨૦ દિવસ જેટલું હોય છે. આપણા હાડકા નવા રક્તકણો સતત ઉત્પન્ન કરતા રહે છે, જેથી આપણું લોહી સતત બનતું રહેતું હોય છે. આ કારણથી જ પુખ્ત ઉંમરની તંદુરસ્ત વ્યક્તિએ હંમેશા રક્તદાન કરવું જોઈએ, જેથી આકસ્મિક સંજોગોમાં અન્ય જરૂરિયાતમંદ વ્યક્તિનો જીવ બચાવી શકાય.

લોહીમાં રહેલા શ્વેતકણો (White Blood Cells) શરીરમાં પ્રવેશતા ને ચેપ કરતા સૂક્ષ્મ જીવોનો નાશ કરે છે. આ શ્વેતકણો થોડાક દિવસોથી થોડાક અઠવાડિયાઓ સુધીનું જ આયુષ્ય ધરાવે છે. લોહીનું એક ટીપું ૭૦૦૦ થી ૨૫૦૦૦ ની વચ્ચે શ્વેતકણો ધરાવે છે. પરંતુ જરૂરિયાત સમયે તેનું ઉત્પાદન વધી જાય છે. આ શ્વેતકણોની મોટી સંખ્યામાં હાજરી લ્યુકેમિયા (બ્લડકેન્સર)ના લક્ષણો દર્શાવે છે. લ્યુકેમિયાના દર્દીના લોહીના ટીપામાં ૫૦,૦૦૦ જેટલા શ્વેતકણો હોય છે. લોહીમાં રહેલા ત્રાકકણો લોહીને જામવામાં / થીજવામાં મદદ કરે છે.

આમ, તો દરેક વ્યક્તિનું રક્ત સરખું જ લાગે છે. પરંતુ માઈક્રોસ્કોપથી જોતા ખ્યાલ આવે છે કે તે વિવિધ પ્રકારનું હોય છે. લોહીના બે રીતે ગ્રુપ પાડવામાં આવે છે. (૧) ABO પ્રણાલી (૨) Rh પ્રણાલી.

આપણે રક્તકોષો વિષે જાણ્યું. આ રક્તકોષો ઉપર 'A' કે 'B' પ્રકારના રાસાયણિક અણુઓ (પુંજજનક કે Agglntinagen) આવેલા હોય છે. જો રક્તકોષો ઉપર ફક્ત 'A' પ્રકારના અણુઓ હોય તો 'A' પ્રકારનું બ્લડગ્રુપ ગણાય છે. અને જો 'B' પ્રકારના અણુઓ હોય તો 'B' પ્રકારનું બ્લડગ્રુપ ગણાય છે. 'A' અને 'B' બંને પ્રકારના અણુઓ રક્તકોષો ઉપર હાજર હોય તો 'AB' પ્રકારનું બ્લડગ્રુપ ગણાય છે. અને જો રક્તકોષો ઉપર 'A' કે 'B' માંથી કોઈપણ પ્રકારના અણુઓ હાજર ના હોય તો તે બ્લડગ્રુપને 'O' પ્રકારનું બ્લડગ્રુપ ગણાય છે.

**જો ઉપર જણાવેલા ભિન્ન પ્રકારના બે બ્લડગ્રુપ અજાણતાં ભેગા થઈ જાય તો નસોમાં ગાંઠો પડી જાય છે અને વ્યક્તિનું મૃત્યુ થઈ શકે છે. આથી જ દર્દીનું બ્લડગ્રુપ જાણીને એને માટે યોગ્ય ગ્રુપનું બ્લડ એને મેળવીને જ આપવામાં આવે છે.**

'A' બ્લડગ્રુપ ધરાવતી વ્યક્તિ, 'A' કે 'AB' બ્લડગ્રુપ ધરાવતી વ્યક્તિને લોહી આપી શકે છે. 'B' બ્લડગ્રુપ ધરાવતી વ્યક્તિને 'B' કે 'AB' બ્લડગ્રુપ ધરાવતી વ્યક્તિને લોહી આપી શકે છે. પરંતુ 'AB' બ્લડગ્રુપ ધરાવતી વ્યક્તિ, 'AB' બ્લડગ્રુપ ધરાવતી વ્યક્તિને જ લોહી આપી શકે છે. તેવી જ રીતે 'A' બ્લડગ્રુપ ધરાવતી વ્યક્તિ 'A' કે 'O' ગ્રુપ ધરાવતી વ્યક્તિનું લોહી સ્વીકારી શકે છે. 'B' બ્લડગ્રુપ ધરાવતી વ્યક્તિ, 'B' કે 'O' બ્લડગ્રુપ ધરાવતી વ્યક્તિનું લોહી સ્વીકારી શકે છે. આમ 'AB' બ્લડગ્રુપ ધરાવતી વ્યક્તિ કોઈપણ બ્લડગ્રુપનું લોહી સ્વીકારી શકે છે. જ્યારે 'O' બ્લડગ્રુપ ધરાવતી વ્યક્તિ ફક્ત અને ફક્ત 'O' બ્લડગ્રુપ ધરાવતી વ્યક્તિનું જ લોહી સ્વીકારી શકે છે.

આ જ કારણથી 'O' બ્લડગ્રુપ ધરાવતી વ્યક્તિને

સાર્વત્રિક દાતા (Universal Donor) તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે AB બ્લડગ્રુપ ધરાવતી વ્યક્તિને સાર્વત્રિક સ્વીકારકર્તા (Universal receiver) કહે છે.

ઉપરોક્ત બ્લડગ્રુપ ઉપરાંત રક્તમાં રહેલ Rh પ્રમાણે પણ બ્લડગ્રુપ મેળવવું જરૂરી હોય છે.

સામાન્ય રીતે વૈજ્ઞાનિકો ર્‌હિસસ (Rhesus) નામના વાંદરા ઉપર બધા જ પ્રયોગો કરતા હોય છે. કારણકે તેના શરીરનું બંધારણ માનવશરીરના બંધારણ જેવું જ હોય છે. અભ્યાસ કરતા વૈજ્ઞાનિકોને ર્‌હિસસ વાંદરાના રક્તમાં એક ચોક્કસસ પ્રકારનું પ્રોટીન જણાયું. આવું પ્રોટીન કેટલાક માણસોના લોહીમાં પણ જણાયું. પરંતુ અમુક માણસોના લોહીમાં આ ચોક્કસ પ્રોટીન ન જણાયું. આ ચોક્કસ પ્રોટીનની હાજરી અને ગેરહાજરી ર્‌હિસસ પ્રકાર (Rhesus Factor) નક્કી કરે છે.

જો કોઈ વ્યક્તિના લોહીમાં ઉપર જણાવેલ એક ચોક્કસ પ્રોટીન હોય તો એનું લોહી આર.એચ. પોઝીટીવ Rh+ ગુણ ધરાવે છે. અને જો આ પ્રોટીન ન હોય તો આર.એચ. નેગેટીવ Rh- પ્રકારનું ગણાય છે.

આ Rh પ્રણાલીને અગાઉ જણાવેલા લોહીના ગ્રુપ જોડે જોડવામાં આવે છે. દા.ત. તમારું લોહી AB+ હોઈ શકે એટલે કે ABએ તમારું બ્લડગ્રુપ છે, જે Rh પોઝીટીવ (+ve) છે.

આમ ચોક્કસ બ્લડગ્રુપ (A, B, AB, O) તેમજ ર્‌હિસસ (Rh + કે –) પ્રકારના ધ્યાનમાં રાખીને વ્યક્તિનું બ્લડગ્રુપ નક્કી થાય છે. એટલે પ્રત્યેક વ્યક્તિએ એનું બ્લડ ગ્રુપ તપાસી તેની નોંધ રાખવી જરૂરી છે.

***સંકલીત : સૌજન્ય 'તથાગત' જૂન, ૨૦૦૭માં મલય દવેના લેખનો સંક્ષેપ.***

---

# પુરુષોત્તમ માસ (અધિક માસ) નિમીત્તે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ સમાજના વડીલો માટે ખાસ યાત્રા પ્રવાસનું આયોજન

અધિક માસ નિમીત્તે આપણી જ્ઞાતિના વડીલો માટે **નહી નફો નહી નુકસાન**ના ધોરણે ત્રિવેદી સંગમની યાત્રાનું આયોજન કરેલ છે.

આ યાત્રામાં **હરિદ્વાર, ઋષિકેશ, ગોકુલ વૃંદાવન, મથુરા અને દિલ્હીના તમામ પ્રમુખ તીર્થ સ્થાનોના દેવદર્શન**નું આયોજન રાખેલ છે.

યાત્રાની **તારીખ ૪-૯-૨૦૧૨ થી ૯-૯-૨૦૧૨** છે. જેમાં દિલ્હી સુધી ટ્રેઈન દ્વારા અને ત્યારબાદ બસ દ્વારા પ્રવાસનું આયોજન તથા **બુકીંગ માટેની અંતિમ તારીખ ૨૨-૮-૨૦૧૨ રાખેલ છે.**

આ યાત્રા ફક્ત આપણા જ્ઞાતિજનો માટે હોઈ તેનો મહત્તમ લાભ લેવા અનુરોધ છે.

**વધુ વિગત માટે સંપર્ક**

**સુનિલ બીજલાણી**

એસ. કે. ટુરીઝમ, કંસારા બજાર રીંગ રોડ, ભુજ-કચ્છ.

**ફોન : ૦૨૮૩૨-૬૫૪૪૯૫, મો. ૯૮૨૫૮૩૧૦૮૫**

# ખરીદેલી વસ્તુ કે સેવા ખામી યુક્ત હોય ત્યારે ...

આપણામાંના ઘણા અવારનવાર ગ્રાહક તરીકે ડગલેને પગલે છેતરાવા છતાં વસ્તુ વેચનાર કે સેવા આપનાર વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરતા નથી. એના કારણોમાં ગ્રાહક તરીકે ફરિયાદ નોંધાવવા વિષે પુરી જાણકારી ન હોવી અથવા સમય અને સંજોગો અનુકુળ ન હોવાનાં હોઈ શકે.

ગ્રાહક સંરક્ષણ અધિનિયમ, ૧૯૮૬ અનુસાર જે વ્યક્તિ વસ્તુઓ અથવા સેવાઓ પોતાના વપરાશ અર્થે ખરીદે તે ગ્રાહક છે. ગ્રાહક વ્યક્તિ કે સ્વૈચ્છિક ગ્રાહક સંસ્થા, કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, કે સમાનહિત ધરાવતા એકથી વધુ ગ્રાહકોનો સમૂહ ગ્રાહક તરીકે આવી ફરિયાદ નોંધાવી શકે છે. આવી ફરિયાદ ક્યાં અને ક્યારે નોંધાવી શકાય ?

**ફરિયાદ ક્યારે ?**

★ વસ્તુ વેચનાર અથવા સેવા આપનાર દ્વારા વેપારને અનુચિત પ્રતિબંધિત રીત અપનાવવામાં આવી હોય, જેના પરિણામે ગ્રાહકને ક્ષતિ અથવા હાનિ. ★ જો ખરીદેલી વસ્તુઓમાં કશી ઊણપ હોય. ★ જો પ્રાપ્ત કરેલી સેવાઓ કોઈમાં ઊણપ હોય. ★ જો વસ્તુઓ પર દર્શાવેલી કે તે સમયે અમલમાં હોય તેવા કાયદાની રૂએ અથવા તેના દ્વારા નક્કી કરેલી કિંમતથી વધુ કિંમત લેવામાં આવી હોય. ★ જો કોઈ કાયદાનું ઉલ્લંઘન કરી જનતા સમક્ષ એવી વસ્તુઓના વેચાણની રજુઆત થઈ રહી હોય જે જીવનની સુરક્ષા માટે હાનિકારક હોય.

**ફરિયાદ ક્યાં કરવી ?**

★ આ પ્રકારની ફરિયાદો માટે જિલ્લા કક્ષાથી લઈને રાષ્ટ્રીય કક્ષા સુધીનું વ્યવસ્થિત તંત્ર ગોઠવવામાં આવ્યું છે. જિલ્લા કક્ષાએ ગ્રાહક નિવારણ ફોરમ સ્થાપવામાં આવ્યા છે. જો કોઈ વસ્તુ અથવા સેવાનું મૂલ્ય અને માગવામાં આવેલ વળતર વીસ લાખ રૂપિયા સુધી હોય તો આવા જિલ્લા કક્ષાના ફોરમમાં ફરિયાદ નોંધવામાં આવે છે. વીસ લાખ રૂપિયાથી એક કરોડ રૂપિયા સુધીના વળતરની ફરિયાદ રાજ્ય કમિશનને કરવાની રહે છે. તદુપરાંત રાષ્ટ્રીય સ્તરે પણ કમિશન છે, જ્યાં એક કરોડ રૂપિયાથી વધુ વળતરના કેસોની ફરિયાદ આપી શકાય છે.

આવી ફરિયાદ ગ્રાહકે ખરીદેલી વસ્તુ કે એને મળેલી સેવાઓ અંગેની તારીખથી નોંધાવવાની કાર્યવાહીનું કારણ ઉત્પન્ન થયું હોય, તેના બે વર્ષ દરમ્યાન ફરિયાદ નોંધાવી શકાય છે. ફરિયાદ નોંધાવવા માટે રૂ. ૧ લાખની રકમ સુધી ૧૦૦ રૂ. ફી ભરવી પડે છે. રૂ. ૧ લાખ થી ૫ લાખ સુધીના કેસ માટે રૂ. ૨૦૦ ફી ફરવી પડે છે. રૂ. ૫ લાખથી ૧૦ લાખ સુધીના કેસ માટે રૂ. ૪૦૦ ફી ભરવી પડે છે. જ્યારે રૂ. ૧૦ લાખથી ૨૦ લાખ સુધીના કેસ માટે રૂ. ૫૦૦ ફી ભરવી પડે છે. સોગંદનામા (શપથપત્ર) માટે સ્ટેમ્પ-પેપરની જરૂર હોતી નથી, આવી ફરિયાદ ફરીયાદી જાતે અથવા તેના કોઈ અધિકૃત એજન્ટ દ્વારા કરી શકાય છે. વકીલ રોકવો જરૂરી નથી.

**ફરિયાદમાં નીચે દર્શાવેલી માહિતી જરૂરી છે.**

★ ફરિયાદીનું નામ, ઉંમર અને પુરું સરનામું. ★ પ્રતિવાદી પાર્ટી પુરા નામ અને સરનામા ★ વસ્તુ અથવા સેવા મેળવ્યાની તારીખ ★ વસ્તુ અથવા સેવા મેળવવા ચુકવાયેલી રકમ ★ ખરીદેલી વસ્તુની સંખ્યા અથવા મેળવેલી સેવા ★ શું ફરિયાદ વેપારના અનુચિત-પ્રતિબંધિત નીતિ, નુકસાની ગ્રસ્ત વસ્તુઓ, અપૂરતી સેવા નક્કી કરેલ કિંમતથી વધુ કિંમતની માંગ સાથે સંબંધિત છે ? ★ બિલ-વાઉચર-રસીદની નકલો અને જો કોઈ પત્રવ્યવહાર કર્યો હોય તો તેની નકલો. ★ માગવામાં આવેલી રાહત.

ગ્રાહક તકરાર નિવારણ અદાલત ફરિયાદકર્તાને એની ફરિયાદના સત્યાપન બાદ સામાન્ય રીતે, નીચે મુજબની રાહતો માટે આદેશ કરી શકે છે.

★ વસ્તુઓની ખામીઓને દૂર કરવી. ★ વસ્તુઓની બદલી કરવી. ★ ચૂકવેલી કિંમત પરત કરવી. ★ જે હાનિ કે ક્ષતિ થઈ હોય તો તેની ભરપાઈ કરવી. ★ સેવામાંની ત્રુટિઓ કે કમીઓને દૂર કરવી. ★ ગ્રાહકને યોગ્ય કિંમતની ચુકવણી કરવી.

ગ્રાહક તકરાર નિવારણ ફોરમ પ્રત્યેક જીલ્લામાં છે. જેની માહિતી જિલ્લા કલેક્ટર કે પંચાયત ઓફિસમાંથી મળી શકે છે, જેમાંના બે સ્થળો, અમદાવાદ અને કચ્છ-ભૂજ, ના સરનામાં અત્રે આપેલ છે.

**★ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ (અમદાવાદ ગ્રામ્ય)**

બ્લોક નં. સી-૧૧, બહુમાળી ભવન, લાલદરવાજા, અમદાવાદ-૧ ફોન : ૨૫૬૨૬૩૭૨

**★ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ (અમદાવાદ શહેર)**

બાદશાહ ડેરીની બાજુની ગલીમાં, ભગવતી કોમ્પલેક્ષની પાછળ, જૈન મર્ચન્ટ સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ-૭. ફોન : ૨૬૬૦૮૯૫૯, ૨૬૬૦૮૯૬૯

★ કમિશન-૪, વિજયપાર્ક સોસાયટી, મિલનપાર્ક પાસે, નવરંગપુરા, અમદાવાદ. ફોન:૨૬૪૬૯૨૫૩, ફેક્સ:૨૬૪૪૨૮૭૫

**★ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ (ભુજ-કચ્છ)**

સર્કીટ હાઉસ પાસે, ભુજ, જિ. કચ્છ. ફોન : ૨૫૦૭૨૩

**★ નેશનલ કન્ઝ્યુમર ડીસ્પ્યુટસ રિડ્રેશલ કમિશન**

પાંચમો માળ, એ-વિંગ, જનપથ ભવન, જનપથ, નવી દિલ્હી-૧. ફોન : ૦૧૧-૨૩૭૧૨૪૫૯, ૨૩૭૧૨૧૦૯



**કુ. પ્રાજ્ઞી ચંદ્રકાંત પરમાર**

B.E. (Civil), M.E. (Civil), C Eng (UK) MICE (UK)

વડોદરામાં હાલ સ્થાયી થયેલ પરમાર પરિવારમાં અને જામનગરના મુળ રહેવાસી શ્રીયુત ચંદ્રકાંત ચુનીલાલ પરમાર (પિતાશ્રી) અને ડો. શ્રીમતી મૃદુલા સી. પરમાર (માતુશ્રી) જેઓ મૂળ કચ્છ ભુજ નિવાસી સ્વ. કેશવજી રણછોડ બુદ્ધભટ્ટીના પુત્રી છે. સંતાનોમાં બે પુત્રી રત્નો છે. કુ. કોમલ અને કુ. પ્રાજ્ઞી. બંને બહેનો ઉચ્ચ કેળવણી લઈ દેશમાં સ્થાયી થઈ છે.

કુ. કોમલે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડામાંથી B.Sc. અને ભાવનગર યુનિવર્સિટીમાંથી M.Sc. ની પદવી મેળવી. ઈ.સ. ૨૦૦૩માં ઈગ્લેન્ડની વિશ્વ પ્રસિદ્ધ યુનિવર્સિટી ઓફ ઈસ્ટ એંજલિયા, UEA Norwich માં Bioinformatics સાથે Master's Digree ની પરિક્ષા ઉત્તીર્ણ કરી છે. કુ. કોમલ હાલે કેનેડાની એક પ્રસિદ્ધ સોફ્ટવેર કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર છે.

જ્યારે કુ. પ્રાજ્ઞી યુ.કે.માં સ્થાયી થયા છે. કુ. પ્રાજ્ઞીએ B. E. Civil અને M.E. Civil Eng. M. S. University of Baroda માં GATE જેવી ઉચ્ચકક્ષાની રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ મેળવી પ્રથમ વર્ગ સાથે ઈ.સ. ૨૦૦૪માં ઉત્તીર્ણ કરી છે. તેણી હાલમાં UK ની અગ્રગણ્ય આંતરરાષ્ટ્રીય પર્યાવરણની કન્સલ્ટીંગ કંપનીમાં ઉચ્ચ ઈજનેરના હોદ્દા પર રહીને શૈક્ષણિક તેમજ વ્યવસાયિક પ્રગતિ કરી રહ્યા છે. યુ.કે.માં તેની કંપની લાખો પાઉન્ડના પ્રોજેક્ટ કરે છે જેમાં નીતિવિષયક અને મેનેજમેન્ટને લગતા ઉચ્ચકક્ષાના નિર્ણય લેવાય છે.



Miss Pragni Parmar Sustainability champion 2012 award

કુ. પ્રાજ્ઞી પ્રતિષ્ઠિત પર્યાવરણ સંબંધિત સંગઠનોમાં બંદર તેમજ સિવેજ પાણીના નિકાલ માટે, પુર નિયંત્રણ માટે સુગંઠિત પાઈપલાઈન અને તેની ડિઝાઈન ક્ષેત્રે મહત્વના કાર્યો કરવા માટે લાખો પાઉન્ડની પરિયોજના અંતર્ગત મહત્વના નિર્ણય અને વ્યવસ્થા સંબંધી અગત્યના નિર્ણય અને યોગદાન આપે છે. આશરે ૨૦ જેટલી ઈજનેરીની ટીમને નેતૃત્વ પુરુ પાડે છે.

કુ. પ્રાજ્ઞી દ્વારા કાર્યાન્વિત કેટલાક મહત્વના પ્રોજકેટોમાં પૂરમાં બચાવ વ્યવસ્થા, કાર્યપ્રણાલી હેતુલક્ષી પુર નિયંત્રણ વ્યવસ્થા, સંરક્ષણાત્મક ડેટા બેઈઝ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર બાંધકામ અભ્યાસલક્ષી પ્રોજેક્ટ તૈયાર કરવા જવાબદારી નિભાવવાની છે. તે ઉપરાંત સ્થાવર મિલકત બાંધકામની વ્યવસ્થા પદ્ધતિ જેમાં નાણાંકીય ખર્ચની જોગવાઈ અને મહત્વપૂર્ણ પ્રોજેક્ટો તૈયાર કરવા માહિતી પૂરી પાડવામાં મહત્વની ભૂમિકા નિભાવી છે. પાણી અંગેની ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરિયોજનાના ડિઝાઈન ખર્ચ, ડાઈવર્ઝન, બાંધકામ સર્વે ઈત્યાદિ ક્ષેત્રમાં મહત્વની સેવા આપે છે. ગંદા પાણીના નિકાલ નિયંત્રણ પરિયોજના સાથે ઊંડાણભર્યા નકશાઓની ડિઝાઈન તેમજ 'માઈક્રો ટનેલીંગ' ટેકનીકનું સંયોજન વગેરે તેના ક્ષેત્રમાં સમાવિષ્ટ થાય છે.

કુ. પ્રાજ્ઞીની બીજી પ્રવૃત્તિઓ જેવી કે વિશ્વ પ્રસિદ્ધ ઈન્સ્ટીટ્યુટ ઓફ સિવિલ એન્જીનીયર્સ (ICE) ના સભ્યપદે રહીને બાંધકામ ક્ષેત્રે અભ્યાસ અને પ્રવૃત્તિઓમાં લોકોને રસ લેતા કરવા, સેમિનાર કાર્યશાળા અને ટ્રેનીંગ પ્રોગ્રામ્સના સંચાલન જેવી મહત્વની કામગીરી કરે છે.

કુ. પ્રાજ્ઞી અમેરિકાની ઈન્સ્ટીટ્યુટ ઓફ હ્યુમેન સ્ટડીઝની એન્વાયરમેન્ટ એન્ડ સોસાયટી, સિટલ USA ના Better Earth ની નિબંધ સ્પર્ધામાં ભાગ લેવા માટે ખાસ પસંદગી પામી તેમના આમંત્રણથી કેલિફોર્નિયા યુનિવર્સિટી, સાનફ્રાંસિકો ખાતે પ્રતિનિધિત્વ કર્યું હતું. એક અઠવાડિયાથી વધુ સમય દરમ્યાન આ વિષયે વિશ્વના શ્રેષ્ઠ કક્ષાના વિદ્વાનોને મળવાનો અને તેની સાથે ચર્ચા કરવાનો એને અમૂલ્ય અવસર પ્રાપ્ત કર્યો હતો.

કુ. પ્રાજ્ઞીએ ઘર, કુટુંબ અને વતનની મમતાથી દૂર રહીને વિદેશમાં સ્વબળે આત્મવિશ્વાસપૂર્વક અધ્યયન અને વ્યવસાયિક પ્રવૃત્તિમાં રહીને Institute of Civil Engi-

neers ની ખૂબ જ પ્રતિષ્ઠાપૂર્ણ અને માન્યતા પ્રાપ્ત ચાર્ટર એન્જીનીયરની પરીક્ષામાં સફળતા મેળવીને તે પણ પ્રથમ પ્રયત્ને ચાલુ વર્ષે ૨૦૧૨માં મે મહિનામાં આ પદવી પ્રાપ્ત કરી છે. કુ. પ્રાજ્ઞીની આ સિદ્ધી એણે જ્ઞાતિ, કુટુંબ અને દેશનું આંતરરાષ્ટ્રીય ગૌરવ પ્રાપ્ત કર્યુ છે. તેણીએ નાની ઉંમરે ઘણા પ્રગતિશીલ દેશોના પરિભ્રમણ કર્યુ છે. જેમાં અમેરિકા, કેનેડા, ઈટલી, હંગેરી, ચેકોસ્લોવેલિયા, સ્વિટ્ઝરલેન્ડ, ફ્રાન્સ અને સ્પેન મુખ્ય છે. અને આ રીતે એને વિપુલ વ્યવસાયિક અભ્યાસલક્ષી અનુભવ પ્રાપ્ત થયો છે.

કુ. પ્રાજ્ઞીની આંતરરાષ્ટ્રીય વોટર ઈન્ફ્રાસ્ટકચર UK માં ડિઝાઈન ક્ષેત્રે મહત્વની કામગીરી અત્રે ઉલ્લેખનીય છે. આ વર્ષે ઈ.સ. ૨૦૧૨ જાન્યુઆરીમાં તૃતીય ટેકનીકલ પ્રેરણાદાયી યુરોપની હરિફ કંપનીઓમાંથી સર્વોત્તમ એન્ટ્રી મળી જેમાં તેની કંપનીને પડકારરૂપ પ્રોજેક્ટ માટે Embolded and operational Carbon Reduction લાવવાની સર્વોત્તમ ડિઝાઈન માટે તેમજ ટેકનીકલ જ્ઞાન પ્રદાન સંબંધિત અને સહયોગની Supply chain માં રહીને કડક ગુણવત્તા ધોરણો માટે કુ. પ્રાજ્ઞી Sustainbility ના ગૌરવ પ્રદ Champion (વિજેતા)ના એવોર્ડ માટે પસંદ થયા છે. આ હરિફાઈમાં યુરોપની ખ્યાતનામ કંપનીઓ અને સંસ્થાઓએ ભાગ લીધો હતો. આ બદલ કુ. પ્રાજ્ઞીને વિશિષ્ટ પારિતોષિક ઈનામ આશરે ૨૦૦ પાઉન્ડ મળ્યું છે. અહીં વિજેતા જાહેર કરનાર ઈજનેરે કડક ધોરણો અને લક્ષ્યાંકો ધ્યાનમાં રાખીને સર્વોત્તમ ભાગ લેનારની ભરપુર પ્રશંસા કરી હતી તેમજ ત્યાંના મુખપત્ર મેગેઝીનમાં પ્રકાશન કરી હતી.

પર્યાવરણના ક્ષેત્રમાં કુ. પ્રાજ્ઞીએ Substainbility માં પોતાની અભિનવ આગવી આગેવાની સમગ્ર યુરોપીય સંગઠનોમાં નોંધપાત્ર રહી છે. તેના સમુહમાં તેની પશમશે કંપનીમાં આશરે બે ડઝન જેટલા એન્જીનીયર્સ કામ કરે છે. તેમાં તેણીની કામગીરી શ્રેષ્ઠ રહી છે. તે બદલ Water Industries ના આયોજકોએ વિશિષ્ટ એવોર્ડથી સન્માન કર્યુ છે.

## શિક્ષણ

## જ્ઞાતિ ગૌરવ



**જીનલ પી. સોલંકી - માંડવી**

M.Com Sem.-II ૮૮.૦૦% સાથે કચ્છ યુનિ.માં પ્રથમ નંબર મેળવવા બદલ અભિનંદન.



એપ્રિલઃ ૨૦૧૨માં T.Y.B.A. માં ENGLISH મુખ્ય વિષય સાથે શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીમાં ૨જો ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. **કુ. રીતુ** એ ગત વર્ષોમાં F.Y. B.A. અને S.Y. B.A. પણ યુનિ. ટોપટેનમાં સ્થાન મેળવેલ હતું. કુ. રીતુ ઓલ્ફેડ હાઈસ્કૂલ, ભુજના ઉચ્ચ. માધ્ય. શિક્ષક શ્રી કિશોરભાઈ સોની તથા કેરા હાઈસ્કૂલના ઉ.મા. શિક્ષિકા શ્રીમતી જયોત્સ્નાબેન બુદ્ધભટ્ટીના સુપુત્રી છે. અને હાલે શ્રી આર. આર લાલન કોલેજ, ભુજમાં T.Y.B.A. અભ્યાસ પુરો કરેલ છે. હવે આગળ અભ્યાસમાં ENGLISH મુખ્ય વિષય સાથે શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીમાં M.A. નો અભ્યાસ કરી કોલેજ અધ્યાપિકા થવા મહેચ્છા ધરાવે છે.



વર્ષ ૨૦૧૧-૧૨માં સંસ્કૃતિ આર્ટ ફાઉન્ડેશન, પાલનપુર દ્વારા આયોજીત નેશનલ કોમ્પીટીશનમાં ભાગ લઈ સુવર્ણ ચંદ્રક અને પ્રમાણપત્ર પ્રાપ્ત કરી વિશિષ્ટ સિદ્ધી મેળવેલ છે. અને માર્ચ -૨૦૧૨ ની એસ.એસ.સી. પરિક્ષામાં ઉચ્ચ માર્કસ સાથે સિધ્ધી મેળવી છે. **કુ. નિર્વિષા** પણ કિશોરભાઈ તથા જયોત્સ્નાબેનના સુપુત્રી છે. અને હાલે શ્રી માતૃછાયા કન્યા શાળા, ભુજમાં ધો.૧૧ (કોમર્સ) માં અભ્યાસ કરે છે.



એપ્રિલઃ૨૦૧૨માં T.Y.B.A. માં હિન્દી મુખ્ય વિષય સાથે ૭૨% ગુણ સાથે ઉચ્ચ સિધ્ધી પ્રાપ્ત કરેલ છે. તેમણે ગત વર્ષે શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીમાં ૯મો ક્રમ પ્રાપ્ત કરેલ. કુ. બિનલ હાલે શ્રી મુકત જીવન મહિલા કોલેજ, ભુજ ખાતે T.Y.B.A. માં અભ્યાસ પૂર્ણ કરેલ છે. કુ. બીનલ કેરા નિવાસી શ્રી બિપીનભાઈ સાકરીયા તથા મુક્તાબેનના સુપુત્રી છે.

ગ્રેજ્યુએટ થતાં વિદ્યાર્થીઓ માટે બેંકિંગ ક્ષેત્રે નોકરીની વિપુલ તકો ઉપલબ્ધ છે. દરેક સ્નાતક વિદ્યાર્થીઓને નીચેના પાંચ વિષયો ઉપર પ્રભુત્વ મેળવી લેવાનું જરૂરી છે. ત્યાર બાદ તે દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ફોર્મ ભરી પોતાની દાવેદારી નોંધાવી શકે છે અને જો આપ આપની કાબેલિયત પુરવાર કરી શકો તો આપના માટે ખૂબ જ મોકળુ મેદાન છે. આપની આવડતને એક નવો ઓપ આપવા માટે...

**1. Verbal Ability :** ભાષા પરનું પ્રભુત્વ ચકાસવા માટે મોટા ભાગે ત્રણ પ્રકારના પ્રશ્નોનો સમાવેશ થાય છે. Vocabulary કરવા માટે synmyms antonyms કે analogies પૂછવામાં આવે છે. ત્યારબાદ Paragraph reading કરી તેના આધારે પ્રશ્નોના જવાબ આપવામાં આવે છે. અને Fill in the blank કે spot an error જેવા પ્રશ્નો દ્વારા ગ્રામર પરનું આપનું પ્રભુત્વ ચકાસવામાં આવે છે.

**2. Quantitative Ability :** આ પ્રકારની પરીક્ષાઓમાં પ્રાથમિક ગણતરીઓ ઉપર ખૂબ જ ભાર આપવામાં આવે છે. જો કેલક્યુલેશન ઉપર કમાન્ડ ન હોય તો આ પ્રશ્નો પરીક્ષાનો મોટાભાગનો સમય વ્યર્થ કરી નાખે છે. જેથી કરીને દરેક પ્રકારના નિયમો, ગણતરીઓ, ટેબલ્સ વિગેરેનું મૂળભુત જ્ઞાન મેળવી પછી જ વાસ્તવિક છે. વિષયો પર જવું જોઈએ મોટાભાગે ધો.૭ થી ધો. ૧૦માં કવર થતાં ગણિતના તમામ Topics નો સમાવેશ થતો હોય છે.

**3. Reasoning Ability :** આ ટાઈટલ નીચે તર્કશક્તિને લગતા અનેકવિધ પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવે છે. જેમાં Critical Reasoning, Analytical Reasoning, Logical Reasoning અંતર્ગત લગભગ ૩૦ થી ૪૦ જેટલા વિવિધ વિષયો પર પ્રશ્નો પૂછવામાં આવે છે. જેને આપણે સાદી ભાષામાં Puzzles કે કોયડા કહી શકીએ.

**4. General Awareness :** વાસ્તવિક જીવનના વિવિધ વિષયો, વ્યવસાયિક જ્ઞાન, વાણિજ્ય જગતની સમજણ, ભારતના બંધારણની સમજ તથા અગત્યના ફેરફારો જેવા વિવિધ વિષયો પર ભાર મૂકવામાં આવે છે. જનરલ નોલેજ સારું કરવા રોજે રોજ ન્યુઝ પેપર તથા C.S.R કે Chronicle જેવા સારા મેગેઝીનોનો રેગ્યુલર અભ્યાસ કરવો ખૂબ જરૂરી છે. ઈન્ટરનેટ ઉપર પણ આ પ્રકારના અનેક પ્રશ્નો વિવિધ વેબસાઈટના રૂપે ઉપલબ્ધ છે. આમ, પ્રાથમિક જ્ઞાન મેળવી ઈન્ટરનેટનો ઉપયોગ કરી આપની માનસિક શક્તિઓને ખૂબ પાવરફુલ બનાવી શકો છો. મિત્રો, ઉદાહરણ તરીકે www.indiabix.com ની મુલાકાત લેજો. આનંદ આવશે. વધુ માર્ગદર્શન માટે સંપર્ક સૂત્ર **હિમાંશુ ઠક્કર** મો. ૯૮૭૯૩૦૧૦૦૪

## સમાજ ગૌરવ



### લાયચા શ્રુતિ જયંતિલાલ (કોટડા (જ))

લાયચા પરિવારની દીકરી **ચિ. શ્રુતિ જયંતિલાલ સોની** શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ કરી શિક્ષીકા બનવા જઈ રહી છે. એમકોમ. ૬૨.૬૦% તથા બી.એડ.માં ૮૮.૦૦% સાથે ઉત્તીર્ણ થઈ હાલ નખત્રાણા કોલેજમાં લેકચરર તરીકે નિમણુંક થયેલ છે.

'કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી' એ ન્યાયે ઈશ્વર કૃપાથી બહુ જ સારા પરિણામ સાથે પ્રગતિ કરેલ તે બદલ જ્ઞાતિસેતુ પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન સાથે આપના કાર્યક્ષેત્રમાં વિશેષ સફળતા પ્રાપ્ત કરી પરિવાર સાથે સમાજનું નામ રોશન કરો એવી પ્રભુ પાસે પ્રાર્થના સહ શુભેચ્છા..

## દેશભક્તિ



ભારતના જયપુર શહેરમાં આવેલા સેન્ટ્રલ પાર્કમાં ૨૦૬ ફુટની ઉંચાઈએ ભારતનો રાષ્ટ્રધ્વજ લહેરાઈ રહ્યો છે. જયપુર વિકાસ પ્રાધિકરણ અને ફ્લેગ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા દ્વારા સેન્ટ્રલ પાર્કમાં આ ધ્વજનું આરોહણ કરવામાં આવ્યું છે. ૨૪ ઓક્ટોબર, ૨૦૧૧ના રોજ રાજસ્થાનના મુખ્યમંત્રીશ્રી અશોક ગેહલોતના હસ્તે આ ધ્વજને જાહેર જનતા માટે લહેરાવવામાં આવ્યો છે. ધ્વજની લંબાઈ અને પહોળાઈ આશરે ૩:૨ છે.

લોકોમાં દેશપ્રેમ જાગ્રત થાય તે માટે જયપુર સેન્ટ્રલ પાર્કમાં દેશભક્તિના ગીતોના સૂરો રેલાય છે. જયપુર પોલીસ બેન્ડ દ્વારા આ સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે. જયપુર પોલીસ બેન્ડ દર રવિવારે સાંજે પાર્કમાં આવેલા લોકોને દેશપ્રેમના ગીતોની સુરીલી ધૂન સંભળાવે છે. ઘણા લોકો દેશભક્તિની આ સુરાવલિ રસપૂર્વક સાંભળતા જોવા મળ્યા છે.

# B.Sc. - Bio-Technology & Bio-Chemistry

**બાયોટેકનોલોજી એટલે શું ?**

બાયોલોજી - સજીવ સૃષ્ટિનું વિજ્ઞાન અને એન્જીનીયરીંગને ભેગા કરીને જે નવી ટેકનોલોજી વિકસાવવામાં આવી તે બાયો ટેકનોલોજી.

વનસ્પતિ, પ્રાણી, જીવજંતુ-સમગ્ર સજીવ સૃષ્ટિ આ ફિલ્ડમાં ગણાય છે. માનવજીવના કલ્યાણ માટે તેનો શ્રેષ્ઠ ઉપયોગ કઈ રીતે કરવો તેનું શિક્ષણ અહીં મળે છે.

**બાયોટેકનોલોજીમાં ક્ષેત્રો :** જિનેટીક એન્જીનીયરિંગ, DNA ટેકનોલોજી, જિનેટીક સાયન્સ, માઈક્રોબાયોલોજી, કેમિકલ્સ, બોટની, બાયોકેમેસ્ટ્રી, એગ્રીકલ્ચર, ફૂડ, ફાર્મસી, કેમીકલ ઈન્ડસ્ટ્રી, કમ્પ્યુટર સાયન્સ, બાયો ઈન્ફોર્મેટીક્સ - જેવા વિષયો તેના ક્ષેત્રમાં આવે છે. આવનારા વર્ષોમાં ભારતમાં તથા વિશ્વમાં આ ક્ષેત્રનો અભ્યાસક્રમ સુપરવનના સ્થાને પહોંચી જશે કારણકે માનવજાતને સતાવતા પ્રશ્નોનું નિરાકરણ કરવાની ક્ષમતા આ ફિલ્ડમાં રહેલી છે.

કમ્પ્યુટરના ઉપયોગ દ્વારા આ ક્ષેત્રનો વિકાસ થવાથી બાયોટેક ઈન્ડસ્ટ્રીઝમાંથી બાયો ઈન્ફોર્મેટીક્સ બન્યું છે. પરિણામે કેમિકલ એન્જીનીયરિંગ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને આઈ.ટી. અને કમ્પ્યુટર જેવા વિષયોને સાથે BSC કરવાથી રોજગારી અને સ્વરોજીના અનેકવિધ નવા નવા ક્ષેત્રો ઝડપભેર વિકસી રહ્યા છે.

BSC પછી MSC બાયોટેકનોલોજી, MSC કેમેસ્ટ્રી, MSC બાયો ઈન્ફોર્મેટીક્સ જેવા પોસ્ટ ગ્રેજ્યુએટો અને સ્વતંત્ર રીતે રીસર્ચ કરવા માટે કર્ણાટક, બેંગ્લોર ઉપરાંત ગુજરાતમાં બારડોલી, સુરત, આણંદ, રાજકોટ, અમદાવાદ જેવા સ્થળોએ આગળ અભ્યાસની તકો રહેલી છે.

**બાયો-કેમેસ્ટ્રી એટલે શું ?**

રસાયણશાસ્ત્ર અને સજીવસૃષ્ટિ - માનવ, પશુ-પંખી, જીવાત વિ.નો સમન્વય કરીને એક કોષ (Cell)માંથી શરીરના તેવા અંગો બનાવવા, અત્યાધુનિક પદ્ધતિઓ વડે જન્મ, ગર્ભમાં કે ગર્ભ બહાર થાય તથા વિકાસ થાય તે માટેની પદ્ધતિઓ, સંશોધનો આ ક્ષેત્રમાં કરવામાં આવે છે. માનવ, પશુ-વૃક્ષ વિ.માં નવા નવા રોગો, તેના પ્રતિકાર વિ. બાબતોનું સંસોધન આ ક્ષેત્રમાં થાય છે.

તેમાં શેલ બાયોલોજી, જેનેટીક્સ, મેટાબોલીઝમ, મોલેક્યુલર બાયોલોજી વિ.નો સમાવેશ થાય છે.

**આ ક્ષેત્રનું મહત્વ :** ધો. ૧૨ (Science) પછીની ઉજ્જવળ કારકિર્દી માટે ડોક્ટર કે એન્જીનીયર થવામાં છે તે વાત સાચી પરંતુ ડોક્ટરી કે એન્જીનીયરીંગ લાઈન જેટલું જ મહત્વ આજે ધો. ૧૨ (Science) પછી BSC કેમેસ્ટ્રી, બાયોલોજી, બાયો કેમેસ્ટ્રી, બાયો સાયન્સ, બાયો ઈન્ફોર્મેટીક્સ કરીને ત્યારબાદ MSC માં પ્રવેશ મેળવી શકો છો. MSC માં ઘનિષ્ઠ સંશોધન કરવા માટે ખૂબ જ અવકાશ રહે છે. મહેનતુ તથા દૃષ્ટિવાળા વિદ્યાર્થીઓને ફાર્મસી કંપનીમાં, રંગ રસાયણની વિવિધ કંપનીઓમાં વિ. એક જગ્યામાં સારા પગારથી બોલાવવામાં આવે છે.

**સૌજન્ય : કંસારા ટાઈમ્સ**

---

***અનુસંધાન પાના નં. ૯ ઉપરનું શેષ***

પિતાની વૃદ્ધાવસ્થામાં દીકરીના અવાજમાં માતૃત્વનો રણકો સંભળાય છે અને ક્યારેક લાકડીના ટેકે ધીમા પગલે ચાલતા પપ્પાને જુએ છે ત્યારે ધ્રાસકો અનુભવે છે કે પપ્પા પાસે નહિં હોઉં અને પપ્પાની તબિયત વધારે બગડશે તો... !

આમ દિવસના હજાર કામ વચ્ચે પણ દીકરીની આંખમાં પ્રેમાળ પિતાનો ચહેરો ચમકતો હોય છે. પપ્પાએ અમોને ક્યારેય ઓછું નથી આવવા દીધું.

દીકરીને બાળપણમાં તમે જેટલાં લાડ લડાવો છો તેટલા જ લાડ એ તમને વૃદ્ધાવસ્થામાં લડાવશે. કોઈવાર પતિદેવ એમ કહે છે કે ચાલ, તારા પપ્પાને ફોન કરી ખબર અંતર પૂછીએ. તો તે પત્ની રાજી રાજી થઈ જાય છે. પતિમાં એને પરમેશ્વર દેખાય છે.

છેલ્લે ઈશ્વરને પ્રાર્થના છે કે કોઈપણ દીકરીને એના પિતાથી એટલી બધી દુર ન મોકલતા કે કોઈ શિયાળાની કાતિલ ઠંડી, ચોમાસાની મેઘલી રાત હોય અને પપ્પાના છેલ્લા શ્વાસ હોય તો દીકરી પોતાના હાથનું ચમચી પાણી પણ ન પીવડાવી શકે. છેલ્લે પિતા પણ કહેતા હોય કે મારી દીકરીને તેડાવી લો, મારે એનું મોઢું જોવું છે, છેલ્લી વખત. ખરેખર જેઓ આ પૃથ્વી ઉપર દીકરીના મા-બાપ છે તેઓ ઈશ્વરની વધુ નજીક છે. આ પિતા પુત્રીના પ્રેમને મારા લાખ લાખ સલામ...

---

**What is Success ?**

One of the brilliant reply : it is when people search for you on google instead of facebook.

**Taught for the day :**

A leader must have courage to act against and expert's advice.

# ઉચ્ચ અભ્યાસ એડમીસન ટેસ્ટ અંગે - આગોતરી જાણકારી

## વિજ્ઞાન-ઈજનેરીમાં સિંગલ એન્ટ્રન્સ ટેસ્ટ

દેશભરમાં અંડરગ્રેજ્યુએટ સ્તરે સાયન્સ અને એન્જિનીયરિંગ કોલેજોમાં પ્રવેશ માટે પ્રસ્તાવિત સિંગલ એન્ટ્રેસ ટેસ્ટ ઈન્ડિયન સાયન્સ એન્ડ એન્જિનીયરીંગ ટેસ્ટ (ISEET) ઉપર નવી દિલ્હીમાં રાજ્યોના શિક્ષણ પ્રધાનોની બેઠકમાં મંજુરીની મહોર લાગી ગઈ છે. તેની સાથે જ આગામી વર્ષ ૨૦૧૩થી દેશમાં એન્જિનીયરીંગ માટે કોમન એન્ટ્રેસ ટેસ્ટની શરૂઆતનો રસ્તો સાફ થઈ ગયો છે. તામિલનાડુને બાદ કરતા લગભગ તમામ રાજ્યોએ આ ટેસ્ટ માટે પોતાની સંમતિ આપી છે. તેમાં ગુજરાતનો પણ સમાવેશ થાય છે. જો કે, પ્રધાનોની બેઠકમાં આ ટેસ્ટ માટે કેટલીક ચિંતાઓ અને આશંકાનો પણ વ્યક્ત કરવામાં આવી હતી.

એ ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકાર વિદ્યાર્થીઓ ઉપર ઘણી બધી કસોટીઓનો બોજો ઓછો કરવા અને વિદ્યાર્થીઓને કોચિંગની માયાજાળથી બચાવવા માટે સિંગલ ટેસ્ટ લાવી છે.

શિક્ષણ પ્રધાનોની બેઠકમાં માનવ સંશાધન વિકાસ પ્રધાન કપિલ સિંબલે કહ્યું કે, કેન્દ્ર સરકાર આ બેઠકમાં આવેલા રાજ્યોના સૂચનોના આધારે આ ટેસ્ટના માળખામાં કેટલોક ફેરફાર કરી ડ્રાફ્ટ નોટિફિકેસન આગામી બે માસમાં રજૂ કરશે. પછી તેના પર રાજ્યોના અભિપ્રાય લઈને તેના આધારે આખરી નોટીફિકેશન તૈયાર કરાશે.

સરકારની યોજના છે કે, ૨૦૧૩ના વર્ષમાં તમામ કેન્દ્રિય સંસ્થાનોમાં અને ૨૦૧૪ના વર્ષથી દેશભરના સંસ્થાનો (કોલેજો)માં આ ટેસ્ટના આધારે જ પ્રવેશ અપાશે.

**ISEET નું સ્વરૂપ :** સાયન્સ અને એન્જિનીયરીંગ કોર્સમાં પ્રવેશ માટે આ ટેસ્ટ માન્ય રહેશે. આ ટેસ્ટમાં આઈઆઈટી, આઈઆઈઆઈટી, એનઆઈટી, આઈઆઈએસ, ઈઆર, એનઆઈએસઈઆર, સહિત કેન્દ્રિય સંસ્થાનો, બધી એન્જિનીયરીંગ કોલેજો, રાજ્ય સરકારની કોલેજો, પ્રાઈવેટ કોલેજો, ડીમ્ડ યુનિવર્સિટી અને યુનિવર્સિટીઓ સામેલ થશે.

**ટેસ્ટની પેટર્ન :** ટેસ્ટ ૩ ભાગમાં હશે. ૧૨ મી બોર્ડના માર્કસની ટકાવારી, મેઈન ટેસ્ટ અને એડવાન્સ ટેસ્ટ આમાં માત્ર આઈઆઈટીમાં પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓએ જ એડવાન્સ ટેસ્ટ દેવી પડશે.

**મેરીટનો આધાર :** આમાં ૧૨મી બોર્ડ અને ટેસ્ટના આધારે મેરીટ બનશે. બંને વચ્ચેનો રેશિયો ૪૦:૬૦ નક્કી કરાયો છે. આઈઆઈટીમાં પ્રવેશ માટે ૧૨મી બોર્ડ અને એડવાન્સ ટેસ્ટના આધારે મેરીટ તૈયાર કરાશે. અથવા ૧૨ મી બોર્ડ. મેઈન અને એડવાન્સ બંનેના માર્કને આધાર બનાવાશે.

આ ટેસ્ટ અનુસાર રાજ્યો માટે મેરીટ યાદી બનશે. જેને આધારે રાજ્યોની કોલેજોમાં પ્રવેશ મળશે. રાજ્યોને પોતાને ત્યાં પ્રવેશ માટે ધોરણ-૧૨મી બોર્ડના માર્કસને કેટલું વેઈટેજ આપવું એ નક્કી કરવાની છૂટ અપાશે.

***સૌજન્ય : દિવ્ય ભાસ્કર***

***અનુસંધાન પાના નં. ૩૨ ઉપરનું શેષ***

રાજમાતા ભોજનમાં સાથ નહીં આપે. એ સભાખંડમાં એના અંગરક્ષકો સાથે આપણી રાહ જોશે.

'દુર્જન ... તુમ્હારા લશ્કર..' અફસરે એની પાઈપ ખંખરેતા પૂછ્યું.

'મારું લશ્કર હવે નગરની બહાર આવી ગયું હશે. આપણો સંદેશો મળતાં જ એ કોટનો કબજો મેળવવા હુમલો કરશે....'

'ઓ...ક કે...' કહેતો ગોરો અફસર ઉભો થઈ એના માટે ના ખાસ રૂમમાં ગયો. દુર્જન એના રૂમમાં ગયો.

મહેલની બહાર અસવારો પોતપોતાના સ્થળે થાક ઉતારતા બેઠા હતા. તેવામાં એક છોકરો, મોટી કિટલી લઈને આવ્યો.

''રામ.. રામ... ભડવીરો...'' કહેતા, એ એની કિટલી અને થેલામાં વાટકીઓ લઈને રસાલદાર પાસે બેઠો.

'હું આપ સહુને શકુન થાય તેવું ગોરા લોકોનું ગરમ ગરમ પીણું લઈ આવ્યો છું.' એમ કહી એ કિટલીનું પીણું વાટકીઓમાં ભરીને બધાને આપવા લાગ્યો.

એ ગરમ ગરમ પીણું બધાને ગમી ગયું. પછી તો એનો ચસકો લાગ્યો. એક પછી એક બધા વાટકીઓ ભરી ભરીને પીવા લાગ્યા. જોતજોતામાં કીટલી ખાલી થઈ ગઈ. છોકરો ખાલી કીટલી અને વાટકીઓ પાછી થેલામાં નાખી ચાલ્યો ગયો. રસ્તાનો થાક અને પીણાના નશાથી અર્ધ બેહોશીમાં બધા એમના ઓરડીઓમાં ઢાળેલા ખાટલાઓ પર લાંબા થઈ સૂઈ ગયા. રસાલદાર પણ એના રૂમમાં પલંગ પર આડે પડખે થયો.


*વધુ આવતાં અંકે...*

**પત્ની :** મને રૂા. ૨૦૦૦/- ની જરૂરત છે ફટાફટ આપો.
**પતિ :** તને રૂપિયાની નહીં અક્કલની જરૂરત છે !
**પત્ની :** પણ ! હું તો તમારી પાસે જે હોય એજ માંગુ ને ?

**ટીચર :** પરિક્ષાને હવે માત્ર બે જ દિવસ બાકી રહ્યા છે કોઈને કંઈ પણ પૂછવું હોય તો પુછી લો !
**એક વિદ્યાર્થી :** મેડમ ! પેપર કઈ પ્રેસમાં છપાય છે ?

# પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ


કાવ્ય જે. બિજલાણી
ભુજ
ધો. : K.G. A+


પાર્થ એચ. પોમલ
નરોડા
ધો. : SR. K.G. B+


ભવ્ય એસ. કટ્ટા
વિયોણ તા.નખત્રાણા
ધો. : ૧ ૧૦૦%


ધૈર્ય એસ. બુદ્ધભટ્ટી
ભુજ
ધો. : ૧ ૯૦.૯૦%


ભવ્યા એન. સોની
નરોડા
ધો. : ૨ ૯૬.૫૦%


એશા કે. ગુજરાતી
ભુજ
ધો. : ૨ ૯૧.૦૦%


મોહિત પી. પોમલ
--
ધો. : ૩ ૯૦.૫૦%


મીરા આર. કટ્ટા
નખત્રાણા
ધો. : ૩ ૯૧.૪૬%


રાહુલ કે. બારમેડા
નખત્રાણા
ધો. : ૪ ૮૧.૫૪%


વરૂણ કે. બીજલાણી
ભુજ
ધો. : ૫ ૮૩.૦૦%


રાજ એસ. કટ્ટા
વિયોણ તા.નખત્રાણા
ધો. : ૫ ૮૨.૦૦%


પ્રિત જી. સોની
ખેડબ્રહ્મા
ધો. : ૬ ૯૨.૯૦%


કૃણાલી પી. પોમલ
ભુજ
ધો. : ૬ ૯૦.૬%


પ્રિન્સી એચ. સોની
નરોડા
ધો. : ૭ ૯૭.૫૭%


હિનલ પી. પોમલ
અંજાર
ધો. : ૮ ૮૩.૦૦%


દિપ્તી એન. પરમાર
નલીયા
ધો. : ૧૦ ૯૪.૭૯%


દિપાલી એચ. બારમેડા
નલીયા
ધો. : ૧૦ A2


માનસી આર. કટ્ટા
--
ધો. : ૧૦ A2


કિંજલ એમ. સોની
ગાંધીધામ
ધો. : ૧૦ ૮૧.૦૦%


રીયા ડી. બારમેડા
ભુજ
ધો. : ૧૦ B1


મીત હરીશ બારમેડા
અંજાર
ધો. : ૧૧ A+


નીલ કિશોરભાઈ પોમલ
ભુજ
ધો. : ૧૨ B1


આશના ડી. બારમેડા
F.Y.B.Com
૬૧.૪૪%


હેન્સી એમ. બુદ્ધભટ્ટી
BBA Sem.-I
A+



ઓમ કે. પોમલ
--
JR.K.G. ૯૭.૦૦%



યશ્વી કમલેશ પોમલ
--
ધો. : ૪ ૮૭.૦૦%



યશ એ. બુદ્ધભટ્ટી
ભુજ
ધો. : ૫ ૮૦.૦૦%




નીલ આર. કટ્ટા
રાજકોટ
ધો. : ૬ ૯૬.૦૦%



મૈત્રી આર. કટ્ટા
--
ધો. : ૧૦ A1



અંકિત એમ. બુદ્ધભટ્ટી
અંજાર
ધો. : ૧૦ B1



રૂચિ એમ. બુદ્ધભટ્ટી
વિરાણી મોટી
ધો. : ૨ ૯૬.૨૦%



જીત ડી. બુદ્ધભટ્ટી
વિરાણી મોટી
ધો. : ૬ ૯૩.૧૮%



ધૈર્ય એલ. બુદ્ધભટ્ટી
વિરાણી મોટી
ધો. : ૮ ૯૧.૧૪%



રિદ્ધિ એલ. બુદ્ધભટ્ટી
વિરાણી મોટી
ધો. : ૧૨ ૮૨.૭૧%

## METRIMONIAL



**Name :** Kansara Arpana Dineshbhai

**Date of Birth :** 12th September 1987

**Birth Time :** 8:15 am (Rajkot)

**Janmakshar :** Manglik

**Height:** 5'1 **Weight :** 70kg

**By Cast :** Maru - Kansara (Parmar)

**Qualification :** Completed B.com & doing Fashion Designing from NIFD last year.

**Hobbies :** Listening Music, Reading

**Father :** Dineshbhai Jayantilal

**Grand Father :** Jayantilal Chatrabhuj Kansara (Rajkotwala) (Business of Silver Utensils & Gift Articles) JAY SILVER, 1, Supermall, C.G. Road, Ahmedabad - 9

**Mother :** Jashvantiben Dineshbhai (Housewife)

**Brother :** Kaushik Dineshbhai (Married at Jamnagar)

**Bhabhi :** Pooja Kaushikbhai (MBA from IIPM Ahmedabad)

**Sister :** Vanashree Dineshbhai (12''' std)

**Address :** "Manorath" 3, Devalayam Bunglow, Bh. SBl Bank, Iskcon-Ambli Road, Ambli, Ahmedabad -54.

**Contact Number:** 9328233317 (Dineshbhai) 8905033317 (Kaushik)

**Email :** info@jaysilver.in

## ગુજરાતી સામયિકો અંગેનો સેમિનાર

વૈચારિક અભિયાન દ્વારા જન જાગૃતિનું કાર્ય કરતી સેવા સંસ્થા લોકસેવા ટ્રસ્ટ અને સદ્‌વિચાર પરિવાર અમદાવાદ દ્વારા તા. ૨૪-૬-૨૦૧૨ના રોજ સમર્પણ વિદ્યાપીઠ ખાતે 'સાંપ્રત સમયમાં જનજાગૃતિ માટે સામયિકોની ભૂમિકા' વિષય ઉપરનો સેમિનાર સંપન્ન થયો. 'જનકલ્યાણ' ના તંત્રીશ્રી દેવેન્દ્ર ત્રિવેદી અને શ્રી અશોક દામાણીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ સેમિનારમાં ગુજરાતભરમાંથી ૧૫૦ સામયિકોમાં તંત્રી/ સંપાદકોએ હાજરી આપતી હતી. ('જ્ઞાતિ સેતુ'ના તંત્રીશ્રી હંસરાજ કંસારાએ આ સેમિનારમાં ભાગ લીધો હતો.)

ગુજરાતમાં સૌ પ્રથમ વખત યોજાયેલા આ સેમિનાર ્ગે માહિતી આપના લોકસેવા ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી અને સેમિનાર સંયોજક શ્રી ભીમજી નાકરાણીએ જણાવ્યું હતું કે આ સેમિનારનો વિચાર આવવાનું કારણ આવું હતું કે વિવિધ પ્રકારના સામયિકોની અંદાજીત કુલ નકલ ૨૫ થી ૨૭ લાખ જેટલી થવા જાય છે અને આ સામયિકો કે જે લોક ભોગ્ય છે, જાણીતા છે વંચાય છે. તેવા સામયિકોની સંખ્યા ૨૫૦ જેટલી થાય છે. આમ છતાં આ સામયિકોના તંત્રી, સંપાદક કે પ્રકસાક વચ્ચે આજ સુધીમાં ક્યારેય સંવાદ થયો નથી. પરસ્પર મળવાનું થયું નથી. આ વાતને ધ્યાનમાં લઈ સામયિકોના સંગઠન હેતુ અને તેના દ્વારા જનજાગૃતિનું કાર્ય કરવાના મુળભૂત ખ્યાલને કારણે સદ્‌વિચાર પરિવારના શ્રી પી. કે. લહેરી સાથે મળીને આ સેમિનારનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. સવારના ૯-૩૦ થી સાંજના ૪-૩૦ સુધી ચાલેલા આ સેમિનારમાં ધર્મ, સંપ્રદાય, જ્ઞાતિ, જાતિ, કોમર્શીયલ, પ્રોફેશનલ, હેતુલક્ષી અને સરકારી તમામ પ્રકારના ૧૫૦ જેટલા સામયિકોના સંપાદકશ્રીઓએ હાજરી આપી હતી.

સેમિનારના મહત્વના મુદ્દાઓ અંગે શ્રી નાકરાણીએ જણાવ્યં હતું કે આ પ્રસંગે ડો. વિદ્યુત જોષી, શ્રી વિષ્ણુ પંડ્યા (વિશ્વમેળો), શ્રી દીપક જોષી (નવનીત સમર્પણ), શ્રી રમેશ તન્ના (ગુજરાત ટાઈમ્સ), શ્રી કિશોર મકવાણા (નમસ્કાર), ડો. હર્ષદ પટેલ (આદિત્ય કિરણ), શ્રી શ્રેયસ પંડ્યા (સાહિત્ય મુદ્રાલય), શ્રી યશવંત મહેતા (બાળ આનંદ), શ્રી પી. કે. લહેરી (સુવિચાર), શ્રી અશોક દામાણી (જનજાગૃતિ), શ્રી જોરાવસિંહ જાદવ (કારડીયા બંધુ), શ્રી દિનેશ પટેલ (ઉમિયા પરિવાર), શ્રી સોમાભાઈ પટેલ (ધરતી), શ્રી રાજ ભાસ્કર (સાધના), શ્રી કલ્પેશ પંડ્યા (પાંચમી દિશા) અને શ્રી દેવન્દ્ર ત્રિવેદી (જનકલ્યાણ) સામયિકના પ્રકાશન, લેઆઉટ, ખર્ચ, માવજત, લવાજમ અને લેખકો અંગેની વાતચીત દ્વારા સૌને માર્ગદર્શન પુરુ પાડ્યું હતું.

આ સેમિનારની ફ્લશ્રુતિ સ્વરૂપ ગુજરાત કક્ષાનું સંગઠન બનાવવા તેમજ 'મેગેઝીન્સ કલબ' ની સ્થાપના કરી સામયિકોને વધુ સમૃદ્ધ બનાવી જન જાગૃતિના મોટા ગજાના કાર્યોને પાર પાડવા માટે સૌએ નિર્ણય કર્યો હતો. તેમજ સામયિકો અને લેખકોની એક ડિરેક્ટરી પ્રકાશિત કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું હતું.

સેમિનારને સફ્ળ બનાવવા માટે શ્રી અશ્વિન આણદાણી, મનુભાઈ વીરાણી, ચંદ્રકાંત ભુવા, ગોપાલ દવે, દિલીપભાઈ અને યોગેશ ગોસ્વામીએ સેવાઓ આપી હતી.

## બાબુભાઈ સોનીને ઘાટકોપર (મુંબઈ) કચ્છ રત્ન એવોર્ડ

કચ્છના નખત્રાણા તાલુકાના મંજલ ગામના સામાન્ય કુટુંબમાં ઉછરેલા બાબુભાઈ એન. સોનીએ તેમના સમગ્ર જીવનકાળ દરમ્યા સુવર્ણકારો અને સોના-ચાંદીના વેપારીઓના હકો માટ જબરદસ્ત લડત આપવામાં સિંહફાળો આપ્યો છે. હાલમાં ૮૧ વર્ષની વયે પણ તેઓ કેટલાંય સંગઠનોના હોદ્દાઓ પર સક્રિય છે. અષાડી બીજના દિવસે શ્રીમતી ઝવેરબેન પોપટલાલ સભાગૃહમાં શ્રી ઘાટકોપર કચ્છ-વાગડ વિકાસ સમાજ દ્વારા આયોજિત અને ઘાટકોપર ગુજરાતી સમાજ દ્વારા પ્રેરિત ઘાટકોપર કચ્છ રત્ન એવોર્ડથી તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

બાબુભાઈએ છેક ૧૧ વરસની ઉંમરથી જ સોનીકામ શીખવાનું શરૂ કરી દીધું હતું. ૧૬ વર્ષ મુંબઈ આવ્યા. ચાર વરસ એક શેઠને ત્યાં દુકાનમાં કામ કર્યું. છેલ્લા ૩૫ વર્ષથી ઘાટકોપરની રાજાવાડી વિસ્તારમાં સત્યમ જ્વેલર્સ નામનો શોરૂપ તેમના બે પુત્રો ચલાવે છે.

૧૯૬૩ના ગોલ્ડ કંટ્રોલના કાયદાને કારણે કારીગરો પર લાદવામાં આવેલા કડક નિયમોના કારણે મોટા વેપારીઓના હાથમાં ધંધો જતો રહ્યો અને નાના કારીગરોના પેટ પર જબરજસ્ત લાત વાગી. લગભગ ૨૫૮ સુવર્ણકારોએ બેકારીને કારણે આત્મહત્યા કરીને કંઈક કેટલાય લોકોએ ધંધો છોડી દીધો. બાબુભાઈ સોનીએ વખતે મુંબઈ સુવર્ણકાર સંઘર્ષમાં જોડાઈને આ કાયદા સામે ૨૮ વર્ષ સુધી સતત લડત આપી. બૃહદ મુંબઈના સુવર્ણકાર સંઘના પ્રમુખ ૧૨ વર્ષ રહ્યા. સંપૂર્ણ મહારાષ્ટ્રના સુવર્ણકાર સંઘના ઉપપ્રમુખ અને સંપૂર્ણ ભારત સુવર્ણકાર સંઘના મંત્રીપદે આજે પણ તેઓ સેવાઓ આપે છે.

૧૯૯૦માં ગોલ્ડ કંટ્રોલનો કાયદો રદ થયો. એક વર્ષ પછી દિલ્હીમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ઝૈલસિંહના હસ્તે તેમને સુવર્ણકાર ભૂષણનો ખિતાબ મળ્યો. ૨૦૦૪માં તેમની કામગીરી માટે અમૃતસરમાં તેમનું સન્માન કર્યું. મહારાષ્ટ્રના હજારો પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં મુંબઈમાં પણ તેમનું સન્માન થયું. તેઓ ૧૩૦ વર્ષ જુની સોનાની નવનીત સંસ્થા અને વાધેશ્વરી ટેમ્પલ ટ્રસ્ટના ટ્રસ્ટી છે.

# અમદાવાદને આંગણે કચ્છ સંસ્કૃતિ દર્શન

– હંસરાજ કંસારા


બૃહદ અમદાવાદમાં વસતા 'કચ્છશ્રુતિ' ના ઘણા વાંચકોને ઉપરનું ટાઈટલ વાંચીને કદાચ પ્રશ્ન થાય કે, અમદાવાદમાં 'કચ્છનું સંસ્કૃતિ દર્શન ?' એનો ઉત્તર છે, હા, હવે અમદાવાદમાં પણ કચ્છ સંસ્કૃતિની ઝલક માણી શકાય છે. વાત તદ્દન સાદી પણ સત્ય છે. કદાચ કેટલાક વાચકો એના વિષે જાણતા પણ હશે.

અમદાવાદમાં શાહીબાગ મધ્યે ગત ૧૪ એપ્રિલ, ૨૦૧૨ના રોજ કચ્છી વિશ્રામ ગૃહના પરિસરમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ સ્થાપિત 'કચ્છ સંસ્કૃતિ દર્શન' મ્યુઝિયમ ખુલ્લુ મુકાયું છે. 'કચ્છ મ્યુઝિયમ'ની વિગતે વાત કરતાં પહેલા કચ્છ પ્રદેશ અને એની વિશિષ્ટ લોકસંસ્કૃતિ વિષે થોડી પૂર્વ ભૂમિકા આવશ્યક છે.

ધીંગી ધરા : ભારતના ઉત્તર પશ્ચિમ છેવાડાના આ પ્રદેશના ઉત્તર અને પૂર્વ ભાગે અફાટ રણ છે. દક્ષિણ કંઠારે અરબી સમુદ્રનો ઉભાર છે. મધ્ય ભાગે પર્વતોની ધાર છે. અહીંની આબોહવામાં નમકીન ખુમાર છે.

ભૂસ્તર બંધારણ : ભૂસ્તર શાસ્ત્રીઓના મત પ્રમાણે, હજારો વર્ષ પૂર્વે, આ પ્રદેશ સમુદ્ર તળમાં હતો. પૃથ્વીની ભીતરની હલચલ થકી, કાળક્રમે ધરતીનો આ ટુકડો, બહાર ઉપસી આવ્યો, જેનું 'કચ્છ' નામ સ્થાપિત થયું. એનો વિસ્તાર ૪૨,૪૧૨ ચો.કિમી. છે. પૂર્વ-પશ્ચિમ લંબાઈ આશરે ૨૫૦ કિમી. અને ઉત્તર-દક્ષિણ પહોળાઈ આશરે ૮૦ કિમી. છે. દક્ષિણ-પશ્ચિમે અરબી સમુદ્ર છે. ઉત્તર ધાર (પચ્છમ)માં ૧૫૨૫ ફીટ ઊંચો કાળો ડુંગર છે. મધ્ય ધારે ૧૪૬૮ ફીટ ઊંચો ધિણોધર છે. દક્ષિણ ધારમાં 'નનામો' અને પશ્ચિમે 'ઝારો' ડુંગર છત

આ પ્રદેશમાં કોઈ બારમાસી નદી નથી. પુરાણો પ્રમાણિત સરસ્વતી નદીના કાંઈ સગડ નથી. સિંધુ નદીની પૂર્વ શાખા પણ સેંકડો વર્ષ પૂર્વે લુપ્ત થઈ ગઈ છે. પ્રો. રશબ્રુક વિલિયમ્સ એના પુસ્તક, 'Black Hills...' માં નોંધે છે કે, અગિયારમી અને બારમી સદી દરમ્યાન કચ્છના ભુસ્તરમાં થયેલા કુદરતી ફેરફારોને લીધે, કચ્છની ઉત્તરે જ્યાં વહાણો ચાલી શકે તેટલા પાણી હતાં, તે વિસ્તાર ક્ષારયુક્ત ખારા પાટમાં ફેરવાઈ ગયો. આ પ્રદેશમાં ગીચ જંગલોના અભાવે વરસાદ ઓછો અને અનિયમિત છે. ઈ.સ. ૧૮૧૯માં ભૂકંપે આ પ્રદેશની જીવન રેખા સમાન સિંધુ નદીની પશ્ચિમ શાખા, એનું વહેણ બદલી સીધી અરબી સમુદ્રમાં સરકી ગઈ. પરિણામે અહીંનો કેટલોક 'સુજલામ-સુફલામ' વિસ્તાર શુષ્ક થઈ ગયો.



**માનવ પદ સંચાર :** આવા આ વિશિષ્ટ પ્રદેશ, કચ્છની કાળક્રમે કઠોર થયેલી ધરતી પર માનવ સંચાર યુગો પહેલાંનો છે. અહીંના અનેક સ્થળોએથી મળેલા નદી અને સમુદ્ર બંનેના જીવાસ્મીઓ અને પાષાણયુગના હથિયારો એના પુરાવા છે. અહીંની આદિ વનવાસી કોમો ભીલ અને કોળી તેમજ સાગર તટે વસેલા માલમો અને માછીમારો હોવાનું અનુમાન છે. ત્યારબાદ અહીંના વિશાળ ખુલ્લા ઘાસીયા મેદાનોમાં, એમનાં ઢોર-ઢાંખરના ધણ સાથે, સિંધના સંધારો અને જતો અને ગુજરાત સૌરાષ્ટ્રના આભીરો અને રબારીઓ આવ્યા. રાજસ્થાન, ગુજરાત, માળવા અને છેક મકરાનથી લડાયક કોમો તેમજ કૃષકો, વ્યાપારીઓ અને કારીગરો આવ્યા. સમયાંતરે આ સમુદાયોની સંયુક્ત ઓળખ 'કચ્છી' થઈ અને એ 'કચ્છી'ની વિશિષ્ઠ સંસ્કૃતિનો આર્વિભાવ થયો.

**અનોખી સંસ્કૃતિ :** જે ભૂમિ પર માનવનો પ્રથમ પ્રાદુર્ભાવ કે સંચાર થાય, ત્યારથી કાળક્રમે, પ્રાકૃતિક અને માનવ-નિર્મિત ઉથલપાથલો વચ્ચે, માનવ-જીવનનું જે ઘડતર થતું રહે, તેને 'સંસ્કૃતિ' કહે છે. એમાં માનવ-નિર્મિત ચીજ વસ્તુઓ, એના હુન્નરો, ટેવો, વિચારો, મૂલ્યો વિ.ના સામાજિક વારસાનો સમાવેશ થાય છે. આ સંદર્ભે, કચ્છની જે આગવી લોકસંસ્કૃતિનો ક્રમિક વિકાસ થયો છે. તેની તવારીખી તસવીરો, ભુજના મ્યુઝિયમમાં પ્રદર્શિત છે અને હવે, અમદાવાદના કચ્છી વિશ્રામગૃહ પરિસરમાં સ્થાપિત કચ્છ મ્યુઝિયમમાં એના કેટલાક પ્રતિબિંબો આપણને જોવા મળે છે, તેનો સંક્ષેપ અત્રે પ્રસ્તુત છે.

વિશ્રામ ગૃહના સ્વાગતકક્ષની દિવાલો પર કચ્છનાં મધ્યકાલીન શિલ્પ સ્થાપત્યોની તસવીરો અને જમણા ખૂણે - કાષ્ઠ-શિલ્પ મંડિત પ્રવેશ દ્વાર આપણને 'મ્યુઝિયમ'ની મુલાકાત લેવા આકર્ષે છે. એ ખુલ્લા દ્વારની સામે દેખાતી આભલા મઢેલી લીંપણ સમૃદ્ધ કલાત્મક ભીંત, અને છાજલી પર કલાત્મક રીતે ગોઠવેલા સોનવર્ણા વાસણો, કચ્છી પ્રજાની સમૃદ્ધ સંસ્કૃતિની ચમક છતી કરે છે. પ્રવેશતાં જ ડાબે ખૂણે, કચ્છના 'રણ'ની ચાંદની મઢી મૌન તસવીર આપણા મનના તાર ઝણઝણાવી દે છે.

ત્યાંથી ડાબી તરફ જતાં, મ્યુઝિયમ હોલની ચોકોર દિવાલો પરની તસ્વીરો અને મધ્ય ભાગે કચ્છના કુશળ કારીગરોની કામણગારી કળા દર્શાવતા વિવિધ વસ્તુઓના નમુના છે.

આરંભે છે કચ્છનું માન ચિત્ર અને પછી જુઓ, કચ્છના આદિકાળ (જુરાસિક) યુગના



અસ્મિઓ અને ભુસ્તર નમૂના, પાષાણ હથિયારો તેમજ તત્સમયે કચ્છનું જીવન સમૃદ્ધ કરતો 'વહાણ-વૈભવ'.

એની પાછળ ઊભા છે અસ્ત થવાને આરે ઉભેલા વન્ય પ્રાણી ઘુડખર.



એના પછી કચ્છના સ્વતંત્ર ચલણના નમુના છે.

સાથે એના શાસક જાડેજા રાજવીઓની પ્રભાવી તસવીરો છે.



અહીંના પરંપરાગત વાજીંત્રોના સૂર અને એના વાદકો લોક હૈયાં તો ઠીક એમના ઢોરઢાંખરને પણ સમજાય છે એને એમને ડોલાવે છે. જાણે કહે છે કે ઘૂઘવતો સાગર, સુસવતો રણ અને ભાંભરતાં ઢોર ઢાંખરના માહોલમાં અમારા મોરચંગ સુરંદા અને જોડિયા પાવા આજ પણ બેમિસાલ છે.

ત્યારબાદ છે, વિવિધ કોમોના ત્રિપરિમાણી ડાયોરમા જે કચ્છના તળપદા જનજીવનની ઝાંખી કરાવે છે.

**કચ્છનો પચરંગી જનસમુહ :**

**જત સમુહ :** એમનું મૂળ ઈરાનનો સૈફ પ્રદેશ છે. તેઓ સિંધ થઈને કચ્છમાં આવી વસ્યા છે. વાને ગોરા, ઊંચી કદ-કાઠી, લાંબુ નાક અને પાતળા હોઠ એમની ખાસ ઓળખ છે. જત મહિલાઓ ઘરકામ અને પશુ દેખરેખ ઉપરાંત ભરતકામ માટે મશહુર છે. જત લોકોની ભાષા સિંધી છાંટવાળી છે.

**રબારી :** લંબગોળ ચહેરો, ઘઉંવર્ણ, ભૂરી આંખો અને ઊંચુ કદ આ કોમના સ્ત્રી-પુરુષોની આગવી પહેચાન છે. ગૌરવર્ણી રબારણોના ઘાટીલા વદન અને બદન પર છૂંદણા અને કાંડે હાથીદાંતના 'ચુડલા' વિશેષ ધ્યાન ખેંચે છે.

**આહિર :** આ કોમના સ્ત્રી-પુરુષોની કદ-કાઠી ઊંચી અને નેણ-નકશ સપ્રમાણ હોય છે. વ્યવસાયે અસલમાં તેઓ ગોપાલક છે પરંતુ હવે ખેતી તેમજ અન્ય વ્યવસાય સાથે સંકળાયેલા છે. જત કોમના ભૂંગા અને આહિર, રબારી કોમના ઘરોનું કલાત્મક લીંપણ અને ગૃહ સુશોભન, પરંપરાગત વેશભૂષા અને સોના ચાંદીના આભૂષણો, 'કચ્છ-વિશિષ્ટ' લોકસંસ્કૃતિના સૂચક છે.

**પરંપરાગત - હસ્તકલા :**



**ભરતગૂંથણ :** કચ્છની મહિલાઓને આ આવડત ગળથૂંથીમાં મળી છે. એના વિશેષ પ્રકારો સૂફી, આરી, રબારી, આહિર, બાવળિયા અને મશહુર બન્ની ભરત કચ્છની 'કામોઠી' મહિલાઓની 'કલાસુઝ'ના પ્રમાણ આપે છે.

**રંગ છપાઈકામ :** કચ્છના 'રંગ કસબી' ખત્રીઓ આ પ્રદેશના જીવનને 'રંગીન' બનાવવા કાપડને કલ્પનાતીત રંગ અને રેખા સભર બનાવે છે. જેમાં કચ્છની 'અજરખ' અજોડ છે. બાટીક-બ્લોક અને બ્રશ પ્રિન્ટ તેમજ ઊન પર રોગાન અને નામદા પેઈન્ટીંગના આકર્ષક નમુના, આ મ્યુઝિયમમાં જોવા મળે છે.

**કટાવ અને પેચવર્ક :** કચ્છીઓની કરકસર યુક્ત કલાકારી એમના જીવનમાં અવનવા રંગો ભરે છે. તેના પ્રમાણ છે. 'એપ્લિક' અને 'કટાવ' કામ વપરાયેલા કાપડના સપ્રમાણ ટુકડા જોડી બનાવેલી 'ધડકી' અને બારસાખે લટકણિયા એની સાબિતીરૂપ છે.

**વણાટ કામ :** હાથશાળ અને ખરડ વણાટ કચ્છના વણકરોનો જૂનો ગૃહઉદ્યોગ છે. કચ્છી વણાટની શાલની 'વૈશ્વિક' ઓળખ છે. જેનો નમૂનો અહીં છે.

**લાખકામ :** કચ્છના વાઢા હરિજનો રોજિંદા વપરાશની લાકડાની વસ્તુઓને ખરાદ પર ચડાવી લાખની મદદથી ચટકીલા રંગો વડે સજાવે છે. વેલણ અને અન્ય ઘરવપરાશની વસ્તુઓ તેમજ રમકડાંના નયનરમ્ય નમુના અહીં જોવા મળે છે.

**માટીકલા :** કચ્છના આમજીવન સાથે ઓતપ્રોત થયેલી માટી અને કાષ્ઠ કલાનું અનોખું સ્થાન છે. 'રાંધણકા' બાળકોના રમકડાં... રણવાટે તરસ છીપાવવાના માટીના ચંબુ, ઘર-ઘરના ઘરેણાં સમાન તાવડી, માટલા, કથરોટ અને કૂંડાથી ભલા કોણ અજાણ હશે ? આદિકાળથી 'સંસ્કૃતિના સૂચકો તરીકે ખોદકામ કરી મેળવેલા ઠીકરાના થોડા નમૂના અત્રે પ્રદર્શિત છે.'

**આસ્થાના પ્રતિકો :** કચ્છની ધીંગી ધરાના ધરણીધર સમા વિવિધ કોમોની આસ્થાના પ્રતિકોના દર્શનીય સ્થળોની મનગમતી તસવીરો મ્યુઝિયમનું અનેરું આકર્ષણ છે.

**વન્ય સૃષ્ટિ :** અને અહીં પ્રસ્તુત છે કચ્છની વૈવિધ્યસભર વન્ય સૃષ્ટિ જેમાં ઔષધીય વનસ્પતિનું બાહુલ્ય દર્શાવતી તસ્વીરો છે. **પ્રાણી સૃષ્ટિ અને પક્ષીઓ :** કચ્છના વન્ય પ્રાણીઓની તેમજ કચ્છના સ્થાનિક અને યાયાવર પક્ષીઓની વિવિધ રંગબેરંગી તસવીરો આપને આ સૃષ્ટિનો આબેહૂબ પરિચય કરાવશે.

***— સૌજન્ય : કચ્છશ્રુતિ***

# મન મોહી લેતું મેઘધનુષ્ય

**મેઘધનુષ્ય એટલે શું ?**

જ્યારે સૂર્યનો પ્રકાશ હવામાં રહેલા પાણીના ટીંપા પર પડે ત્યારે પરાવર્તન વક્રીભવનના સિદ્ધાંતને લીધે સૂર્યનો પ્રકાશ સાત રંગોમાં વિખરાઈ જાય છે. પછી સાત રંગોનું સુંદર મેઘધનુષ્ય બને છે.

**ક્યારે બને છે ?**

મિત્રો, તમે મેઘધનુષ્યમાં સાત જુદા જુદા રંગ જેવા કે, જાંબુડિયો, નીલો, વાદળી, લીલો, પીળો, નારંગી, રાતો જોવા મળે છે. પણ આ મેઘધનુષ્ય ક્યારે બને છે એ તમે જાણો છો ? કેમ શિયાળા અને ઉનાળામાં મેઘધનુષ્ય નથી દેખાતું તો દોસ્તો, ચોમાસામાં વરસાદની સાથે સાથે સ્વચ્છ આકાશ અને સૂર્યપ્રકાશને લીધે આ સપ્તરંગી દૃશ્ય રચાય છે.

**સૂર્યાસ્ત સમયે જ કેમ દેખાય ?**

જ્યારે પશ્ચિમ દિશામાં સૂર્ય આથમે છે એ સમયે મેઘધનુષ્ય પૂર્વ દિશામાં રચાય છે. છે ને અદ્‌ભૂત દૃશ્ય ! ખરેખર તો આ મેઘધનુષ્ય સંપૂર્ણપણે ગોળ હોય છે પરંતુ પૃથ્વીની ગોળાઈને લીધે આપણને તે અર્ધવર્તુળાકારે દેખાય છે.

**મેઘધનુષ્યના પ્રકાર**

મુખ્ય અને ગૌણ એમ બે પ્રકારના મેઘધનુષ્ય હોય છે. મુખ્યમાં અંદરની તરફ જાંબુડિયો રંગ જ્યારે બહારની તરફ લાલ રંગ અને ગૌણમાં લાલ રંગ અંદરની તરફ તો જાંબુડિયો બહારની તરફ જોવા મળે છે.

મિત્રો, માત્ર મેઘધનુષ્ય જ નહીં, એ સિવાય મૂન-બો, ક્લાઉડ-બો અને ફોગ-બો જેવા વિવિધ પ્રકારના ધનુષ્ય આકાશમાં રચાય છે.

**મૂનબો (ચાંદલિયું ધનુષ્ય)**

મેઘધનુષ્ય જેવું દેખાતું મૂન-બો ચાંદનીથી બને છે. ચંદ્રના કિરણો પાણીના ટીંપા પર પડવાથી તેની તીવ્રતા ઓછી થઈ જાય છે. આ કારણસર જ મેઘધનુષ્યના રંગો કરતા મૂન-બોના રંગ ઓછા હોય છે.

**ક્લાઉડ-બો (વાદળિયું ધનુષ્ય)**

જે પાણીના ટીંપાથી આ ધનુષ્ય બને છે તે ટીંપા ખૂબ નાના હોય છે અને આ પાણીના ટીંપા એકબીજામાં ભળી જવાથી સફેદ રંગનું સુંદર ધનુષ્ય બને છે જેને વાદળિયું ધનુષ્ય કહેવાય છે.

**ફોગ-બો (ધુમ્મસિયું ધનુષ્ય)**

ક્લાઉડ-બોના ટીંપા કરતા થોડા મોટા અને રેઈન-બો કરતા નાના ટીંપાથી ફોગ-બો બને છે. આ ધનુષ્યમાં રંગ તો દેખાય છે. પણ બહુ આછા એટલા માટે જ આ પ્રકારના ધનુષ્ય આપણે નરી આંખે જોઈ શકતા નથી. સૌથી સુંદર રંગ માત્ર મેઘધનુષ્યના જ હોય છે.

## મેઘધનુષ્યનો છેડો તો મળ્યો પણ સોનાનો ઘડો ક્યાં ?

***બાળદોસ્તો, આ વર્ષે વરસાદ થોડો મોડો થયો છે, પરંતુ આગાહી મુજબ આવશે જરૂર અને આગામી માસ દરમ્યાન વાદળાં વરસી જાય, આભ ચોખ્ખું થાય ત્યારે દૃષ્ટિ ફેલાવજો કદાચ મેઘધનુષ્યનો અદ્‌ભુત નજારો જોવા મળે. અને ત્યારે આ લેખને યાદ કરજો. જો કે તેના છેડો દેખાવો કે ત્યાં પહોંચવું તો લગભગ અસંભવ હોય છે એટલે સોનાના ઘડાની ચિંતા ન કરતાં મેઘધનુષ્યનું દૃશ્ય જ ખરેખર સુવર્ણ કળશ છે.***

એવી માન્યતા છે કે ધવલ આકાશને સાત રંગોથી સજાવતું મેઘધનુષ્ય જ્યાં પુરુ થાય છે, ત્યાં જમીનમાં સોનાનો ઘડો દાટેલો હોય છે. મોટાભાગના લોકોએ મેઘધનુષ્યને જોયું હશે પરંતુ તેનો છેડો ક્યાં છે તે જાણી નહીં શક્યા હોય. તાજેતરમાં કેલિફોર્નિયાની ઓરેન્જ કાઉન્ટીમાં એક વ્યક્તિએ ધોરીમાર્ગ પર મેઘધનુષ્યનો છેડો તો શોધી કાઢ્યો પરંતુ તેને સોનાનો ઘડો ક્યાંય મળ્યો નહી.

ઓરેન્જ કાઉન્ટીમાં એક વ્યક્તિ વરસાદી વાતાવરણમાં જેસન એર્ડકેમ્પ ૨૪૧માં ટોલ રોડ પર સાન્તા એનાની પર્વતમાળાઓ પાસેથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે તેણે માર્ગ પર મેઘધનુષ્યનો છેડો જોયો. જેસને પળવારની પણ ઢીલ કર્યા વગર પોતાના આઈફોનમાં આ દુર્લભ ક્ષણને કેદ કરી લીધી. જો કે મેઘધનુષ્ય પુરુ થતું ત્યાં જેસનને સોનાનો કોઈ ઘડો તો ન મળ્યો પરંતુ તે દિવસે તેને ૨૫ ડોલરની લોટરી જરૂર લાગી હતી ! તેને મેઘધનુષ્યના છેડામાં એટલો રસ પડ્યો કે તેની ગતિ સાથે તે પોતે પણ આગળ વધી મેઘધનુષ્યના સ્થળાંતરની ઝડપ માપવાની પણ એણે કોશિષ કરી. જેસને જણાવ્યું હતું કે મેઘધનુષ્યનો છેડો ઘણો ઝડપથી આગળ વધી રહ્યો હતો. તેની ઝડપ લગભગ ૨૦ થી ૩૦ માઈલ પ્રતિ કલાક હતી. તે સતત પાંચ મિનિટ સુધી મેઘધનુષ્યના છેડા સાથે આગળ વધી શક્યો હતો.

તરૂણ વાર્તા

# શતરંજના ખેલ

હંસરાજ કંસારા

**ગત અંક સુધીમાં આપણે વાંચ્યું....**

*એક રાજા શતરંજના ખેલમાં એના તરૂણ નોકર સુકાળથી હારી ગયો. શરત મુજબ સુકાળને શતરંજના પ્રથમ કોઠામાં એક દાણો અને પછી પ્રત્યેક કોણમાં બમણા થતા જાય તેટલું અનાજ આપવાનો રાજાએ હુકમ કર્યો. રાજાના આ હુકમનો દિવાન અમલ કરી શકે તેમ નહોતો કારણકે, રાજ્યનો અન્ન ભંડાર એના કાવતરાનું થાણું હતું. દિવાને ભંડારમાંથી બહાર જતા ભોંયરા વાટે પાડોશના જાગીરદાર અને ગોરા અમલદારની મદદથી શસ્ત્રો મંગાવી રાખ્યા હતા. અને એ ભોંયરાની પછી તે રાજમહેલમાં જતા ભોંયરા વાટે એ મહેલમાં સશસ્ત્ર સૈનિકો લાવી, રાજાને બંદી બનાવવાનો હતો અને સાથે સાથે એજ દિવસે બહારથી હૂમલો કરી. નગર કબજે કરવાનો હતો. એટલે એણે સુકાળને સોમવતી અમાસને રોજ અનાજ લઈ જવા સૂચના આપી હતી.*

*સુકાળ રાજમાતાનો પણ વિશ્વાસુ નોકર હતો. નગરની બહાર મહાકાલીના પુરાણા મંદિરનો પુજારી રાજ પરિવારનો હિતેચ્છુ હતો રાજમાતા અને પૂજારી વચ્ચે સુકાળ કડીરૂપ હતો. દિવાનની ચાલથી વાકેફ આ ત્રણે. તેમજ સુકાળના બે અન્ય સાથીઓએ મળીને ચાલ નિષ્ફળ કરવાનું પુરુ આયોજન કરી લીધુ હતું, જેના ભાગરૂપે સુકાળ સોમવતી અમાસના રોજ એની વણઝાર સાથે ભંડાર પાસે આવી ગયો. ભંડારીએ એને ભંડારની બહાર રહેવા અને એ હુકમ કરે. ત્યારે જ અનાજ લેવા અંદર આવવાની સૂચના આપી.*

**હવે આગળ વાંચો......**

રાજમહેલ નગરની મધ્યમાં હતો. એની એક તરફ ગઢરાંગને લગતો વિશાળ અન્ન ભંડાર હતો. બીજી તરફ નગરની વિભિન્ન વસાહતો હતી. મહેલના પ્રવેશ દ્વારથી ગઢના નાકા સુધી જતો સીધો રાજમાર્ગ હતો.

મહેલના ટાવરમાં સવારના અગિયારના ટકોરા દૂરથી આવતી બગી અને ઘોડાના ડાબલાના અવાજ સાથે ભળી ગયા. રાજમાર્ગ પર આવતા જતા નગરજનો સડકની બંને કોરે સરકી ગયા. દબડાક દબડાક કરતી આગંતુકોની સવારી રાજમહેલના પ્રવેશ દ્વારે પહોંચી ગઈ. દ્વારપાળો સાબદા થયા. મહેલના તોતીંગ દરવાજા ખુલ્યા. દીવાન એના સાથીઓ સાથે બગી આગળ આવ્યા. બગીમાં લશ્કરી લીલાશ ધારી બે વ્યક્તિઓ બેઠી હતી. દિવાને એમનું સ્વાગત કર્યું. પ્રથમ ગોરો અફસર બગીથી નીચે ઉતર્યો. એના ભારી ભરખમ શરીરે ધરતી ધ્રુજાવી ઘોડા હણ હણ્યા. ગોરા અફસરે માથા પરથી સોલા હેટ ઉતારી ડાબી બગલમાં દબાવી. એની ઝીણી માંજરી આંખો દિવાનને તાકતી રહી. દિવાનના સ્વાગત શબ્દોના પ્રતિભાવે, એણે એનો જમણો હાથ દીવાન તરફ લંબાવ્યો. એના પાતળા હોઠેથી તીરની માફક શબ્દો છૂટ્યા. 'ગુડ ડે, દિવાન...'

'જી સર...' દિવાને એનો જમણા હાથ આગળ ધર્યો. અફસરના પોલાદી પંજામાં દબાયેલી એની હથેળી પળવાર માટે સૂન્ન થઈ ગઈ. ગોરા અફસર સાથે બીજી જે શ્યામ વ્યક્તિ હતી. એના તરફ જોઈ, દિવાને ઝટપટ અફસરની પકડ છોડાવી, એની પાસે ગયો. શિષ્ટાચાર મુજબ એને ભેટીને એનું સ્વાગત કરતાં કહ્યું 'જય અંબે..' ...... મહારાજશ્રી દુર્જનસિંહજી, આપનું પણ હું અમારા મહારાજ વતી ભાવપૂર્વક સ્વાગત કરું છું.

માથે છોગાડો સાફો, વાંકડી મૂંછો, લાંબો કોટ અને સૂરવાલ ધારી કરડા ચ્હેરાવાળા એ કદાવર પુરુષને શિષ્ટાચાર મુજબ ભેટતાં, એના કોટ નીચે ખોડેલી રિવોલ્વર દિવાનને ખૂંચી.

દ્વારપાળ રસાલાને રાજમહેલની બાજુના વિશાળ ચોગાનમાં ઘોડાર તરફ દોરી ગયો. ત્યાં અસવારોએ એમના ઘોડા પલાણ્યા. ઘોડારની સામે બેઠા ઘાટના મકાનમાં અસવારો અને હવાલદારનો ઉતારો હતો. દ્વારપાળેએ બધાને ત્યાં વિરામ કરવા બેસાડ્યા. હુક્કા પાણીની વ્યવસ્થા કરી અને કહ્યું કે ભોજનની વ્યવસ્થા મહેલમાં જ કરી છે. સમય થતાં બોલાવવા આવશે.

દિવાન મહેમાનોને એમના માટે ખાસ સજાવેલા અતિથી ગૃહમાં દોરી ગયો.

'આપ થોડો આરામ કરો, બાર વાગે મહારાજ સાથે ભોજન ખંડમાં મુલાકાત થશે...' દિવાને કહ્યું.

ગોરા અફસરે આરામ ખુરશીમાં જમાવ્યું. દીવાન અને મહેમાન એમની સામેના સોફામાં ગોઠવાયા. ગોરા અફસરે એની પાઈપમાં તમાકુ ભરી ડાબા હાથે પાઈપ મ્હોમાં મૂકી, જમણે હાથે લાઈટર પાઈપના મુખ આગળ ધર્યું. આગની પાતળી સેર થઈ, જેને અફસરે ઊંડા શ્વાસ સાથે ખેંચી. સળગેલી તમાકુની વાસ સાથે ધુમ્રસેર આસપાસ વેરાઈ ગઈ.

'મુદ્દે કી વાત કરો' અફસરે કહ્યું.

'દુર્જનસિંહજીના સો સૈનિકો - ભોંયરા વાટે મહેલ સુધી આવી ગયા છે.' મારા બે માણસો ત્યાં તહેનાત છે. મારો ઈશારો થતાં જ એ ભોયરાનું દ્વાર ખોલી નાખશે. એ લોકો તરત જ સુરક્ષા સૈનિકોને બંદુકની નળીએ અટકમાં લઈ, શસ્ત્રાગાર ઘેરી લેશે. આપના રસાલાના સૈનિકો ભોજન બહાને અંદર આવી ભોજન ખંડ ફરતે પડદા પાછળ ખુલ્લી બારીઓમાં ગોઠવાઈ જશે. ભોજન પછી આપણું અહીંનું અંતિમ કામ ત્યાં જ પુરું થશે'

'રાજા અને રાજમાતાના અંગરક્ષકોનું શું ?' દુર્જનસિંહે પૂછ્યું.

'અહીંના રિવાજ મુજબ અંગરક્ષકો ભોજન ખંડની બહાર જ ઉભા હશે. ત્યારે આપણા સૈનિકો એમને ઝબ્બે કરી લેશે..'

'રાજ માટા કા બંદોબસ્ત ?' ગોરા અફસરે ધુમાળો ઓકતાં, પૂછ્યું.

**અનુસંધાન પાના ૨૫ ઉપર**